પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૫-૦૩-૨૦૨૬-બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક



# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૮૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ઈરાન વિરુદ્ધનું યુદ્ધ જીતી લીધુ હોવાનો ટ્રમ્પનો દાવો

## અમોએ યુદ્ધ જીતી લીધુ છે, ઈરાન પરમાણુ હથિયાર ન રાખવા સંમત થયું હોવાના નિવેદન સાથે ટ્રમ્પે કહયું ઈરાને અમેરિકાને કિંમતી ભેંટ આપી છે

**નવી દિલ્હી, તા. ૨૫**

ઈરાન સામેના યુદ્ધમાં પાંચ દિવસનો 'વિરામ' લાવી શાંતિ માટેની વાટાઘાટો માટે અમેરિકા-ઈરાન આગળ વધી રહ્યા છે તેવા દાવા બાદ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટી જાહેરાતમાં તેઓએ દાવો કર્યો કે ઈરાન હવે અમેરિકા સાથે કરાર કરવા આતુર છે અને ઈરાન તરફથી એક કિંમતી ભેટ આપી છે.

જેમાં ઈરાન ભવિષ્યમાં પરમાણુ હથિયાર ન બનાવવા રાખવા સંમત થયુ છે. જો કે ઈરાન તરફથી હજું કોઈ સતાવાર પ્રત્યાઘાત આવ્યો નથી. ટ્રમ્પે આ જંગ જીતી લીધાનો દાવો પણ કર્યો હતો અને જણાવ્યું કે ઈરાન પાસે હવે અમેરિકાના વિમાનોને રોકવાની ક્ષમતા નથી.ટ્રમ્પે એવો પણ દાવો કર્યો કે ઈરાનની ભેટ હાર્મુઝ જળમાર્ગ અંગેની પણ છે અને વિશ્વાસ દર્શાવ્યો કે તેઓ ઈરાનમાં યોગ્ય વ્યક્તિઓ સાથે વાતચીત ચાલી રહી છે. જેઓ આ યુદ્ધનો અંત ઈચ્છતા નથી.જો કે ઈરાને ફરી એક વખત દાવો કર્યો કે યુદ્ધ રોકવા અંગે અમેરિકા સાથે કોઈ વાટાઘાટ ચાલતી

અનુસંધાન પાના ૭ પર



## ઈરાને પાક.ના જહાજને હોર્મુઝ પાર કરતાં રોક્યું

આજે અમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધનો ૨૬મો દિવસ છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ પાકિસ્તાનના કરાચી જઈ રહેલા એક જહાજને હોર્મુઝ સ્ટ્રેટ પાર કરતાં અટકાવ્યું.IRGC નેવી કમાન્ડર અલીરેઝા તાંગસિરીએ જણાવ્યું હતું કે "સેલેન" નામના જહાજને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની પરવાનગી નહોતી. તેમણે ઉમેર્યું હતું કે આ માર્ગે પસાર થતા દરેક જહાજને પહેલા ઈરાની અધિકારીઓની પરવાનગી લેવી પડશે.આ ઘટના ત્યારે બની જ્યારે પાકિસ્તાન સંઘર્ષમાં મધ્યસ્થી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફે ગઈકાલે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પઝશકિયાન સાથે ફોન પર વાત કરી હતી.દરમિયાન, યુદ્ધ શરૂ થયા પછી પાંચ ભારતીય LPG અને તેલ ટેન્કર હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થયા છે. આમાં જગ વસંત, પાઈન ગેસ, શિવાલિક, નંદા દેવી અને જગ લાડકીનો સમાવેશ થાય છે.

## અમેરિકા-ઈરાન વચ્ચે પાક.માં મંત્રણા યોજાશે

**અમેરિકાના ઉપપ્રમુખ જે.ડી.વાન્સ ઈસ્લામાબાદ જશે**

નવી દિલ્હી, તા. ૨૫

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત અને ઈરાનના મૌન વચ્ચે એક ચેનલ ડિપ્લોમસી ચાલુ જ હોવાના સંકેત છે અને અમેરિકા ઈરાન વચ્ચે પાકિસ્તાનમાં મંત્રણા યોજાય તથા અમેરિકાના વાઈસ પ્રેસીડેન્ટ જે.ડી.વાન્સ આ વાટાઘાટમાં અમેરિકી નેતૃત્વ કરે તેવા સંકેત છે.

તો ઈરાન તરફથી શક્તિશાળી સંસદ અધ્યક્ષ મોહમ્મદ બર્કર કવાલીબાફ વાટાઘાટમાં જોડાય તેવી ધારણા છે. જે.ડી.વાન્સ આગામી સમયમાં પાકિસ્તાન પહોંચી શકે છે. તેઓએ ગઈકાલે ઈઝરાયેલના વડાપ્રધાન શ્રી બેન્જામીન નેતાન્યાહુ સાથે વાત કરી હતી.પાકના વડાપ્રધાન શાહબાઝ શરીફે પણ સોશ્યલ મીડીયા પોસ્ટમાં ઈરાન-અમેરિકા વચ્ચેની વાટાઘાટનું યજમાન બનવા પાકિસ્તાન તૈયાર હોવાનો દાવો કર્યો હતો. જો કે પ્રમુખ ટ્રમ્પે આ અંગે કોઈ સંકેત આપ્યો નહી પણ ડિપ્લોમેટીક સૂત્રોના જણાવ્યા મુજબ આગામી સપ્તાહે ઈસ્લામાબાદમાં આ વાટાઘાટ યોજાઈ શકે છે. ઈરાને ટ્રમ્પના જમાન જેરેડ કુશનર સાથે વાટાઘાટનો ઈન્કાર કરતા જે.ડી.વાન્સ ચિત્રમાં આવ્યા હતા.

## કુવૈતના એરપોર્ટ પર ઈરાનનો ડ્રોન હુમલો

### ઈરાન સમર્થીત ઈરાકી ઉગ્રવાદી ગ્રુપે ૨૩ અમેરિકી ઠેકાણા પર હુમલા કર્યા

**નવી દિલ્હી, તા. ૨૫**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો આજે ૨૬મો દિવસ છે. ઈરાને આજે કુવૈતના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડ્રોન હુમલો કર્યો, જેના કારણે ત્યાં હાજર ફ્યુઅલ ટેન્કમાં આગ લાગી ગઈ હતી.

કુવૈતની સેનાએ વળતો હુમલો કર્યો છે. તેમણે કહ્યું કે જો ક્યાંક ધડાકાનો અવાજ સંભળાઈ રહ્યો છે, તો તે દુશ્મનના ડ્રોન અને મિસાઈલોને હવામાં જ તોડી પાડવા (ઈન્ટરસેપ્ટ)ને કારણે છે.

સેનાએ લોકોને અપીલ કરી છે કે તેઓ સરકારના સુરક્ષા નિર્દેશોનું પાલન કરે. આ પહેલાં કુવૈતના નેશનલ ગાર્ડે જણાવ્યું કે તેણે પોતાના વિસ્તારમાં ૫ ડ્રોન તોડી પાડ્યા છે.



બીજી તરફ, ઈરાકના એક ઉગ્રવાદી જૂથ ઈસ્લામિક રેઝિસ્ટન્સ ઈન ઈરાકે જણાવ્યું છે કે તેણે છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકા સંબંધિત ઠેકાણાઓ પર ૨૩ હુમલા કર્યા છે.ઈરાનના શિક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨૮ ફેબ્રુઆરીથી યુદ્ધ શરૂ થયું ત્યારથી ૨૪૩ વિદ્યાર્થીઓ અને શિક્ષકો મૃત્યુ પામ્યા છે.

યુદ્ધને કારણે દેશમાં શૈક્ષણિક સુવિધાઓને પણ નોંધપાત્ર નુકસાન થયું છે. સેંકડો સ્કૂલ અને સાંસ્કૃતિક સંસ્થાઓને નુકસાન થયું છે અથવા સંપૂર્ણપણે નાશ પામ્યા છે.

હિઝબુલ્લાહે જણાવ્યું હતું કે ગઈકાલે સાંજે દક્ષિણ લેબનોન પર સંભવિત હુમલા દરમિયાન તેણે ઈઝરાયલી ફાઈટર જેટને અટકાવ્યું હતું.લેબનીઝ જૂથના જણાવ્યા મુજબ, તેણે વિમાનને જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલોથી નિશાન બનાવ્યું હતું, જેના કારણે તેને પાછા ફરવાની ફરજ પડી હતી.

## ફેસબુક- ઈન્સ્ટા બાળકો માટે ઘાતક : અમેરિકી કોર્ટ

**મેટાને ૩૧૦૦ કરોડનો અદાલતે દંડ ફટકાર્યો**

નવી દિલ્હી, તા. ૨૫

સોશિયલ મીડિયા જાયન્ટ મેટા માટે એક મોટો આંચકો સામે આવ્યો છે. અમેરિકાની એક અદાલતે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરન્ટ કંપની મેટાને બાળકોની માનસિક સુરક્ષા અને સ્વાસ્થ્ય સાથે જોડાયેલા જોખમી કન્ટેન્ટ છુપાવવા બદલ દોષી ઠેરવી છે.

ન્યૂ મેક્સિકોમાં ચાલેલી સાત અઠવાડિયાની લાંબી સુનાવણી બાદ, જ્યુરીએ કંપની પર ૩૭૫ મિલિયન ડોલર (આશરે રૂ. ૩૧૦૦ કરોડ) નો તોતિંગ દંડ ફટકારવાનો નિર્ણય લીધો છે.

અદાલતમાં રજૂ કરવામાં આવેલી દલીલો મુજબ, મેટાને સારી રીતે ખબર હતી કે તેના પ્લેટફોર્મ (ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક) બાળકો માટે માનસિક રીતે જોખમી સાબિત થઈ શકે છે, તેમ છતાં કંપનીએ ક્યારેય આ જોખમો જાહેર કર્યા નથી.

સરકારી વકીલોએ આક્ષેપ કર્યો હતો કે કંપનીએ યુઝર્સની સુરક્ષા કરતા પોતાના આર્થિક નફાને વધુ પ્રાથમિકતા આપી હતી. જ્યુરીએ પણ સ્વીકાર્યું છે કે મેટાએ પ્લેટફોર્મ પર બાળકોના યૌન શોષણ સાથે જોડાયેલા જોખમો અને માનસિક

અનુસંધાન પાના ૭ પર

## બંગાળમાં ઓવૈસીનું હુમાયુ કબીરની પાર્ટી સાથે ગઠબંધન

**તમિલનાડુ -એઆઈએડીએમકેએ ૨૩ ઉમેદવારોની પ્રાથમ યાદી જાહેર કરી**

નવી દિલ્હી, તા. ૨૫

પશ્ચિમ બંગાળ ચૂંટણી પ્રચાર માટે AIMIM વડા અસદુદ્દીન ઓવૈસીની કોલકાતાની મુલાકાત અંગે ભાજપના નેતા દિલીપ ઘોષે કહ્યું કે, ઓવૈસી લાંબા સમયથી બંગાળમાં ઘુસવાનો પ્રયાસ કરી રહ્યા છે.તમિલનાડુના તિરુચિરાપલ્લીના તિરુપ્પરૈથુરાઈમાં ૫૦થી વધુ પરિવારોએ આ વર્ષની વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે તેઓ છેલ્લા ૧૬ વર્ષથી વીજળી, પાણી અને શૌચાલય વિના જીવી રહ્યા છે.ઘણી પાર્ટીઓ અન્ય જગ્યાએ સફળ થઈ છે, પરંતુ બંગાળમાં, લોકો કોઈને પણ સરળતાથી સ્વીકારતા નથી. તેમણે કામ કરવું પડશે અને લડવું પડશે, અને પછી બંગાળ તેમને સ્વીકારશે.ખરેખરમાં, ઓવૈસીની પાર્ટીએ બંગાળમાં ભૂતપૂર્વ ટીએમસી નેતા હુમાયુ કબીરની આમ જનતા



ઉન્નયન પાર્ટી સાથે ગઠબંધન કર્યું છે.તમિલનાડુની મુખ્ય વિપક્ષી પાર્ટી AIADMKએ આગામી વિધાનસભા ચૂંટણી માટે ૨૩ ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી છે. છૈંછઙ્ઘસ્દ્ભએ જાહેરાત કરી છે કે પાર્ટીના વડા પલાનીસ્વામી તેમના ગૃહ મતવિસ્તાર, સેલમની એડપ્પાડી વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે.જનતા ઉન્નયન પાર્ટીના સ્થાપક હુમાયુ કબીર અને AIMIM પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ પશ્ચિમ બંગાળ ચૂંટણી માટે તેમના પક્ષોના ગઠબંધનની જાહેરાત કર્યા પછી

અનુસંધાન પાના ૭ પર

## યુદ્ધમાં સમાધાનની આશા સેન્સેક્સ ૧૪૦૦ અંક ઉછળ્યો

**ક્રૂડ તેલનો ભાવ ૧૦૦ ડોલરની નીચે અને સોનામાં ૫૦૦૦, ચાંદીમાં ૧૩૦૦૦નો ઉછાળો**

નવી દિલ્હી, તા. ૨૫

મધ્ય પૂર્વનું યુધ્ધ સમાધાનની વાટાઘાટો તરફ આગળ વધવા લાગ્યું હોવાનું સ્પષ્ટ થતાં શેરબજાર સહિતની માર્કેટોમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. ભારતીય શેરબજારમાં સેન્સેક્સ ૧૪૦૦ પોઈન્ટના ઉછાળાથી ૭૫૪૭૦ સાંપડ્યો હતો.નીફટી ૪૫૦ પોઈન્ટ વધીને ૨૩૩૬૨ થયો હતો. મીડકેપ ઈન્ડેક્સમાં ૧૩૦૦ પોઈન્ટ તથા બેન્ક ઈન્ડેક્સમાં ૧૨૫૦ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો. એશિયન માર્કેટોમાં પણ જોરદાર તેજી રહી હતી. બીજી તરફ ક્રૂડ તેલમાં ગાબડા પડ્યા હતા.ડબલ્યુટીઆઈ ક્રૂડ ચાર ટકા ઘટીને ૮૮.૯૧ ડોલર તથા બ્રેન્ટ ક્રૂડ પાંચ ટકા ઘટીને ૯૯.૭૦ ડોલર સાંપડ્યું હતું. સોનામાં જોરદાર તેજી થઇ હતી. વિશ્વ બજારમાં ૪૫૬૦ ડોલર થવા સાથે ભારતીય માર્કેટમાં ૫૦૦૦ વધીને ૧૪૩૭૫૦ થયું હતું. ચાંદી ૧૨૦૦૦ના ઉછાળાથી ૨.૩૬ લાખ થઇ હતી.



## અછતની અફવા અંગે રાજકોટ પેટ્રોલ પંપ એસો.ના પ્રમુખ સામે ગુનો દાખલ

**પેટ્રોલ પંપ ડ્રાય થઈ ગયાનું નિવેદન આપતા લોકોમાં ડર ફેલાયો હતો**

રાજકોટ, તા. ૨૫

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલ અને ડીઝલની અછત સર્જાઈ હોવાની સોશિયલ મીડિયા અને ન્યૂઝ ચેનલોમાં વહેતી થયેલી અફવાઓના પગલે પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

સમગ્ર મામલે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)ના ડિવિઝનલ રીટેલ સેલ્સ હેડ અમીત શીવપ્રસાદ જયસ્વાલ દ્વારા રાજકોટ જીલ્લા પેટ્રોલ ડીઝલ ડીલર એસોશીએશનના પ્રમુખ ગોપાલ ચુડાસમા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ મુદ્દે પોલીસે આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ૨૩ માર્ચે હર્ષ સંઘવીએ પેટ્રોલ-ડીઝલની અછત અંગે અફવા ફેલાવનારાઓ સામે કડક ચેતવણી આપી હતી. તેને કહ્યું હતું કે, રાજ્યમાં ખોટી માહિતી ફેલાવનારા સામે કડક પગલાં લેવામાં આવશે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આ ઘટનાની શરૂઆત ૨૩ માર્ચ, ૨૦૨૬ના રોજ થઈ હતી. સવારના આશરે ૧૦:૩૦ કલાકે રાજકોટના રેસકોર્સ રિંગ રોડ પર આવેલ IOCL ભવન ખાતે ગોપાલ ચુડાસમા આશરે ૪૦થી ૫૦ પેટ્રોલ-ડીઝલ ડીલરો અને મીડિયા કર્મચારીઓ સાથે કોઈપણ પૂર્વ મંજૂરી વગર પહોંચ્યા હતાં. ત્યાં તેઓએ IOCLના અધિકારી અમીત જયસ્વાલ સાથે પેટ્રોલ અને ડીઝલના જથ્થા બાબતે પૂછપરછ કરી હતી.

દરમિયાન અધિકારીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, કંપની પાસે પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને પુરવઠો નિયમિત રીતે મળી રહેશે. ડીલરોએ ત્યારે સહયોગ આપવાનું આશ્વાસન પણ આપ્યું હતું. જોકે, ઓફિસની બહાર નીકળ્યા બાદ ગોપાલ ચુડાસમાએ મીડિયા અને સોશિયલ મીડિયાના માધ્યમથી તદ્દન વિપરીત નિવેદનો આપ્યા હતાં. તેમણે એવો દાવો કર્યો

અનુસંધાન પાના ૭ પર

## બે ગેસ સિલિન્ડર હોય તો ૩૫ દિવસ પછી બુકીંગ કરાવી શકશે

**૫ કિલોનું છોટુ સિલિન્ડર ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ ૧૬ દિવસમાં મળશે**

નવી દિલ્હી, તા. ૨૫

રસોઇ ગેસ બુકીંગને લઇને ફરી નવું અપડેટ બહાર આવ્યું છે. કાળા બજારને રોકવા અને વપરાશના ચોક્કસ આકલન માટે રસોઇ ગેસ બુકીંગના નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જે મુજબ ઉજ્જવલા લાભાર્થીઓને ૧૬ દિવસમાં 'છોટુ' સિલિન્ડર મળશે જયારે બે સિલિન્ડરવાળા ગ્રાહક ૩૫ દિવસ બાદ બુકીંગ કરાવી શકશે.હવે ૫ કિલોના 'છોટુ' એટલે કે નાના સિલિન્ડર ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને ૧૬ દિવસમાં, જ્યારે સામાન્ય ગ્રાહકોને ૯ દિવસમાં મળી શકશે. નવી વ્યવસ્થા અનુસાર પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ માટે ૧૪.૨ કિલો ગ્રામવાળા સિલિન્ડરનું બુકીંગનું અંતર વધારીને ૪૫ દિવસ કરાવી દેવાયું છે, જ્યારે સામાન્ય ઘરેલું ગ્રાહકો માટે આ સીમા ૨૫ દિવસ નિર્ધારિત કરવામાં આવી છે.૧૦ કિલોનું કમ્પોઝિટ સિલિન્ડર ૧૮ દિવસમાં મળશે. જ્યારે બે સિલિન્ડરવાળા ગ્રાહકોને રિફિલ બુક કરાવવા માટે કમસે કમ ૩૫ દિવસ રાહ જોવી પડશે જ્યારે એક સિલિન્ડરવાળા ગ્રાહકો માટે આ સમય સીમા ૨૫ દિવસ નકીક કરાઇ છે.આ નવા નિયમો ગ્રામીણ શહેર બધા ક્ષેત્રોમાં લાગુ રહેશે, જ્યારે ૧૦ કિલો કમ્પોઝિટ સિલિન્ડર માટે શહેરી ક્ષેત્રોમાં ૧૮ દિવસ અને ગ્રામીણ ક્ષેત્રમાં ૩૨ દિવસનો અંતરાળ નકકી થયો છે.

## શ્રીલંકાના પાણીમાં છુપાયેલા અબજો ડોલરના તેલ અને ગેસ ભંડારની શોધ

### ત્રણ ટ્રિલિયન ઘન ફૂટ ગેસ અને અબજો બેરલ તેલની સંભાવના ઉઘડી

**નવી દિલ્હી, તા. ૨૫**

શ્રીલંકાના દરિયાઈ વિસ્તારોમાં વિશાળ કુદરતી સંસાધન ભંડારની સંભાવનાએ વૈશ્વિક ઉર્જા નિષ્ણાતોનું ધ્યાન ખેંચ્યું છે. અહેવાલો અનુસાર, દેશના ઓફશોર ભંડારમાં આશરે ત્રણ ટ્રિલિયન ઘન ફૂટ કુદરતી ગેસ અને અનેક અબજ બેરલ ક્રૂડ તેલ હોવાનો અંદાજ છે. સલિયા વિક્રમાસૂર્યાને ટાંકીને કહેવામાં આવ્યું છે કે જો આ અંદાજ સાચો સાબિત થાય છે, તો તે શ્રીલંકાની આર્થિક પરિસ્થિતિમાં નોંધપાત્ર પરિવર્તન લાવી શકે છે. વધુમાં, પ્રાદેશિક દેશોને સસ્તું ઉર્જા પુરવઠાનો પણ લાભ મળી શકે છે.

જો કે, નિષ્ણાતો કહે છે કે આ સંસાધનોનું વ્યાપારી શોષણ હાલમાં મુશ્કેલ છે. હાલમાં, પ્રક્રિયા તેના પ્રારંભિક તબક્કામાં છે, અને નજીકના ભવિષ્યમાં મોટા પાયે ઉત્પાદન શરૂ થવાની શક્યતા નથી. આ માટે વ્યાપક રોકાણ, તકનીકી કુશળતા અને લાંબા ગાળાની શોધ પ્રક્રિયાની જરૂર પડશે.રિપોર્ટ અનુસાર, આ અંદાજ તાજેતરના વર્ષોમાં હાથ ધરવામાં આવેલા બેસિન મોડેલિંગ અને સિસ્મિક ડેટાના વિશ્લેષણ પર આધારિત છે. આ ટેકનિકલ અભ્યાસોએ સમુદ્ર નીચે છુપાયેલા સંસાધનોની વધુ સારી સમજ પૂરી પાડી છે, પરંતુ નક્કર પુષ્ટિ અને નિષ્કર્ષ માટે હજુ પણ વધુ ઊંડાણપૂર્વક સંશોધનની જરૂર છે. શ્રીલંકાએ આ ક્ષેત્રમાં રોકાણ આકર્ષવા માટે એક નવું નિયમનકારી માળખું પણ વિકસાવ્યું છે. આમાં પેટ્રોલિયમ રિસોર્સિસ એક્ટ ૨૦૨૧નો સમાવેશ થાય છે, જેનો ઉદ્દેશ્ય ઓફશોર રિસોર્સ એક્સપ્લોરેશનમાં પારદર્શિતા વધારવા અને આંતરરાષ્ટ્રીય કંપનીઓનો વિશ્વાસ મેળવવાનો છે. આ હેઠળ, લાઈસન્સિંગ પ્રક્રિયાને સરળ અને વધુ ખુલ્લી બનાવવામાં આવી છે, જે વૈશ્વિક ઉર્જા કંપનીઓના વધુ રસને પ્રોત્સાહન આપે છે.

વધતી જતી વૈશ્વિક ઉર્જા કટોકટી વચ્ચે આ સમાચારને મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ઈરાન અને અન્ય પ્રદેશોમાં ચાલી રહેલા તણાવ દરિયાઈ વેપારને વિક્ષેપિત કરી રહ્યા છે, જેનાથી ક્રૂડ ઓઈલ અને ગેસના પુરવઠાને અસર થઈ રહી છે. પરિણામે, એશિયન દેશો શ્રીલંકા જેવા સંભવિત ઉર્જા સ્ત્રોતો પર નજર રાખી રહ્યા છે. જો શ્રીલંકા આગામી વર્ષોમાં આ સંસાધનોનો સફળતાપૂર્વક ઉપયોગ કરે છે, તો તે ફક્ત તેની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવશે નહીં પરંતુ પ્રાદેશિક ઉર્જા સંતુલન પર પણ નોંધપાત્ર અસર કરી શકે છે.

## ઈચ્છા મૃત્યુ પ્રાપ્ત કરનાર હરીશ રાણાના અંતિમ સંસ્કાર કરાયા

**હરીશ રાણાના અંગદાનથી ૬ લોકોને નવું જીવન મળશે**

નવી દિલ્હી, તા. ૨૫

ઈચ્છામૃત્યુની માંગ કરનાર ગાઝિયાબાદના હરીશ રાણાના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. દિલ્હીના ગ્રીન પાર્ક સ્મશાનગૃહમાં બુધવારે સવારે ૯.૪૦ વાગ્યે તેના ભાઈ આશિષ રાણાએ મુખાગ્નિ આપી અંતિમ સંસ્કાર કર્યા હતા. હરીશના પાર્થિવદેહને સવારે ૮:૩૦ વાગ્યે સ્મશાનગૃહ લાવવામાં આવ્યો હતો.

અંતિમ સંસ્કાર દરમિયાન, હરીશના પિતાએ હાથ જોડીને લોકોને વિનંતી કરતા કહ્યું- કોઈ રડશો નહીં. હું પ્રાર્થના કરું છું કે મારો દીકરો શાંતિથી જાય. ભગવાન તેને જ્યાં પણ જન્મ આપે ત્યાં તેને આશીર્વાદ આપે.

હરીશ રાણાએ ૨૪ માર્ચે દિલ્હીના એઈમ્સમાં અંતિમ શ્વાસ લીધા. ૩૧ વર્ષીય હરીશ રાણા ૧૩ વર્ષથી કોમામાં હતો. સુપ્રીમ કોર્ટે ૧૧ માર્ચે ઈચ્છામૃત્યુની મંજૂરી આપી હતી. દેશમાં આ પહેલો કિસ્સો છે જ્યાં ઈચ્છામૃત્યુની મંજૂરી આપવામાં આવી છે. ૧૪ માર્ચે હરીશને ગાઝિયાબાદ ખાતે તેના ઘરેથી દિલ્હીના એઈમ્સમાં ખસેડવામાં આવ્યો હતો. ૧૬ માર્ચે તેની ફીડિંગ ટ્યુબ કાઢી નાખવામાં આવી હતી.

ડોક્ટરોના જણાવ્યા મુજબ, પરિવારે હરીશના ફેફસાં, બંને

અનુસંધાન પાના ૭ પર

# સુરત બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં સુરતના વકીલોનો વિજય, ભવ્ય વિજય રેલી યોજાઈ





## ડિસ્ટ્રિક્ટ કોર્ટથી અઠવા ગેટ ચોપાટી સુધી ઉજવણી, પારદર્શિતા અને વકીલોના હિત માટે કામ કરવાનો સંકલ્પ

સુરત, તા.૨૫

સુરત બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં સુરતના વકીલોની જીતને પગલે શહેર ઉત્સાહથી ભરાઈ ગયું હતું. મંગળવારે, સુરત ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશને સુરત કોર્ટથી અઠવા ગેટ ચોપાટી સુધી એક ભવ્ય વિજય રેલીનું આયોજન કર્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વકીલો અને સમર્થકોએ હાજરી આપી હતી.

ડમના ગગનભેદી તાલ વચ્ચે રેલીમાં વકીલોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મહિલા વકીલો ગરબા નૃત્ય કરીને રેલીમાં જોડાયા હતા. સિનિયર અને જુનિયર વકીલોએ વિજેતા ઉમેદવારોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું અને એકબીજાને અભિનંદન પાઠવ્યા હતા.

## યુવા આગેવાન તનય દેસાઈ દ્વારા 'સુંદર કાંડ'નું આયોજન

સુરત, તા.૨૫

ઓલપાડ તાલુકા નાં અંભેટા ગામનાં યુવા અને સામાજિક કાર્યકર,ખેડુત યુવા આગેવાન તનય દેસાઈ દ્વારા ગામ સુખ-શાંતિ રહે અને હાલ ચૈત્ર મહિનો ચાલી રહ્યો હોય.અને સાથોસાથ ચૈત્રી નવરાત્રી પણ ચાલી રહી હોય. જે નિમિત્તે તનય દેસાઈ દ્વારા તેમનાં પિતા કિશોરભાઈ દેસાઈ અને માતૃશ્રી અલ્કાબેન દેસાઈ નાં સૌજન્યથી તેમના નિવાસ્થાને"સુંદર કાંડ"હનુમાન આરાધનાં નું આયોજન કરવામાં આવ્યું હતું.અને આ"સુંદર કાંડ"માં ગુજરાત સરકાર નાં પૂર્વ મંત્રી અને ઓલપાડ નાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલ,ઓલપાડ ભાજપ સંગઠન નાં મહામંત્રી સુનિલભાઈ પટેલ અને ઓલપાડ ભાજપ સંગઠન માજી પ્રમુખ બ્રિજેશભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહી "સુંદર કાંડ"નું શ્રવણ કર્યુ હતું

# ૨૦૨૬ના બીજા તબક્કામાં બિઝનેસ વધવા માટે લેન્કસેસ આશાવાદી

## સમગ્ર કેમિકલ ઉદ્યોગ માટે વર્ષ ૨૦૨૫ કપરું રહ્યું

સુરત, તા.૨૫

સ્પેસિયાલિટી કેમિકલ્સ કંપની લેન્ક્સેસ (LANXESS) માટે નાણાંકીય વર્ષ ૨૦૨૫ વર્ષ નરમ અને ઊંચા સ્તરની ભૂરાજકાટી અનુશ્ચિતતાથી ભરેલુ રહ્યું હતું. પાછલા વર્ષની રૂ. ૬.૩૬૬ અબજ યૂરોની તુલનામાં આવક ૧૦.૯ ટકા ઘટીને રૂ. ૫.૬૭૩ રહી છે. જ્યારે અપવાદરૂપ ચીજો પહેલાની EBITDAપાછલા વર્ષની ૬૧૪ મિલીયન યૂરોની સામે ૧૬.૯ ટકા ઘટીને ૫૧૦ મિલીયન યૂરોની થઇ છે. તેમજ અપવાદરૂપ ચીજો પહેલાનો EBITDA માર્જિન એક વર્ષ પૂર્વે ૯.૬ ટકાના સ્તરની તુલનામાં આખા વર્ષ દરમિયાન ૦.૯ ટકા હતો.

આ પ્રગતિ મુખ્યત્વે આશરે દરેક ગ્રાહક ઉદ્યોગોની સતત નરમ માંગની સાથે અગાઉના ગાળાના નીચા વોલ્યુમોને આભારી હતી. કાચા માલની નીચી ખરીદ કિંમત અને હાલમાં આગળ ધપી રહેલા એશિયન પ્રદેશો તરફના કિંમત દબાણને કારણે વેચાણ કિંમતોમાં ઘટાડો પરણમ્યો છે. વધુમાં ઓપરેટિંગ પરિણામોમાં ઘટાડો યુરેથેન સિસ્ટમ્સ બિઝનેસ યુનિટના ૧ એપ્રિલ ૨૦૨૫ બાદના વેચાણને કારણે કમાણીની ગેરહાજરીને તેમજ વિપરીત ચલણ અસરોને આભારી હતો.

"સમગ્ર કેમિકલ ઉદ્યોગ અને LANXESS માટે ૨૦૨૫નું વર્ષ અત્યંત આકરું વર્ષ રહ્યું હતું. ૨૦૨૬ માટે અમે જર્મન સરકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્ટિમ્યુલસ પ્રોગ્રામના ઉદાહરણને લેતા વહેલામાં વહેલા વર્ષના બીજા તબક્કામાં સકારાત્મક વેગ આવશે એવુ અમે જોઇએ છીએ." એમ LANXESSના સીઈઓ મેથીયાસ ઝેચર્ટએ જણાવતા ઉમેર્યું હતું કે "તેથી અમારા માટે ૨૦૨૬ના માર્ગદર્શક સિદ્ધાંતો આ રહેશેઃ જેમ કે અમે જેની પર નિયંત્રણ મુકી શકીએ તેવી ચીજો પર અંકુશ મુકીશું. તેનો અર્થ એ કે ખર્ચમાં સતત ઘટાડો, પ્રોસેસિસને સ્ટ્રીમલાઈન કરવી અને નવી માર્કેટ તકોનું સર્જન કરવું." ૨૦૨૬ના સંપૂર્ણવર્ષ માટે કંપની અપવાદરૂપ ચીજો સિવાયની EBITDA ૪૫૦થી ૫૫૦ મિલીયન યૂરોની વચ્ચે રહેશે.

# નોટરીઝ વેલફેર એસો. સાઉથ ગુજરાતની સાધારણ સભા મળી

## નોટરીઓના વિવિધ પ્રશ્નોના નિરાકરણોની ચર્ચા




સુરત, તા.૨૫

દક્ષિણ ગુજરાતના એડવોકેટ અને નોટરીઓના ઉત્કર્ષ માટે કાર્યરત માતૃ સંસ્થા "NOTARIES WELFARE ASSOCIATION SOUTH GUJARAT" ની વાર્ષિક સાધારણ સભા (AGM) આજે તા. ૨૩ માર્ચ ૨૦૨૬ના રોજ 'દેવ મણી ફાર્મ', વેડ, સુરત ખાતે ઉત્સાહભેર યોજાઈ હતી.કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. સંસ્થાના ઉપ-પ્રમુખ નોટરી હેમેન્દ્ર બોરસલીવાલાએ સ્વાગત પ્રવચન આપી સૌને આવકાર્યા હતા. સમગ્ર સભાનું સુચારુ સંચાલન કમિટી સદસ્ય નોટરી બળવંત પટેલે કર્યું હતું. સંસ્થાના ખજાનચી નોટરી નિતીન સૂચકે વાર્ષિક હિસાબો રજૂ કર્યા હતા, જ્યારે ઉપ-પ્રમુખ નોટરી ઉમેશ ટેલરે સંસ્થાની વર્ષ દરમિયાનની કામગીરીનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો હતો. સંસ્થાના પ્રમુખ નોટરી શાંતિલાલ પટેલે આગામી આયોજનો અને નોટરીઓના પડતર પ્રશ્નો અંગે માર્ગદર્શન આપતા નીચે મુજબના મુદ્દાઓ પર ભાર મૂક્યો હતોઃ ભારત સરકારના કાયદા વિભાગ સાથે નોટરી રીન્યુઅલના પ્રશ્નોનું નિરાકરણ. ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા નોટરી ટિકિટ આપવાની શરૂઆત અંગેની સફળતા. નોટરીઓને સ્ટેમ્પ વેન્ડર લાઈસન્સ ઈસ્યુ કરવા બાબતે ચર્ચા. નોટરી સદસ્યો માટે 'વેલફેર યોજના' (Welfare Scheme) અમલી બનાવવી. નોટરી રજિસ્ટ્રેશનની કામગીરીનો વ્યાપ વધારવા અંગે વિચારણા. આ પ્રસંગે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં જંગી બહુમતીથી વિજેતા થયેલા સંસ્થાના સદસ્યો નોટરી પ્રિટી જોષી, નોટરી વંદના ભટ્ટ અને નોટરી હિતેશ પટેલનું સંસ્થા દ્વારા પુષ્પગુચ્છ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સભાના અંતે કમિટી હોદ્દેદાર નોટરી બીના ભગતે આભાર વિધિ કરી હતી. ત્યારબાદ તમામ સદસ્યોએ સમૂહ ભોજન લીધું હતું અને બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

# સુરત એકેડેમિક એસો.ના પ્રમુખ તરીકે વિમલ નાણાવટીની વરણી

## મંત્રી તરીકે ડો.નૈલેષભાઈ પટેલ સર્વાનુંમતે બિનહરીફ ચૂંટાયા



વિમલ નાણાવટી



ડો. નૈલેષ પટેલ

સુરત, તા.૨૫

સુરત એકેડેમિક એસોસિએશન એ કોચિંગ ક્લાસીસનું એક શૈક્ષણિક સંગઠન છે જે છેલ્લા ૩૫ વર્ષથી સુરતમાં વિવિધ શૈક્ષણિક અને સામાજિક પ્રવૃતિઓ કરતી આવેલ સંસ્થા છે.સુરત એકેડેમિક એસોસિએશનની જનરલ સભા પ્રેસિડેન્સી શાળા ખાતે અરૂણભાઈ મોદીના નેતૃત્વમાં આયોજિત કરાયેલ હતી.જેમાં વર્ષ ૨૦૨૫-૨૬નો હિસાબ રજૂ કરાયેલ હતો જેને સભાએ સર્વાનુમતે બહાલી આપી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૬-૨૭ની કારોબારી જાહેરાત કરાઈ હતી પૂર્વ પ્રમુખ હિતેન્દ્રભાઈ ચૂડાવાળા દ્વારા થઈ હતી જેમાં વર્ષ ૨૦૨૬ના પ્રમુખ તરીકે વિમલ નાણાવટી, (પર્સનલ ગ્રુપ) મંત્રી તરીકે ડૉ.નૈલેષ પટેલની(ગુરૂકૃપા) સર્વાનુંમતે નિમણૂક કરાઈ હતી.આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પદ્મશ્રી યઝદીભાઈ કરંજીયા,અતિથિ વિશેષ શ્રી જયંતીભાઈ પટેલ, કુમારી દીપિકા શુક્લ, નટવરભાઈ કારીઆ, સંજય સાદડીવાલા, યશવંત વ્યાસ ઉપસ્થિત રહીને પ્રસંગોચિત માર્ગદર્શન આપ્યું હતું.આ પ્રસંગે સમગ્ર સુરત શહેરના સંચાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.એસોસિએશનના વર્ષ-૨૦૨૫ના પ્રમુખશ્રી તથા કારોબારી સભ્યશ્રીઓને વર્ષ દરમ્યાનની કરેલ કામગીરી બદલ પૂર્વ પ્રમુખ અને સભ્યશ્રીઓએ અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.સાધારણ સભામાં ઉપસ્થિત દરેક સભ્યશ્રીઓને સંસ્થા દ્વારા મૂલ્યવાન ભેટ અપાઈ હતી.નવા પ્રમુખ અને તેમની નવી ટીમ ૨૦૨૬ને ઉપસ્થિત મહેમાનશ્રીઓ અને શિક્ષણ જગતના સારથીઓએ અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

# આદિજાતિના યુવક-યુવતિઓને પાયલોટ તાલીમ માટે રૂ.૨૫ લાખની લોન સહાય

## તાલીમ પૂર્ણ થયા ના છ મહિના પછી લોન ૬૦ હપ્તામાં પૂર્ણ કરવી પડશે

સુરત, તા.૨૫

ગુજરાત રાજ્યના આદિજાતિ શિક્ષિત યુવક-યુવતિઓને પાયલોટ તાલીમના માટે રૂ.૨૫ લાખની મર્યાદામાં લોન આપવાની જોગવાઈ અમલમાં છે. આ યોજના હેઠળ આવક મર્યાદા ધ્યાનમાં લેવામાં આવતી નથી. તેમજ આ યોજનામાં વિદ્યાર્થીની તાલીમ પૂર્ણ થયા બાદ છ માસ પછી લોનની રકમ કુલ-૬૦ હપ્તામાં ભરપાઈ કરવાની રહે છે. જેનો વ્યાજનો દર વાર્ષિક ૪% છે. અરજદાર અનુસુચિત જનજાતિનો લાયક ઉમેદવાર હોવો જોઈએ. અરજદારે મેટ્રીક્યલેશન અથવા હાયર સેકન્ડરી અથવા ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. સંબંધિત કોમર્શિયલ પાયલોટ ઈન્સ્ટીટ્યુટમાં પ્રવેશ મેળવેલ હોવા જોઈએ.

આ પાયલોટ તાલીમ લોન માટે આદિજાતિ પેટા વિસ્તારના વિદ્યાર્થીઓ/અરજદારોએ જે તે વિસ્તારના પ્રાયોજના વહીવટદારશ્રીની ભલામણથી દરખાસ્ત મોકલવાની હોય છે. આદિજાતિ પેટા વિસ્તાર સિવાયના વિદ્યાર્થીઓ/અરજદારોએ તકેદારી અધિકારીશ્રીની કચેરી મારફતે રજુ કરવાની હોય છે. આ યોજનાનો લાભ મેળવવા માટે આદિજાતિની વેબસાઈટ https://adijatinigam.gujarat.gov.in પર જે તે વિસ્તારની પ્રાયોજના વહીવટદારની કચેરી અથવા ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન બિરસા મુંડા ભવન, ગાંધીનગરનો સંપર્ક સાધી શકાય છે.



સુરત પીપલ્સ બેન્ક ની નવી શાખા ઘ્રાન્ય ગૌરવ પથ પાલનપુર રોડ ખાતે ઉદઘાટન કરવા મા આવ્યુ તે પ્રસંગે બેંકના વિવિધ ડિરેક્ટરો, પદાધિકારીઓ તથા કર્મચારીગણ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

# ધી અસનાડ કોટન મંડળી દ્વારા નવ શૈક્ષણિક સંસ્થા ઓને રૂ.૫૧,૦૦૦ દાન

## મંડળીના લોક કલ્યાણ ફંડમાંથી કુલ રૂ. ૪.૫૯ લાખની રકમ દાન કરાઈ

સુરત, તા.૨૫

ધી અસનાડ કોટન સહકારી મંડળી પાસે કુલ રૂ.૪.૫૯ લાખના જમા લોક કલ્યાણ ફંડમાંથી તેના કાર્યક્ષેત્રના નવ ગામની તમામ શૈક્ષણિક સંસ્થાઓને રૂ.૫૧,૦૦૦ લેખે દાન ફાળવી ચેક અર્પણ કર્યો છે.આ દાનની રકમ ફાળવતા મંડળીની વહીવટી બોર્ડની ઉદાર સખાવત શિક્ષણ જગતમાં અભિનંદનને પાત્ર બની છે.

દેશની આઝાદી પૂર્વેથી ખેડૂતોના ઉત્થાન માટે ઓલપાડ જીન કેમ્પસમાં સ્થપાયેલ ધી અસનાડ ગ્રુપ કો.ઓ.કોટન સેલ સોસાયટીના પ્રમુખ વસંતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વ્ય.સમિતિના સભ્યોની બોર્ડ મિટિંગમાં મંડળીના નફામાંથી કાઢવામાં આવેલ જમા લોક કલ્યાણ ફંડમાંથી મંડળીના કાર્યક્ષેત્રના નવ ગામની શૈક્ષણિક સંસ્થાઓને રૂ.૫૧,૦૦૦ લેખે કુલ રૂ.૪.૫૯ લાખની રકમનું દાન ફાળવવામાં આવ્યું હતું.જે પૈકી ઓલપાડ તાલુકા આઝાદ દિન સ્મારક કેળવણી મંડળ સંચાલિત ટ્રસ્ટની ૦૭ હાઈસ્કૂલો પૈકી ઓલપાડ ટાઉનની મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય,ટકારમા ગામની જ.ર.પટેલ વિદ્યાલય,ભાદોલ ગામની સંસ્કાર ભારતી વિદ્યાલય, કાંઠા વિસ્તારના કરંજ ગામની નવજીવન હાઈસ્કૂલ,અસનાડ ગામની એમ.એમ.પટેલ હાઈસ્કૂલ, સરસ ગામની સિધ્ધ સોમેશ્વર વિદ્યાલય,કાંઠાના છેવાડા ગામની મોર હાઈસ્કૂલ તથા કાંઠાના લવાછા ગામના જાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઝેડ.એમ.પટેલ વિદ્યાલય અને પી. કે.દેસાઈ કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત ઓલપાડ ટાઉન મથકની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ મળી કુલ નવ શૈક્ષણિક સંસ્થાઓને રૂપિયા ૫૧,૦૦૦ નું દાન ફાળવવામાં આવ્યું હતું.આ દાન પૈકી મંગળવાર,તા. ૨૪ ના રોજ ધી અસનાડ કોટન મંડળીના પ્રમુખ વસંતભાઈ પટેલ અને ડિરેક્ટર રમણભાઈ પટેલના વરદ્હસ્તે ઓલપાડ આઝાદ દિન કેળવણી મંડળના ઉપપ્રમુખ અને જિલ્લાના સહકારી અગ્રણી મનહરભાઈ પટેલ ને મહાદેવશાસ્ત્રી વિદ્યાલયનો ચેક અર્પણ કરાયો હતો.આ પ્રસંગે શાળાના આચાર્ય ભરતભાઈ પટેલ હાજર રહ્યા હતા.



નવસારી જિલ્લાના વાંસદા ખાતેના દંડક વન આશ્રમના ૧૧ માં વાર્ષિક ઉત્સવ નિમિત્તે તારીખ ૧૬ અને ૧૭મી એપ્રિલે ૧૧૦૦ કુંડીય વિશ્વ શાંતિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. બે દિવસીય વિહંગમ યોગ સત્સંગ સમારંભમાં સુરતના અનેક ગણમાન્ય તથા પ્રતિષ્ઠિત લોકોને વિશ્વ શાંતિના હેતુસર ગુજરાત વિહંગમ યોગ સંત સમાજ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.ભૂતપૂર્વ મેયર દક્ષેશભાઈ માવાણી, જીમખાનાના જોઈન્ટ સેક્રેટરી અશોકભાઈ મહેતા, વિશ્વના સૌથી મોટા લેબગ્રોન ડાયમંડ જ્વેલરીના શોરૂમ સોનાની જ્વેલર્સના માલિક મહેશભાઈ સોનાની ને દંડકવન આશ્રમના મહંત શ્રી રામવૃક્ષદાસજી તથા વિહંગમ યોગ સંસ્થાના સ્વયંસેવકો આમંત્રણ પાઠવતા હોવાનું આ તસવીરમાં નજરે પડે છે.

# મૈત્રી કરારનો અંત લાવી વિખૂટા પડેલા પરિવારોનું સુખદ મિલન

## ચાર વર્ષના મૈત્રી કરાર પર રહેતી માતાની મમતા સાથે લોહીના સંબંધોની જીત

સુરત, તા.૨૫

કહેવાય છે કે, લોહીના સંબંધોને દુનિયાના કોઈ પણ કાગળ કે કરાર બાંધી શકતા નથી. ખાસ કરીને એક માતા માટે તેના સંતાનોથી દૂર રહેવું એ આજીવન વનવાસ જેવું હોય છે. સુરતના અમરોલી પોલીસ બેઝ્ડ સપોર્ટ સેન્ટર (PBSC) સમક્ષ એક એવો જ કિસ્સો આવ્યો, જ્યાં પ્રેમ, લગ્નોની ગૂંચવણ અને મૈત્રી કરારની વચ્ચે એક માતાનું હૃદય તેમના બાળકો માટે તડપતું હતું. આ વાત છે ગૂંચવાયેલા સંબંધોના સુખદ સમાધાનની. સામાજિક સંબંધોની ગૂંચવણ અને પારિવારિક વિખવાદો વચ્ચે રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓની સુરક્ષા અને પારિવારિક શાંતિ માટે સુરતનું અમરોલી પોલીસ બેઝ્ડ સપોર્ટ સેન્ટર (PBSC) પરિવારોને જોડવામાં મહત્વનું માધ્યમ બન્યું હતું. સુરતમાં રહેતા શારદાબેન (નામ બદલ્યું છે)નો દીકરો, જે અગાઉ ત્રણ લગ્ન કરી ચૂક્યો હતો, તેણે ચોથી વાર પ્રેમમાં પડીને લવ-મેરેજ કર્યા. આ વાતની જાણ થતાં તેની ત્રીજી પત્ની પોતાના માસૂમ બાળકોને છોડીને જતી રહી. આ સમયે સામાપક્ષની એક મહિલા, જે પોતે પણ બે બાળકોની માતા હતી, તેણીએ પોતાના પતિ તથા બે સંતાનોનો સાથ છોડી શારદાબેનના દીકરા સાથે ચાર વર્ષથી રહેતી હતી. સમાજની નજરમાં આ સંબંધને કાયદેસર કરવા 'મૈત્રી કરાર' કરવામાં આવ્યા હતા. મૈત્રી કરારના આધારે નવું ઘર વસ્યું હતું, પણ એ ઘરમાં શાંતિ નહોતી. આ કિસ્સામાં પણ જે મહિલા

અનુસંધાન પાના ૭ પર



# આદમની વાડીમાં નવી ગટર લાઈન નાખવાના કામનો આરંભ

સુરત, તા.૨૫

ઈલેકશન વોર્ડ નં ૧૨ નાણાવટ સૈયદપુરા કુબેરનગર મહીધરપુરા વિસ્તારમાં આવેલા આદમ ની વાડી ખાતે આ વિસ્તાર ની સર્વિસ ગલીઓ માટે વોર્ડ નં ૧૨ ના કોર્પોરેટર શ્રી ઓ દ્વારા અંદાજે ૮૦ લાખ ના ખર્ચે નવી ગટર લાઈન ના કામ મંજુર કરાવ્યા હતા તે અંતર્ગત નવી ગટર લાઈન નાખવાની કામગીરી નું ખાતમુર્હુત કરી ગટર લાઈન નાખવાની કામગીરી ની શરૂઆત આદમ ની વાડી વિસ્તાર ના આગેવાનો શ્રી દિપકભાઈ ઝવેરી, મુકેશભાઈ સોલંકી, મિલિન્દભાઈ સિંદૂરીયા, દિપકભાઈ સોલંકી, ગણપતભાઈ બારોટ, હેમંતભાઈ રાઠોડ ના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે વોર્ડ ના મહામંત્રી બીપીનભાઈ પટેલ, વિજયભાઈ મોદી,આગેવાનો ભૂપેન્દ્રભાઈ રાવતકા, હેનિશભાઈ પટેલ,આશિષભાઈ ખીરસરીયા, હસમુખભાઈ રાણા,સાગરભાઈ બગડા, વિરાજભાઈ પંડ્યા, દર્શનભાઈ કંથારીયા, હુઝેફા કુરેશી ઉપસ્થિત રહ્યા હતા.

# ડ્રાઈવીંગ લાયસન્સને લગતી સેવા હવે ઘર બેઠા ઉપલબ્ધ

સુરત, તા.૨૫

બારડોલી રિજનલ કચેરીમાં સમાવિષ્ટ મોટરવાહન અને ડ્રાઈવિંગ લાયસન્સને લગતી મોટાભાગની તમામ સેવાઓનો લાભ ફેસલેસ એટલે ઘરબેઠા મેળવી શકાશે. જે માટે જરૂરી દરેક મોટરવાહન અને ડ્રાઈવિંગ લાયસન્સના રેકર્ડમાં મહત્વના સંદેશ મેળવવા મોબાઈલ નંબર સુધારવો અગત્યનો છે. આ સિવાય અન્ય જરૂરી માહિતી જેવી કે, આપના મોટરવાહનના PUC સર્ટિફિકેટ અને ઈન્સ્યુરન્સની કાયદેસરતા (વેલીડીટી) પૂર્ણ થવા અંગેના સંદેશ પણ સુધારેલા મોબાઈલ નંબર પર જ મળી શકશે. જેથી નીચે દર્શાવેલ બારકોડ સ્કેન કરી તેમાં દર્શાવેલ પ્રક્રિયા (આપના મોબાઈલ નંબરથી પણ થઈ શકશે) પૂર્ણ કરી આપના રેકર્ડ સુધારી દેવા બારડોલીની પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરીની યાદી દ્વારા તમામ નાગરીકોને અપીલ કરાય છે.

# ચેમ્બર પ્રતિનિધિ મંડળે પૂણે ખાતે 'ગૌ ટેક એક્ષ્પો'ની મુલાકાત લીધી

## પ્રતિનિધિ મંડળે ગૌ આધારિત ઉદ્યોગ અને તેમાં રહેલી તકોની જાણકારી મેળવી



સુરત, તા.૨૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા તથા ચેમ્બરની એગ્રીકલ્ચર એન્ડ એનિમલ હઝબન્ડરી કમિટીના ચેરમેન શ્રી કે.બી. પિપલીયાએ મહારાષ્ટ્રના પૂણે ખાતે તા. ૨૦થી ૨૩ માર્ચ ૨૦૨૬ દરમ્યાન યોજાયેલા ગાય આધારિત ગ્લોબલ સમિટ એન્ડ એક્ષ્પો 'ગૌ ટેક ૨૦૨૬' એક્ષ્પોની મુલાકાત લીધી હતી. આ એક્ષ્પોના ઉદ્ઘાટન સમારોહમાં તેઓએ અતિથિ વિશેષ તરીકે હાજરી આપી સેમિનારમાં પણ સક્રિય રીતે ભાગ લીધો હતો. આ એક્ષ્પોમાં ગાય આધારિત પ્રોડક્ટ્સ બનાવતા ઉદ્યોગકારો, દૂધ ઉત્પાદકો, મશીનરી નિર્માતાઓ તથા લેબોરેટરી ક્ષેત્ર સાથે સંકળાયેલા અનેક ઉદ્યોગ સાહસિકોએ ભાગ લીધો હતો. વિવિધ સ્ટોલ્સ પર પ્રદર્શિત ઉત્પાદનો અને ટેકનોલોજી અંગે ચેમ્બરના પ્રતિનિધિઓએ વિસ્તૃત

અનુસંધાન પાના ૭ પર

# વીટી ચોક્સી લો કોલેજમાં બેઝીક કોમ્પ્યુટર કોર્સ

## યુનિવર્સિટીના સહયોગી બે ક્રેડીટ સર્ટિફિકેટ કોર્સનું સફળ આયોજન

સુરત, તા.૨૫

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કોલેજ, સુરત અને વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે "Basic Computer Skills" વિષયક ૨ ક્રેડિટ સર્ટિફિકેટ કોર્સ તા. ૧૬ થી ૨૪ માર્ચ, ૨૦૨૬ દરમિયાન સફળતાપૂર્વક અને ઉત્સાહભેર યોજાયો. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કોલેજ, સુરત દ્વારા "Basic Computer Skills" વિષયક ૨ ક્રેડિટ સર્ટિફિકેટ કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ડૉ. ઈરમલા દયાલ (ઇન્ચાર્જ આચાર્ય, વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કોલેજ, સુરત)ના સુદૃઢ સંકલન હેઠળ સુવ્યવસ્થિત રીતે યોજાયો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં એડવોકેટ શ્રી શ્રેયસ દેસાઈ (ચેરમેન, એડમિનિસ્ટ્રેટિવ કમિટી, વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કોલેજ, સુરત)નો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો. આ કોર્સનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં મૂળભૂત કમ્પ્યુટર જ્ઞાન તથા પ્રાયોગિક કુશળતા વિકસાવવાનો હતો. આ કોર્સ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના

અનુસંધાન પાના ૭ પર



# સપનાના રંગોમાં નિર્વચન સૌંદર્ય

ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતા: જાણે રવિન્દ્રનાથના ભાવ અને શરતચંદ્રના જીવનના સરળ છતાં ઊંડા શબ્દોના સંગમ જેવું—એ જ સૂર પર એક નવા કલ્પનાનું મંચન. ટીનાના ગ્લેમ સ્ટુડિયોના ઉપક્રમે તાજેતરમાં એક ભવ્ય ફેશન ઈવેન્ટ યોજાયું, જ્યાં નવા ડ્રેસ કલેક્શનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. સ્ટુડિયોની કર્ણધાર મિસ ટીના પાત્રાના સંચાલનમાં લગભગ ૨૨ મોડેલ અને ૧૪ મેકઅપ કલાકારોએ આ શોમાં ભાગ લીધો. આધુનિક ફેશન ઈન્ડસ્ટ્રીની માંગને ધ્યાનમાં રાખીને ખાસ કરીને કરિશ્માત્મક વેસ્ટર્ન ડ્રેસ અને આવનારી લગ્ન સીઝનને કેન્દ્રમાં રાખીને એક્સક્લૂસિવ બ્રાઈડલ કલેક્શન રજૂ કરવામાં આવ્યું. સમગ્ર શૂટ વધુ આકર્ષક બન્યો પ્રખ્યાત ફોટોગ્રાફર રાજ ચક્રવર્તીની અદ્ભુત ફોટોગ્રાફીના સ્પર્શથી. નવા ટ્રેન્ડ, સ્ટાઈલ અને ગ્લેમરના સંયોજનથી આ ઈવેન્ટ ફેશનપ્રેમીઓનું ધ્યાન ખેંચવામાં સફળ રહ્યો.

મોડેલોમાં હાજર હતા નયના બેનર્જી, રિયા રાય, રાઈમા આચાર્ય, સૌમ્યશ્રી મજુમદાર, રિયા સાહા, રાની સાહા, નિધી ચક્રવર્તી, અમેરિકા મોંડલ, સંપુર્ણા સરદાર, અમૃતા દાસ, સુપ્રિયા શર્મા, શ્રેયા મિત્રા, સુસ્મિતા રાય, અતનુ કુન્ડુ, રિમ્પા નાથ, ઋત્વિકા સંત્રા, વૃષ્ટિ બણિક, દેવલીના પાલ, પ્રિયંકા બાઈન અને સંજના અધિકારી. મેકઅપ કલાકારોમાં હાજર હતા પોલી ઘોષ, બર્ણાલી સાધુખાન, શંપા સામુઈ, શ્રીપર્ણા સાહા ચક્રવર્તી, શિલ્પા ચૌધુરી, અંજલી ઠાકુર, શ્રદ્ધા ગુપ્તા, પ્રિયા મોંડલ, તિયાશા સંકી, સોમા ઘોષ, સાઈફા ખાતુન, તનુ વિશ્વાસ, અનિમા ખાતુન અને સોમેલી સિંહ રાય.

આ માત્ર ફેશન શો નથી—આ તો રંગો, સપનાઓ અને આત્મવિશ્વાસનું એક જીવંત કેનવાસ છે. રવિન્દ્રનાથના શબ્દોમાં, "સૌંદર્ય ક્યાં વસે છે, તે આંખોથી જોવાનું નથી"—આ આયોજન એ અદૃશ્યને દૃશ્યમાન બનાવી દીધું.




# શું તમે પણ આખો દિવસ ACમાં રહો છો? જાણો સ્વાસ્થ્ય પર તેની ગંભીર અસરો

ગુજરાત સહિત ઉત્તર ભારતમાં ઉનાળાનો પારો ગબડવાની સાથે જ લોકો ગરમીથી બચવા માટે એર કન્ડિશનર (AC)નો સહારો લઈ રહ્યા છે. ઓફિસ હોય કે ઘર, લોકો મોટા ભાગનો સમય બંધ રૂમમાં એસીની હવામાં રહેવામાં પસંદ કરે છે, પરંતુ તાજેતરના મેડિકલ રિપોર્ટ્સમાં ડોક્ટરોએ એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. એસીમાંથી નીકળતી કૃત્રિમ ઠંડી હવા આપણા શ્વસનતંત્ર પર સીધો હુમલો કરે છે. આ હવા માત્ર ત્વચાને સૂકી નથી બનાવતી, પરંતુ ફેફસાંની કુદરતી ભેજને પણ શોષી લે છે, જેના કારણે ઈન્ફેક્શનનો ખતરો અનેકગણો વધી જાય છે.

નિષ્ણાંતો પ્રમાણે, એસી રૂમની હવામાંથી ભેજને સંપૂર્ણપણે ખતમ કરી દે છે. જ્યારે આપણે આ સૂકી હવામાં શ્વાસ લઈએ છીએ, ત્યારે નાક અને ગળાની 'મ્યુકસ મેમ્બ્રેન' સુકાઈ જાય છે. આ મેમ્બ્રેન આપણને ધૂળ અને કિટાણુઓથી બચાવવાનું કામ કરે છે, પરંતુ તેના સુકાઈ જવાથી શરીરની કુદરતી સેફ્ટી લાઈન નબળી પડી જાય છે, પરિણામે શરદી, ઉધરસ અને સાઈનસ જેવી સમસ્યાઓ સામાન્ય બની જાય છે.

જો તમે અસ્થમા કે બ્રોન્કાઈટિસ જેવી બીમારીથી પીડાતા હોવ, તો એસીનો વધુ પડતો વપરાશ તમારા માટે ઘાતક સાબિત થઈ શકે છે. ઠંડી હવાના સંપર્કમાં આવતા જ શ્વાસની નળીઓ સંકોચવા લાગે છે, જેને મેડિકલ ભાષામાં 'બ્રોન્કોસ્પૈઝમ' કહેવામાં આવે છે. આ ઉપરાંત, જો એસીની સર્વિસિંગ સમયસર ન કરવામાં આવે તો તેના ફિલ્ટરમાં જમા થયેલી ફફૂંદ અને ધૂળના રજકણો સીધા ફેફસાં સુધી પહોંચે છે, જે ગંભીર એલર્જી અને અસ્થમાના એટેકનું કારણ બની શકે છે.

લાંબો સમય એસીમાં બેસી રહેવાથી ઘણા લોકોને માથામાં ભારેપણું કે થાક લાગે છે. આનું મુખ્ય કારણ બંધ રૂમમાં તાજી હવાનું સરક્યુલેશન ન હોવું છે. ઓક્સિજનનું સ્તર ઘટવું અને કાર્બન ડાયોક્સાઈડનું સ્તર વધવું એ 'સિક બિલ્ડિંગ સિન્ડ્રોમ'ના લક્ષણો છે. આ સ્થિતિમાં લોકો સુસ્તી અનુભવે છે. આથી જ ડોક્ટરો સલાહ આપે છે કે દિવસમાં એકવાર બારી-બારણાં ખોલીને તાજી હવા અને સૂર્યપ્રકાશને અંદર આવવા દેવા જોઈએ જેથી બેક્ટેરિયાનો નાશ થાય.

નિષ્ણાતોના મતે એસીનું તાપમાન હંમેશા ૨૪ઞ થી ૨૬C ની વચ્ચે રાખવું હિતાવહ છે. ૧૬ કે ૧૮ ડિગ્રી જેટલું નીચું તાપમાન શરીરના મેટાબોલિઝમ પર ખરાબ અસર કરે છે. આ સિવાય, એસીમાં રહેતી વખતે શરીરને હાઈડ્રેટ રાખવા માટે પૂરતું પાણી પીવું જોઈએ. દર ૧૫ દિવસે એસીના ફિલ્ટર સાફ કરવા અને એસી વાળા રૂમમાંથી સીધા તડકામાં ન જવું જોઈએ. બહાર જવાની ૫-૧૦ મિનિટ પહેલા એસી બંધ કરી દેવું જોઈએ જેથી શરીર બહારના તાપમાન સાથે અનુકૂલન સાધી

**નિષ્ણાતોના મતે એસીનું તાપમાન હંમેશા ૨૪°C થી ૨૬°C ની વચ્ચે રાખવું હિતાવહ છે. ૧૬ કે ૧૮ ડિગ્રી જેટલું નીચું તાપમાન શરીરના મેટાબોલિઝમ પર ખરાબ અસર કરે**

# મુકુટમાં મળે સપનાઓનો સ્પર્શ

ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતા:- શહેરમાં આયોજિત થયો એક ભવ્ય સૌંદર્ય અને વ્યક્તિત્વનો કાર્યક્રમ—"મિસિસ અને મિસ ઈન્ડિયા ૨૦૨૬", જેનું આયોજન શિવાયના ક્રિએશન્સ દ્વારા કરવામાં આવ્યું હતું। લગભગ ૪૦ સ્પર્ધકોને લઈને ત્રણ અલગ વિભાગોમાં આ સ્પર્ધા યોજાઈ હતી। કાર્યક્રમનું સંચાલન કમલ દાસ દ્વારા કરવામાં આવ્યું, જેમની કુશળ વ્યવસ્થાપનથી સમગ્ર કાર્યક્રમ જીવંત બની ગયો હતો। સ્પર્ધકોએ પોતાની સુંદરતા, આત્મવિશ્વાસ અને પ્રતિભાનું અનોખું સંયોજન રજૂ કર્યું હતું। નિષ્ણાત જજોની સમજદારીપૂર્ણ મૂલ્યાંકન દ્વારા દરેક વિભાગમાંથી શ્રેષ્ઠ સ્પર્ધકો પસંદ કરવામાં આવ્યા, જેમણે પોતાની પ્રતિભાથી આ સન્માન મેળવ્યું હતું। આ કાર્યક્રમમાં જજ તરીકે માધવીલતા મિત્રા, ફાલ્ગુની ભટ્ટાચાર્ય અને શુભમિતા પાલ હાજર રહ્યા હતા।

મિસ વિભાગમાં પ્રથમ સ્થાન અન્વેષા ખાનએ મેળવ્યું। બીજા સ્થાને શ્રીજા ગાંગુલી અને ત્રીજા સ્થાને સ્વેતા સેન રહ્યા। મિસિસ વિભાગમાં પ્રથમ સ્થાન મૌમિતા ઘોષ ચક્રવર્તીએ મેળવ્યું। બીજા સ્થાને ડૉ. પિયાસી સિંહ રાય અને ત્રીજા સ્થાને ડૉ. અમૃત ભટ્ટાચાર્ય રહ્યા। ઉપરાંત ચોથા અને પાંચમા સ્થાને અરુણિમા પાલ ઘોષ અને સાથી રાય રહ્યા।મિસિસ ક્લાસિક વિભાગમાં પ્રથમ સ્થાન ડાલિયા ઘોષએ મેળવ્યું। બીજા સ્થાને અંતરા રાય અને ત્રીજા સ્થાને સૃંખા સહા રહ્યા। ચોથા અને પાંચમા સ્થાને રૂમા ચક્રવર્તી અને સુપર્ણા મદક રહ્યા।સમગ્ર કાર્યક્રમ ઉત્સવમય રહ્યો અને સ્પર્ધકોને પોતાની પ્રતિભા રજૂ કરવા માટે એક અનોખું મંચ પૂરું પાડ્યું, જેને ઉપસ્થિત દર્શકોના દિલ જીતી લીધા।






## વિશ્વ જળ દિવસ-૨૦૨૬ નિમિત્તે

# જળ સુરક્ષા અને સમાવેષી સંચાલન વિષયે અદાણી ફાઉન્ડેશન અને સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ એજ્યુકેશન દ્વારા સંવાદ યોજાયો

અમદાવાદ, ૨૪ માર્ચ ૨૦૨૬: વિશ્વ જળ દિવસ ૨૦૨૬ નિમિત્તે અમદાવાદના સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ એજ્યુકેશનના (CEE) કેમ્પસમાં પાણી સુરક્ષા પર બહુ-હિતધારક ગણમાન્ય લોકો સાથે અદાણી સમૂહની સામાજિક કલ્યાણ અને વિકાસ પાંખ, અદાણી ફાઉન્ડેશને રાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત પર્યાવરણીય શિક્ષણ સંસ્થા સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ એજ્યુકેશનના સહયોગમાં ચર્ચાસભાનું આયોજન કર્યું હતું.

આ ચર્ચાસભામાં નીતિ નિર્માતાઓ, ઉદ્યોગોના પ્રતિનિધિઓ, કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) ના અગ્રણીઓ અને વિકાસ પ્રેક્ટિશનરો ભારત સમક્ષના પાણીના પડકારોના ઉકેલો સંબંધી વિષદ છણાવટમાં ભાગ લીધો હતો.

CEE ના ડિરેક્ટર કાર્તિકેય સારાભાઈએ કહ્યું હતું કે પાણી આપણા સમયના નિર્ણાયક પડકારોમાંનો એક રહેવાનો છે ત્યારે આપણે વિપુલતાના ભ્રમથી આગળ વધીને ગ્રામીણ ભારતમાં મહિલાઓ પર પાણીની અછતના અપ્રમાણસર બોજને ઓળખવો જોઈએ. તેમણે કહ્યું હતું કે ભાવિ પથ પરંપરાગત જ્ઞાનને યુવાનોની આગેવાની હેઠળની કાર્યવાહી સાથે જોડવામાં સમાયેલો છે. વિકસિત ભારતે દરેક ટીપાનું મૂલ્યાંકન કરીને તેની શરૂઆત કરવી જોઈએ.




અતિથિ વિશેષ પદેથી પોતાના વિચારો વ્યકત કરતા અદાણી ફાઉન્ડેશનના ડિરેક્ટર વસંત ગઢવીએ જણાવ્યું હતું કે જળ સુરક્ષા ફક્ત નીતિ દ્વારા ઉકેલી શકાતી નથી. ત્યારે તે સમુદાયો દ્વારા સંચાલિત થવી જોઈએ. તેમણે કહ્યું હતું કે વિશ્વ જળ દિવસ ભૂગર્ભજળના ઘટાડા અને આબોહવા પરિવર્તનશીલતાની તાકીદ પર પ્રતિબિંબિત કરવા સાથે તેના ઉપર ઠોસ કાર્ય કરવાનો સમય છે. જળ સંરક્ષણ એક સતત, સામૂહિક ચળવળ બની શકે તે હેતુથી અદાણી ફાઉન્ડેશન જળ સંસાધનોની સ્થાનિક માલિકીને સક્ષમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

વિશ્વ જળ દિવસ ૨૦૨૬ માટે સંયુક્ત રાષ્ટ્રની થીમ, "પાણી અને જાતિ" સાથે સંકલિત આ ચર્ચામાં પાણીની પહોંચ અને જાતિ સમાનતા તથા સંકલિત અને સ્કેલેબલ દરમિયાનગિરીની જરૂરિયાત વચ્ચેના જોડાણ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

મર્યાદિત તાજા પાણીની ઉપલબ્ધતા સાથે વૈશ્વિક વસ્તીના લગભગ પાંચમા ભાગને ભારત ટેકો આપે છે, જે પાણીની સુરક્ષાને વિકાસની મુખ્ય પ્રાથમિકતા બનાવે છે. આ ચર્ચામાં સામેલ રહેલા સહભાગીઓએ જણાવ્યું હતું કે પાણીની પહોંચ આજીવિકા, કૃષિ અને લાંબા ગાળાની આર્થિક સ્થિતિસ્થાપકતા માટે મહત્વપૂર્ણ રહેવાની છે.

અદાણી ફાઉન્ડેશને જણાવ્યું હતું કે તે જળસંકટગ્રસ્ત વિસ્તારોમાં સમુદાય-આધારિત જળ વ્યવસ્થાપન કાર્યક્રમોનો વિસ્તાર કરવા તરફની તેની સતત કામગીરી સંરક્ષણ, સુલભતા અને શાસનને જોડે છે.

આ પ્રયાસોના ભાગ રૂપે હાથ ધરાયેલી પહેલો મારફત સમગ્ર ભારતમાં ૧૬.૨૮ અબજ લિટર વધારાની જળ સંગ્રહ ક્ષમતાનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પહેલો અંતર્ગત નિર્માણ થયેલું જળ સંગ્રહનું માળખું ગુજરાતના કચ્છ, રાજસ્થાનના કેટલાક ભાગો અને મહારાષ્ટ્રના વિદર્ભમાં ફેલાયેલું છે, જેમાં વોટરશેડ વિકાસ, વરસાદી પાણીનો સંગ્રહ અને સમુદાય-આધારિત જળ શાસન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં શહેરી જળ પધ્ધતિઓ, પાણી, સેનિટેશન અને હાઈજીનની (WASH) મધ્યસ્થી અને સમુદાય-આધારિત શાસન મોડેલ પર ટેકનિકલ સત્રોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. એક પેનલ ચર્ચામાં પાણીના ઉકેલોને ચકાસવા માટે સરકાર, ઉદ્યોગ અને નાગરિક સમાજ વચ્ચે ભાગીદારીની તપાસણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અદાણી ફાઉન્ડેશનના સી.ઈ.ઓ. ડૉ. અભિષેક લખટકિયા અને મુન્દ્રા પેટ્રોકેમિકલ્સ લિ.ના પર્યાવરણના વડા શ્રી વિનય કુમાર જૈન હાજર રહ્યા હતા.સંકલિત કાર્યવાહીની હાકલ સાથે સંપ્પન થયેલી ચર્ચા સભામાં સહભાગીઓએ લાંબા સમય સુધી પાણીની પહોંચ સુનિશ્ચિત કરવામાં સહયોગ વધારવા અને નવીનીકરણની ભૂમિકા ઉપર ભાર મૂક્યો હતો.

# શું ડાયટિંગ કરવા છતાં વજન નથી ઘટતું? જાણો મેદસ્વિતા પાછળના આ આઠ કારણો

આજના સમયમાં જંક ફૂડ, પ્રોસેસ્ડ ફૂડ અને ફેટયુક્ત આહારને જ મેદસ્વિતાનું એકમાત્ર કારણ માનવામાં આવે છે, પરંતુ તબીબી જગતમાં એક નવી જ વાસ્તવિકતા સામે આવી રહી છે અનેક લોકો સખત ડાયટિંગ અને કેલેરી કંટ્રોલ કરવા છતાં પોતાનું વજન ઘટાડી શકતા નથી.

એન્ડોક્રાઈનોલોજિસ્ટ્સ (હોર્મોન નિષ્ણાતો) પાસે આવતા અનેક દર્દીઓની આ જ ફરિયાદ હોય છે. વાસ્તવમાં, મેદસ્વિતા પાછળ હોર્મોન્સ, ઊંઘની ગુણવત્તા, આનુવંશિકતા (જીનેટિક્સ) અને માનસિક તણાવ જેવા અનેક 'હિડન ફેક્ટર્સ' જવાબદાર હોય છે. વજન ઘટાડવાની પ્રક્રિયાને સફળ બનાવવા માટે માત્ર જિમ જવું કે ઓછું ખાવું પૂરતું નથી, પરંતુ શરીરની આંતરિક પ્રણાલીને સમજવી પણ તેટલી જ જરૂરી છે.




મેટાબોલિઝમ, ભૂખ અને ચરબીના સંગ્રહને મેનેજ કરવા માટે હોર્મોન્સ સૌથી મહત્વના છે. જો હોર્મોન્સમાં સહેજ પણ ગરબડ થાય તો તમે મેદસ્વીતાનો શિકાર બની શકો છો. સૌથી સામાન્ય સમસ્યા 'થાઈરોઈડ' હોર્મોનની ઉણપ છે, જેને હાઈપોથાઈરોઈડિઝમ કહેવાય છે. આનાથી મેટાબોલિઝમ ધીમું પડી જાય છે અને વજન વધવા લાગે છે. આ સિવાય, મહિલાઓમાં પીસીઓએસ (PCOS) ને કારણે હોર્મોનલ ઈમ્બેલેન્સ થાય છે, જે પેટના ભાગે ચરબીમાં ઝડપથી વધારે છે.

કેટલાક લોકોની શારીરિક રચના જ એવી હોય છે કે તેમનું વજન સરળતાથી વધી જાય છે. તમારી ભૂખ કેટલી લાગશે, ચરબી ક્યાં જમા થશે અને મેટાબોલિક રેટ કેવો રહેશે, તેના પર જીન્સનો મોટો પ્રભાવ હોય છે. જો પરિવારમાં મેદસ્વિતાનો ઈતિહાસ હોય તો વજન વધવાની શક્યતા વધી જાય છે. જોકે, તેનો અર્થ એ નથી કે આ વજન ઘટાડી શકાતું નથી, પરંતુ તેને માટે તમારે સામાન્ય વ્યક્તિ કરતા વધુ ચોકસાઈ રાખવી પડે છે.

ઊંઘની ગુણવત્તા અને સર્કાડિયન રિધમ

શરીરના હોર્મોન્સને રેગ્યુલેટ કરવા માટે પૂરતી ઊંઘ અનિવાર્ય છે. જો તમે ઓછી ઊંઘ લો છો, તો ભૂખને કંટ્રોલ કરનારા 'લેપ્ટિન' અને 'ઘ્રેલિન' નામના હોર્મોન્સનું સંતુલન બગડે છે. આનાથી હાઈ કેલરી ફૂડની ક્રેવિંગ વધે છે. રાત્રે મોડે સુધી જાગવું કે મોબાઈલ-લેપટોપનો વપરાશ શરીરની કુદરતી 'સર્કાડિયન રિધમ'ને બગાડે છે, જે અંતે મેટાબોલિક રેટ ધીમો કરીને વજન વધારે છે.

માનસિક તણાવ અને કોર્ટિસોલ

માનસિક સ્વાસ્થ્ય સીધી રીતે તમારા વજન સાથે જોડાયેલું છે. જ્યારે તમે તણાવમાં હોવ છો, ત્યારે શરીરમાં 'કોર્ટિસોલ' હોર્મોનનું સ્તર વધી જાય છે. જો આ સ્તર લાંબા સમય સુધી ઊંચું રહે, તો શરીરમાં ફેટ સ્ટોરેજ વધે છે, ખાસ કરીને પેટની આસપાસની ચરબી (ફૈજ-ષ્ઠીક્ષિક્ષ્ન ઙ્ઘં). તણાવને કારણે ઘણા લોકો 'ઈમોશનલ ઈટિંગ' કરે છે, એટલે કે ભૂખ ન હોવા છતાં ટેન્શન દૂર કરવા ખોરાક લે છે, જે વજન વધારે છે.

તમારા આંતરડામાં રહેલા બેક્ટેરિયા (Gut Microbiome) મેટાબોલિઝમ પર સીધી અસર કરે છે. પ્રોસેસ્ડ ફૂડ, વારંવાર એન્ટીબાયોટીક્સનો વપરાશ કે ખરાબ ડાયટથી ગટ બેક્ટેરિયામાં અસંતુલન આવી જાય છે. આનાથી શરીરની કેલરી સ્ટોર કરવાની અને તેને ખર્ચ કરવાની ક્ષમતા પ્રભાવિત થાય છે. સંશોધનો મુજબ, જો આંતરડાના બેક્ટેરિયા હેલ્ધી ન હોય તો શરીરમાં સોજાu (Inflammation) આવે છે અને મેદસ્વીતાનો ખતરો વધી જાય છે.

ઘણી વાર આપણે જે દવાઓ લઈએ છીએ તે અજાણતા વજનમાં વધારો કરે છે. આમાં ખાસ કરીને એન્ટિ-ડિપ્રેશન (માનસિક રોગોની દવા), સ્ટેરોઈડ્સ અને ડાયાબિટીસની કેટલીક ચોક્કસ દવાઓનો સમાવેશ થાય છે. જો તમને લાગતું હોય કે કોઈ દવા શરૂ કર્યા પછી તમારું વજન વધી રહ્યું છે, તો ડોક્ટરની સલાહ લીધા વિના દવા બંધ ન કરો, પરંતુ તેના અન્ય વિકલ્પો વિશે ડોક્ટર સાથે ચોક્કસ ચર્ચા કરો.

જ્યારે શરીર ઈન્સ્યુલિન હોર્મોનનો યોગ્ય રીતે ઉપયોગ નથી કરી શકતું, ત્યારે લોહીમાં રહેલું ગ્લુકોઝ એનર્જીમાં રૂપાંતરિત થવાને બદલે ચરબી બનીને જમા થવા લાગે છે. આ સ્થિતિ ટાઈપ-૨ ડાયાબિટીસ કે પ્રી-ડાયાબિટીસ સાથે જોડાયેલી છે. આવા દર્દીઓને સતત ભૂખ લાગે છે અને પેટની ચરબી ઘટાડવી તેમના માટે ખૂબ જ મુશ્કેલ બની જાય છે. આ એક ગંભીર મેડિકલ સ્થિતિ છે જેમાં ડોક્ટરની સારવાર જરૂરી છે.

ડાયટિંગ કરવા છતાં જો તમારી શારીરિક હિલચાલ ઓછી હોય, તો વજન ઘટતું નથી. કલાકો સુધી બેસી રહેવાથી કે શારીરિક સક્રિયતાના અભાવે કેલરી બર્ન થતી નથી અને મેટાબોલિઝમ અત્યંત ધીમું પડી જાય છે. માત્ર ઓછું ખાવું પૂરતું નથી, પરંતુ સ્નાયુઓની મજબૂતી (Muscle-building) અને એક્ટિવિટી પણ તેટલી જ જરૂરી છે. જો ડાયટ છતાં વજન ન ઘટે, તો નિષ્ણાત ડોક્ટરની સલાહ લો, કારણ કે તે કોઈ છુપા રોગનો સંકેત હોઈ શકે છે.

## તંત્રી લેખ...-

**બુધવાર, તા. ૨૫ માર્ચ ૨૦૨૬**

# સંકટની ઘડીમાં ગભરાટ નહીં, સ્વસ્થતાની જરૂર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે લોકસભામાં અને મંગળવારે રાજ્યસભામાં નિવેદન કરીને ઈરાન વિ. અમેરિકા-ઈઝરાયલ યુદ્ધના સિનારિયોમાં દેશવાસીઓને ગભરાટમાં ઉતાવળિયું વર્તન ન કરવા સલાહ આપતાં કહ્યું છે કે, ઈંધણ-ગેસની અછત નહીં થવા દેવાય, ચિંતા ન કરો. આમ છતાં ગુજરાતની સાથે કચ્છમાં પણ બે દિવસથી પેટ્રોલપંપો પર ભારે ધસારો થતાં પુરવઠા અને ખપતની સમતુલા ખોરવાઈ ગઈ છે. નાનાં ગામથી મહાનગર સુધી ઈંધણ ભરાવવા પ્રલંબ લાઈનો લાગી. લોકો ટુ-વ્હીલરથી ફોર વ્હીલરની ટાંકી ફુલ કરાવવા મંડતાં કેટલાક સ્થળે માલ ખૂટી ગયો, પેટ્રોલપંપ પર 'નો સ્ટોક'નાં ઝૂલતાં પાટિયાંએ વધુ ગંભરાટ ફેલાવ્યો હતો. ઈંધણ આજની સૌથી તીવ્ર જરૂરિયાતની વસ્તુ છે. રાંધણગેસથી લઈને પેટ્રોલ-ડીઝલ પર ઘર-કારોબાર-જનજીવન નભી રહ્યું છે. યુદ્ધની સ્થિતિના બિહામણાં ચિત્રો લોકોને ગભરાવે એ સ્વાભાવિક છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો હોવાનું જણાવીને લોકોને ગભરાટમાં ન રહેવા અને અફવાઓથી દોરવાઈ ન જવા સલાહ આપી છે. ખરેખર ઈંધણની તંગી છે એ પ્રશ્ન ચર્ચાની એરણે છે. તંત્ર કે સરકાર ઈંધણ-ગેસનો પુરવઠો સામાન્યતઃ જળાવાય એ માટે કટિબદ્ધ છે એ ખરું, પણ હોર્મુઝ ખાડી પર ઈરાનનો કબજો, ઓઈલ ટેન્કર પર હુમલા, ગલ્ફના જુદા જુદા દેશના તેલ-ગેસ પ્રતિષ્ઠાનો પર મિસાઈલમારો, આ પરિસ્થિતિ જોતાં જ સમજી શકાય કે, સપ્લાય અટક્યો ભલે નહીં, દબાણમાં તો છે જ. વડાપ્રધાને તેમનાં નિવેદનમાં પરિસ્થિતિ સામાન્ય બની રહે એ માટેના સરકારના પ્રયાસોની વિગતો આપી છે. સાથે કોરોના સમયને યાદ કરીને કહ્યું છે કે, સંકટ છે તો ખરું જ, પણ રાષ્ટ્રે મુશ્કેલીના સમયમાં એક રહીને સ્થિતિનો સામનો કરવો પડશે. નાગરિકોને આમ કરતાં આવડે છે. વડાપ્રધાનના શબ્દો પાછળની ગંભીરતા સમજવા જેવી છે. ઈરાન યુદ્ધે દુનિયામાં જે પરિસ્થિતિ સર્જી છે એની અસર લાંબો સમય સુધી રહી શકે છે. લડાઈ જ્યાં ચાલી રહી છે તે ક્ષેત્ર સાથે ભારતનું વેપારી જોડાણ છે. ઓઈલ-ગેસની પુરવઠા સાંકળ પણ તે દેશો સાથે છે. આ યુદ્ધને લીધે વિશ્વમાં જે મુશ્કેલી ઊભી થઈ છે તેની અસર લાંબા સમય સુધી રહેવાની શક્યતા છે, તેથી આપણે કપરા સંજોગ માટે તૈયાર રહેવું પડશે. એક તરફ અફવાનો દોર ચાલી રહ્યો છે, પ્રજાનાં મનમાં પણ સંશયો છે તે વેળાએ વડાપ્રધાને કહ્યું કે, આપણે ધીરજ, સંયમ અને શાંત મનથી કામ લેવું પડશે. આ જ આપણી ઓળખ છે અને તાકાત છે. કેટલાક તત્ત્વો આ સ્થિતિનો ગેરલાભ ઊઠાવવાનો પણ પ્રયાસ કરશે. કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ન બગડે તે માટે આપણે બધી એજન્સીઓને પણ સતર્ક રાખી છે. સીમા હોય કે સાયબર પ્લેટફોર્મ તમામ રીતે આપણે સજ્જ છીએ. દેશની દરેક સરકાર અને પ્રત્યેક નાગરિક સાથે મળીને આગળ વધશે તો આપણે કોઈ પણ કસોટીનો સામનો કરી શકશું. વડાપ્રધાનની ચિંતા દેશના આર્થિક વિકાસમાં રૂકાવટ અંગે છે. તેમણે કહ્યું કે, વિકાસની ગતિ જળવાઈ રહે એ માટે રાષ્ટ્રએ એક ટીમ બનીને સંયુક્ત રીતે કામ કરવું પડશે. શ્રી મોદીએ રાજ્યોને કોરોના સમયે સાથે રહીને કામ કર્યું હતું એવો સહયોગ દેવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે, આ સમય અમુક ઝડપી નિર્ણયો લેવાનો છે. યુદ્ધને લીધે ઊભી થયેલી સ્થિતિ ત્રણ સપ્તાહથી ચાલી રહી છે. વૈશ્વિક અર્થવ્યવસ્થા અને લોકોનાં જીવન ઉપર તેની અસર પડી રહી છે તેવો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે, આ તનાવ શક્ય તેટલો જલ્દી પૂર્ણ થાય તેવો સ્પષ્ટ સંદેશ ભારતની સંસદ આપવા માગે છે.

# બાંગલાદેશની ઈદ ડિપ્લોમસી

ભારત-બાંગલાદેશ વચ્ચેના ટાઢાબોળ સંબંધોમાં ઉષ્માનો સંચાર થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના બાંગલાદેશી સમકક્ષ તારિક રહેમાને ઈદ-ઉલ-ફિત્ર નિમિત્તે લખેલા પત્રમાં ભારત સાથે સુદૃઢ સંબંધોની ઈચ્છા વ્યક્ત કરી છે. ઈદ નિમિત્તે વડાપ્રધાન મોદીએ રહેમાન અને બાંગલાદેશના લોકોને શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો, જેના જવાબમાં રહેમાને પત્ર લખ્યો હતો. આ પહેલાં પણ રહેમાને ફેબ્રુઆરી મહિનામાં બાંગલાદેશમાં યોજાયેલી ચૂંટણીમાં વિજય મેળવ્યો ત્યારે વડાપ્રધાન પદની શપથવિધિ પહેલાં પણ મોદીએ તેમને પત્ર લખ્યો હતો. એ પત્રના જવાબમાં રહેમાને લખ્યું હતું કે, ભૂતકાળને કોરાણે મૂકી ઢાકા નવી દિલ્હી સાથેના ઐતિહાસિક અને લાંબા ગાળાના સંબંધોને આગળ વધારવા તૈયાર છે. આપણા સહિયારા ઈતિહાસ, સંસ્કૃતિ અને ભૂગોળ દ્વારા બંને દેશના સંબંધોને આકાર મળ્યો છે અને તેને અમે સૌથી વધુ મહત્ત્વ આપીએ છીએ. ઈન્ડિયન પ્રીમિયર લીગમાંથી બાંગલાદેશના ઝડપી બોલર મુસ્તાફિઝુર રહેમાનને દૂર કરાયા બાદ બંને દેશ વચ્ચે ચકમક શરૂ થઈ હતી,

જેના પગલે બાંગલાદેશની ટીમ ભારતમાં રમાયેલી ટી-૨૦ વર્લ્ડ કપ સ્પર્ધામાંથી ખસી ગઈ હતી. બંને દેશોમાં ક્રિકેટને ધર્મ જેવો દરજ્જો પ્રાપ્ત છે અને ભારત આગામી સપ્ટેમ્બર મહિનામાં મર્યાદિત ઓવર્સની શ્રેણી રમવા બાંગલાદેશ જવાનું છે. આ માટે બાંગલાદેશે આયર્લેન્ડનો પ્રવાસ રદ કર્યાના અહેવાલ છે. પાડોશી દેશો વચ્ચેના સંબંધો ફરી સામાન્ય બનવા તરફ આગળ વધી રહ્યાના આ બે સારા સંકેત છે. ૨૦૨૪માં વિદ્યાર્થી આંદોલનને પગલે શેખ હસીના સરકારના થયેલા પતન બાદ બાંગલાદેશમાં હિન્દુઓ સામેની હિંસા અને ભારતવિરોધી વાતાવરણ જોરમાં હતું. જો કે, ચૂંટણી પહેલાં ખાલિદનું પુનરાગમન અને મોટા માર્જિનથી તેના પક્ષને મળેલા વિજયને ભારતે વધાવ્યો હતો. પાડોશી દેશોમાં અસ્થિરતા અને ચીની હસ્તક્ષેપને કારણે ભારતની ચિંતાઓ વધી હતી, પણ રહેમાનની ઈદ ડિપ્લોમસીને કારણે સંબંધો ફરી સામાન્ય થવાની આશા પ્રબળ થઈ છે.

જેના પગલે બાંગલાદેશની ટીમ ભારતમાં રમાયેલી ટી-૨૦ વર્લ્ડ કપ સ્પર્ધામાંથી ખસી ગઈ હતી. બંને દેશોમાં ક્રિકેટને ધર્મ જેવો દરજ્જો પ્રાપ્ત છે અને ભારત આગામી સપ્ટેમ્બર મહિનામાં મર્યાદિત ઓવર્સની શ્રેણી રમવા બાંગલાદેશ જવાનું છે.

**મુસ્લિમોમાં પત્ની, દીકરી, માતા વગેરે સ્ત્રીઓને પિતાની સંપત્તિમાં ભાગ નથી મળતો**

# પ્રત્યેક પક્ષની તુષ્ટીકરણ નીતિ-રીતિ વિભિન્ન છે

## સમાન સિવિલ કોડનો વિરોધ મુસલમાનો કરે છે કેમ કે મુસ્લિમ પુરુષોને ચાર પત્ની રાખવાના અભરખા છે

ગુજરાત કેબિનેટે સમાન નાગરિક સંહિતા એટલે કે 'યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી); ને મંજૂરી આપી દીધી. ગુજરાત સરકાર ૨૫ માર્ચે વિધાનસભામાં સમાન નાગરિક સંહિતા, ૨૦૨૬ બિલ રજૂ કરવાની છે. વિધાનસભામાં ભાજપ પાસે જંગી બહુમતી છે એ જોતાં આ બિલ જંગી બહુમતીથી પસાર થશે તેમાં શંકા નથી. રાજ્યપાલ ભાજપના છે અને રાષ્ટ્રપતિ પણ ભાજપનાં છે એ જોતાં ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ના અમલ આડે કોઈ અવરોધ નથી. હા, સવાલ માત્ર સમયનો જ છે. અત્યારે દેશમાં ઉત્તરાખંડ વિધાનસભામાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) પસાર કરનારું એક માત્ર રાજ્ય છે ને બીજું કોઈ રાજ્ય યુસીસીના અમલની ઉતાવળમાં નથી તેથી ગુજરાત દેશમાં યુસીસીનો ખરડો પસાર કરનારુ બીજું અને યુસીસીનો અમલ કરનારું ત્રીજું રાજ્ય બની જશે એવું લાગે છે. ઉત્તરાખંડ સિવાય અત્યારે ગોવામાં સમાન સિવિલ કોડનો અમલ થાય છે. ગોવાનો સમાન સિવિલ કોડ અગાઉના પોર્ટુગીઝ શાસનની દેન હતી તેથી ગોવા ભારતમાં ભળ્યું પછી યુસીસીનો કાયદો બન્યો નથી. ગોવામાં અગાઉના યુસીસીનો અમલ ચાલુ રહ્યો તેનું કારણ એ છે કે ત્યાં હિંદુઓ બહુમતીમાં છે અને ખ્રિસ્તીઓની વસતિ નોંધપાત્ર છે, જ્યારે મુસલમાનો નગણ્ય છે. સમાન સિવિલ કોડનો વિરોધ મુસલમાનો કરે છે કેમ કે મુસ્લિમ પુરુષોને ચાર પત્ની રાખવાના અભરખા છે ને દીકરીઓને સંપત્તિમાં ભાગ નથી આપવો. હિંદુ તથા ખ્રિસ્તીઓ સમાન સિવિલ કોડના તરફદાર હોવાથી મુસ્લિમ તુષ્ટિકરણના ચેમ્પિયન કૉંગ્રેસની સરકાર હોવા છતાં ગોવામાં સમાન સિવિલ કોડ સામે હોહા ના થઈ. બાકી મુસ્લિમોની થોડીક પણ વસતિ હોત તો યુસીસી સામે ગણગણાટ થયો હોત ને કૉંગ્રેસ સરકારોએ મુસ્લિમોને રાજી રાખવા યુસીસી નાબૂદ કરી દીધો હોત. ઓછી મુસ્લિમ વસતિના કારણે ત્યાં યુસીસી ટકી ગયો. ખેર, આપણે ગોવાની વાત બાજુ પર મૂકીએ ને ગુજરાતની વાત પર પરત આવીએ. ગુજરાત કેબિનેટે મંજૂર કરેલા યુસીસી બિલમાં તમામ જોગવાઈ ઉત્તરાખંડના કાયદા જેવી જ છે એ જોતાં ગુજરાતનું બિલ ઉત્તરાખંડના યુસીસીની ડીટ્ટો કોપી છે. ઉત્તરાખંડની જેમ ગુજરાતના યુસીસીમાં પણ તમામ ધર્મનાં લોકો માટે લગ્ન, છૂટાછેડા, વારસાઈ, ખાધા-ખોરાકી અને દત્તક લેવાની બાબતોમાં એકસરખા નિયમો લાગુ પડશે. ભારતમાં અમલી મુસ્લિમ પર્સન લો મુસ્લિમ મહિલાઓ માટે અન્યાયકારક છે કેમ કે તેમાં મહિલાઓને સંપત્તિમાં હિસ્સો સહિતના અધિકાર નથી, જ્યારે હિંદુ, શીખ, ખ્રિસ્તી વગેરે અન્ય ધર્મની મહિલાઓને આ અધિકાર છે. ગુજરાતના યુસીસીમાં મુસ્લિમ મહિલાઓને પણ બીજા ધર્મની મહિલાઓ માટેના કાયદા જ લાગુ પડશે તેથી આ અન્યાય દૂર થશે. ગુજરાતના હિંદુ, શીખ, ખ્રિસ્તી, મુસ્લિમ સહિતના તમામ ધર્મનાં લોકો માટે લગ્ન અને લિવ-ઈન રીલેશનશિપ બંનેની નોંધણી ફરજિયાત કરવામાં આવી છે. લગ્ન જ નહીં, પણ લિવ-ઈન રીલેશનમાં પણ પોતાની ઓળખ કે ધર્મ છૂપાવનાર માટે ૧૦ વર્ષ, સુધીની જેલની સજા હોવાથી 'લવ જિહાદ' ને રોકવાની પણ જોગવાઈ છે. કોઈ પણ પુરુષ એક પત્ની હોવા છતાં બીજી પત્ની નહીં રાખી શકે ને ધર્મની આડમાં પત્નીને છૂટી નહીં કરી શકે કેમ કે છૂટાછેડા કોર્ટ મારફતે જ થશે. મુસ્લિમોમાં સ્ત્રીએ તલાક પછી ફરી એ જ પુરુષ સાથે લગ્ન કરવાં માટે હલાલા, ઈદ્દત વગેરે વાહિયાત નિયમો પાળવા પડે છે. મતલબ કે, બીજા પુરુષ સાથે શરીર સંબંધ બાંધવા પડે છે. સ્ત્રી માટે આવા અત્યંત અપમાનજનક નિયમો કાઢી નાખવામાં આવ્યા છે. મુસ્લિમોમાં પત્ની, દીકરી, માતા વગેરે સ્ત્રીઓને પિતાની સંપત્તિમાં ભાગ નથી મળતો, પણ ગુજરાતના યુસીસીમાં સ્ત્રી અને પુરુષ બંનેને વારસાઈમાં સમાન હકદાર ગણાવામાં આવ્યા છે. કોઈ વ્યક્તિ વસિયત બનાવ્યા વિના ગુજરી જાય તો તેની સંપત્તિ પર કોનો અધિકાર હશે એ માટે ત્રણ કેટેગરી છે. તેમાં પત્ની, પુત્ર-પુત્રી, માતા-પિતા પહેલી કેટેગરીમાં છે તેથી દીકરી પણ સંપત્તિમાં દીકરા જેટલી જ ભાગીદાર હશે. અહીં એક મહત્ત્વની જોગવાઈ લગ્નના એક વર્ષ સુધી છૂટાછેડા નહીં થઈ શકે એ પણ છે. આમ છતાં ગુજરાતના યુસીસીની જોગવાઈઓ ઉત્તરાખંડના જેવી જ છે પણ તેને સાચા અર્થમાં યુસીસી કહી શકાય તેમ નથી. યુસીસીનો મતલબ રાજ્યના તમામ નાગરિકો માટે એકસરખા કાયદા કે નિયમો એવો થાય પણ નથી ઉત્તરાખંડનો યુસીસી તમામ નાગરિકોને લાગુ પડતો કે ગુજરાતનો યુસીસી પણ તમામ નાગરિકોને લાગુ નથી પડવાનો. ઉત્તરાખંડની જેમ ગુજરાતમાં પણ આદિવાસીઓને યુસીસીના દાયરાથી બહાર રાખવામાં આવ્યા છે. ઉત્તરાખંડની વસતિમાં અનુસૂચિત જનજાતિ એટલે કે આદિવાસી સમુદાયની વસતિ માત્ર ચાર ટકા જ છે તેથી તેના તરફ બહુ લોકોનું ધ્યાન નહોતું ખેંચાયું, પણ ગુજરાતમાં આદિવાસીઓની વસતિ ૧૫ ટકાથી વધારે છે. રાજ્યના ૧૫ ટકાથી વધારે લોકોને લાગુ નહીં પડતો કાયદો યુનિફોર્મ સિવિલ કોડ કઈ રીતે કહેવાય ? ગુજરાતના યુસીસીએ શાસક પક્ષના બેવડાં ધોરણોને ફરી છતાં કર્યાં છે. જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦નો ભાજપ એમ કહીને વિરોધ કરતો કે એક દેશમાં બે કાયદા ના ચાલે જ્યારે અહીં તો એક રાજ્યમાં જ બે કાયદા હશે. ૮૫ ટકા વસતિ માટે અલગ કાયદો ને ૧૫ ટકા વસતિ માટે અલગ કાયદો એ કઈ રીતે ચાલે? પહેલાં ભાજપ યુનિફોર્મ સિવિલ કોડની વાત કરતો ત્યારે સૌને આ વાત ન્યાયસંગત લાગતી કેમ કે એક દેશમાં ધર્મના આધારે નાગરિકો માટે અલગ અલગ કાયદા ભારતના બંધારણે આપેલા સમાનતાના અધિકારનો ભંગ કરનારા છે. હવે ભાજપ પોતે યુસીસી બનાવી રહ્યો છે ત્યારે સમુદાયના આધારે અલગ અલગ કાયદા બનાવી રહ્યો છે. પહેલાં ઉત્તરાખંડ ને હવે ગુજરાત....ધર્મના આધારે સમાન કાયદા બનાવાયા પણ સમુદાયના આધારે ભેદભાવ કરી દેવામાં આવ્યો છે તો ભાજપ કઈ રીતે કૉંગ્રેસથી અલગ થયો? ભાજપ આક્ષેપ કરતો કે, કૉંગ્રેસે મુસ્લિમ તુષ્ટિકરણ માટે મુસ્લિમ પર્સનલ લો બનાવ્યો અને મુસ્લિમ તુષ્ટિકરણ માટે જ યુસીસી નથી લાવતો. બીજી તરફ, ભાજપ રાજ્યોમાં યુસીસી બનાવી રહ્યો છે તેમાં આદિવાસીઓને બાકાત રાખી રહ્યો છે તો આ આદિવાસી તુષ્ટિકરણ ના થયું? આદિવાસીઓની પરંપરા અને નિયમોને સન્માન આપવાના બહાને કૉંગ્રેસે કર્યો એ જ ધંધો અત્યારે શાસક પક્ષ કરી રહ્યો છે. ભાજપ કહેતો કે, યુસીસી નહીં લાવીને કૉંગ્રેસ મુસ્લિમ મહિલાઓના અધિકારો છિનવી રહી છે તો પોતે આદિવાસીઓને યુસીસીના દાયરાથી બહાર રાખીને આદિવાસી મહિલાઓના અધિકારો નથી છિનવી રહ્યો? આદિવાસીઓમાં પણ બહુપત્નિત્વની પ્રથા છે અને આદિવાસી પુરુષો એક કરતાં વધારે પત્નીઓ રાખી શકે છે કેમ કે હિંદુ મેરેજ એક્ટ તેમને લાગુ નથી પડતો. આદિવાસીઓને હિંદુ સક્સેશન એક્ટ એટલે કે હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૫૬ પણ લાગુ પડતો નથી. મતલબ કે, સ્ત્રીઓને પૈતૃક સંપત્તિ કે વારસામાં અધિકારનો સીધો અધિકાર નથી... આદિવાસીઓની પરંપરાઓના આધારે આ નિર્ણય થાય છે માટે ગુજરાતમાં પણ એ અધિકાર નથી.

સુપ્રીમ કોર્ટે જુલાઈ, ૨૦૨૫માં આપેલા એક ચુકાદામાં આદિવાસી મહિલાઓને પણ પૈતૃક સંપત્તિમાં અધિકાર હોવાનું ઠરાવ્યું પણ હિંદુ સક્શન એક્ટમાં આ ચુકાદાના આધારે સુધારો કરાયો નથી. ગુજરાતમાં તો યુસીસીના દાયરાથી જ આદિવાસીઓ બહાર છે તેથી મહિલાઓને આ અધિકાર મળવાનો સવાલ જ નથી.

**માણસના માત્ર જઠરમાં હજાર જાતના બેક્ટેરિયા હોય છે.**

# શું ધર્મ એક વિરાટ ટેક્નોલોજી છે?

• કારણ કે મોટા ભાગના મનુષ્યોને પોતાને નાનપણથી ધર્મની જરૂરિયાત લાગે એવો મોકો આપવામાં આવ્યો જ નથી. તાવ આવતા પહેલા દવાઓનો ઓવરડોઝ કરવામાં આવ્યો છે

ધર્મ એક બહુપરિમાણીય વિભાવના છે, જે દાર્શનિક પૂછપરછ અને વ્યવહારિક આવશ્યકતાના તાણાવાણા દ્વારા જોડાયેલી છે. તેમ છતાં, તેના દાર્શનિક આધાર ઉપરાંત, ધર્મ માનવ સમાજમાં સાંસ્કૃતિક ઓળખ, નૈતિક સંહિતા અને સામાજિક સંસ્થાઓને આકાર આપવામાં વ્યવહારિક ભૂમિકા ભજવે છે.

જરૂર કરતાં વધુ આપવામાં આવે અને જરૂરિયાતની અનુભૂતિ ન થઈ હોય તો પણ તેની પાસે બહુવિધ સ્રોતોનો ખડકલો કરી દેવામાં આવે તો તેનું પતન નિશ્ચિત છે. જિજીવિશા સિવાય પણ ઉત્તુંગ ઈચ્છાઓ હોવી જોઈએ. જિંદગી જીવવાની ઈચ્છા છે, જિંદગી સારી રીતે જીવવાની ઈચ્છા છે, પણ એ જિંદગીને ભરચક બનાવીને મુક્તિ મેળવવાની પ્યાસ કેટલામાં? નંબર વન રહેવું અને સર્વોત્કૃષ્ટ બનવાની તરસ જાગૃત કરવી એ બંનેમાં ફરક છે. મોટા ભાગના લોકો નંબર વન મેળવવામાં જ આયખું પસાર કરી નાખે છે, પણ એ આગળ પહોંચવાની કશ્મકશમાં જ કોઈ શક્તિ સાથે તાદાત્મ્ય સાધવાની ઈચ્છા થાય એવું બને. એ ઈચ્છાની શોધ અને તેનો જવાબ એટલે ધર્મ. જે જરૂરિયાતમાંથી જન્મે છે. આકાશમાં ઊંચે જોઈને કંઈક રહસ્યમય તાકાત સાથે અનુસંધાન સ્થાપવું એ માનવીની જરૂરિયાત છે અને એના જવાબરૂપે થયેલી શોધ ધર્મ છે. જરૂરિયાત એ શોધની માતા છે એવું આપણે સાંભળ્યું છે.

-તો શું ધર્મ એ માનવજાતની શોધ છે? ધર્મ એક આવિષ્કાર છે?

ના, ધર્મ મનુષ્ય નામના સંપ્રદાયની ઉત્તમ ટેકનોલોજી છે. યસ, રિલિજિયન ઈઝ ટેક્નોલોજી. કઈ રીતે?

માણસના માત્ર જઠરમાં હજાર જાતના બેક્ટેરિયા હોય છે. દુનિયામાં જેટલા માણસો નથી એનાથી વધુ સૂક્ષ્મ જીવાણુંઓ આપણી હથેળીમાં છે. એક જીવતો માણસ અનેક જીવોની વસાહત છે. આવી અગણિત વસાહતો થઈને સમાજ બનાવે છે. આવા ઘણા સમાજો ઠેકઠેકાણે ઊભા થયા અને માનવજાતિનું ગઠન થયું. ઉત્ક્રાંતિ પામેલી આ જાતિ પૃથ્વી નામના ગ્રહમાં વસે છે જે છેલ્લા થોડા સમયથી ચંદ્ર કે મંગળ સુધી પહોંચવાની કોશિશ કરી રહી છે. વાત એ છે કે ટેકનોલોજીનો ઉપયોગ કરીને માણસ મોટી છલાંગ લગાવવા માંગતો હોય છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચવા માંગતો હોય છે. જ્યારે ધર્મ આ માણસોને માત્ર એકબીજા સાથે જોડતું નથી, પણ માણસ કુદરત અને બ્રહ્માંડનો એક ભાગ છે

તેનું પણ ભાન કરાવે છે. કઈ કર્યા વિના જગત સાથે જોડાણ કરી આપતી મહા વ્યવસ્થા એટલે કે ધર્મ બીજા અર્થમાં ટેકનોલોજી જ થઈ.

સીધી વાત છે. આપણને ધર્મની જરૂર છે, પરંતુ એક પણ ધર્મને માણસની જરૂર નથી. જે ધર્મને માણસોની જરૂર પડે એને ધર્મ ન કહેવાય. આદિમાનવ દિનરાત ખાવાનું શોધતો અને હવેનો માણસ પૈસો-પાવર ગોતે છે. આ શોધવાની દડમજલ કર્યા પછી જો માણસને બધું મળી જાય તો એના પછી શું? અને જો નથી મળતું તો શું? આવા પ્રાથમિક સવાલના સંતોષકારક જવાબમાં ધર્મ એન્ટ્રી મારે છે. ધર્મ ન હોત તો આ સવાલો નિરુત્તર રહી જતા માણસ ગાંડો થઈ ગયો હોત. અલૌકિક શક્તિને પોતાની જિંદગીમાં પ્રાણપ્રતિષ્ઠા કર્યા સિવાય માણસ પાસે કોઈ છૂટકો જ ન હતો. ધર્મ છે તો દુનિયામાં આટલી શાંતિ છે. ધર્મ છે તો ડરના માર્યા પણ માણસ બીજાનું અહિત કરતા પહેલા ૧૦ વખત વિચારે છે. ધર્મ છે તો માણસ આગળ-પાછળનું કે આગલા જન્મ અને પાછલા જન્મનું વિચારીને પોતાનો વર્તમાન ચોખ્ખો રાખે છે. આ ધર્મ જ ન હોય તો? હાહાકાર મચી જાય એ ચોક્કસ.

માનવતા કે નાસ્તિકતાનો સિદ્ધાંત પણ બધા ધર્મોના નિચોડસ્વરૂપે જ આવ્યો છે. જો આ બધી વાત આટલી સરળ અને સહજ હોય તો પ્રોબ્લેમ ક્યાં છે? બે ધર્મ વચ્ચે તો ઠીક, એક જ ધર્મના બે સંપ્રદાયો કે બે ફાંટાઓ વચ્ચે પણ સુમેળ કેમ નથી?

કારણ કે મોટા ભાગના મનુષ્યોને પોતાને નાનપણથી ધર્મની જરૂરિયાત લાગે એવો મોકો આપવામાં આવ્યો જ નથી. તાવ આવતા પહેલા દવાઓનો ઓવરડોઝ કરવામાં આવ્યો છે અને સાઈડ ઈફેક્ટ આવે એટલે બીજી દવા. આમાં માણસની તબિયત સુધરે કે ન સુધરે,

ફાર્મસીવાળાનો ગલ્લો ભરાય. દુનિયાને, જિંદગીને, સારા-ખરાબને ઈ.ને સમજવાની બાળકમાં ઈચ્છા જાગૃત થાય અને દુનિયાના તમામ ભણતર, વિજ્ઞાન, થિયરીમાંથી જ્યારે એને જવાબ ન મળે તે સમયે તેની સામે ધર્મને રાખવામાં આવે તો આપોઆપ ધર્મની મહત્તા તેને સમજાય. તે કોઈ વાડાના વિવાદમાં પડે નહીં અને સનાતન શાંતિનો મહિમા કરે. દેશ આઝાદ થયો હશે, માણસ આઝાદ થયો નથી. બાળકોને એની પસંદગીનો ધર્મ પસંદ કરવાનો અવકાશ આપવામાં આવતો નથી. ટેક્સ્ટબુકમાં ધર્મ વિશે અભ્યાસ કરાવવામાં આવતો નથી. ન્યાયપાલિકા આપણે ત્યાં સ્વતંત્ર છે પણ ધર્મનું પદ્ધતિસરનું જ્ઞાન આપતી કોઈ સ્વતંત્ર સંસ્થા નથી. ધાર્મિક સંસ્થાઓ પોલીસખાતા જેવી છે જેનો દોરીસંચાર વણલખ્યો યુનિફોર્મ પહેરેલા અમુક લોકોના હાથમાં છે. ધર્મ જિંદગી જીવવાનો રસ્તો નથી પણ ધર્મના સંસ્કાર જિંદગી ઉજાળવાનું કામ કરે છે. પોતાનો રસ્તો પસંદ કરવાની છૂટ મળે એવો મુક્ત સમાજ આપણો નથી. માતા- પિતાઓના દિલ હજુ સુધી એવા દરિયાદીલ બન્યા નથી. ટોળાશાહી બધે છે અને ચાલશે. આમાં કોઈ પહેલ કરે તો પણ કેવી રીતે કરે?

**તેના કારણે પણ પેટ્રોલ અને ડીઝલના મામલે સરકારની ખાતરી પર કોઈ ભરોસો કરતું નથી.**

# પેટ્રોલ-ડીઝલની બબાલ, મોદીએ વાસ્તવિકતા સ્વીકારીને સારું કર્યું

**આ દોડાદોડીનું કારણ એ છે કે, લોકોને અત્યાર સુધી સરકારે કરેલી વાતો પર જરાય ભરોસો નથી. લોકોને સરકાર પર ભરોસો નથી તેનું કારણ સત્તામાં બેઠેલા લોકોની સાવ તળિયે ગયેલી વિશ્વસનિયતા છે.**

અત્યાર લગી ઓલ ઈઝ વેલની આલબેલ વગાડ્યા કરતી કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે અંતે સ્વીકાર્યું કે, અમેરિકા-ઈઝરાયલના ઈરાન પરના આક્રમણને કારણે દુનિયાભરમાં ક્રૂડ ઓઈલની તંગી વર્તાઈ રહી છે અને ભારતમાં પણ સ્થિતિ વિકટ છે. મોદીએ એ પણ સ્વીકાર્યું કે, યુદ્ધના કારણે ભારતના વેપારને અસર થઈ છે કેમ કે વ્યાપારના માર્ગો પ્રભાવિત થઈ રહ્યા છે. નેચરલ ગેસ અને તેલ જેવી જરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો પ્રભાવિત થઈ રહ્યો છે અને ફર્ટિલાઈઝર પણ ભારતમાં પૂરતા પ્રમાણમાં નથી આવી રહ્યા. હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતનાં જહાજો અને ભારતીય ક્રૂ ફસાયેલા છે. મોદીએ એવો દાવો પણ કર્યો કે, ભારતે ક્રૂડ ઓઈલનો પુરવઠો સતત મળે એવી વ્યવસ્થા ગોઠવી છે. ભારતમાં એલપીજીનું ઉત્પાદન વધારવાનું કામ ચાલુ છે અને લોકો વધારે પ્રમાણમાં પીએનજી તરફ વળે એ માટેના પ્રયત્નો પણ ચાલુ છે.

મોદીએ રાજ્યસભામાં કરેલી વાતો તેમની સરકારના અગાઉના વલણથી વિરોધાભાસી છે કેમ કે, અત્યાર લગી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો લોકોને સતત સધિયારો આપ્યા કરતી હતી કે, આપણી પાસે પૂરતા પ્રમાણમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસ છે જ તેથી કોઈએ ચિંતા કરવાની જરૂર નથી. પેટ્રોલ-ડીઝલ અને ગેસની તંગીની વાતો અફવાઓ છે તેથી અફવાઓથી દોરવાઈને લોહીઉકાળા કરશો નહીં. મોદીએ હવે લોકોને રિયાલિટી ચેક આપી દીધું તેના કારણે ઘણાંને આંચકો લાગ્યો છે પણ મોદીનું વલણ યોગ્ય છે કેમ કે લોકોને વાસ્તવિકતાથી વાકેફ કરવી જરૂરી છે. મોદીનું નિવેદન એવા સમયે આવ્યું છે કે જ્યારે પેટ્રોલ પંપોની બહાર લાઈનો લાગી રહી છે, લોકો ગેસના બાટલા લેવા માટે પણ દોડધામ કરી રહ્યા છે. જેમની પાસે મહિનો ચાલે એટલો એલપીજી છે એ લોકો ઊંચા ભાવ આપીને પણ બબ્બે ત્રણ-ત્રણ બાટલા ખરીદીને સંગ્રહ કરી રહ્યા છે. પેટ્રોલ-ડીઝલમાં તો વધારે સંઘરાખોરી શક્ય નથી છતાં જે લોકો રોજનું પચાસ-સો રૂપિયાનું પેટ્રોલ ભરાવીને ગાડું ગબડાવતા હતા તે લોકો પણ ટાંકીઓ ફુલ કરાવી રહ્યા છે.

આ દોડાદોડીનું કારણ એ છે કે, લોકોને અત્યાર સુધી સરકારે કરેલી વાતો પર જરાય ભરોસો નથી. લોકોને સરકાર પર ભરોસો નથી તેનું કારણ સત્તામાં બેઠેલા લોકોની સાવ તળિયે ગયેલી વિશ્વસનિયતા છે. ભારતીયોની માનસિકતા રઘવાટ કરવાની છે અને બહુમતી લોકો એકલપેટા છે તેના કારણે પણ સમસ્યા છે જ પણ મુખ્ય કારણ તો સરકાર પર અવિશ્વાસ છે. અત્યારે મોટા ભાગના લોકો કોરોનાકાળ વખતે કેન્દ્ર સરકારે કરેલી વાતોને યાદ કરીને એવું જ કહે છે કે, સરકારનો જરાય ભરોસો કરવા જેવો નથી. કોરોનાકાળ વખતે આ સરકાર એવું કહ્યા જ કરતી હતી કે, કોઈએ ચિંતા કરવાની જરૂર નથી ને સરકારે બધી વ્યવસ્થા કરી છે પણ કોરોનાના કેસો ધડાધડ વધવા માંડ્યા પછી સરકારે હાથ અધ્ધર કરી નાંખેલા. હોસ્પિટલોમાં પથારીઓ ખૂટી પડેલી ને લોકો નીચે પડીને તરફડતાં હતાં છતાં સરકારો કશું કરી શકતી નહોતી. કોરોનાની બીજી લહેર વખતે તો ઓક્સિજનના મુદ્દે થયેલા કડવા અનુભવોને લોકો કદી નહીં ભૂલી શકે કેમ કે હજારો પરિવારોએ તેની કિંમત પોતાનાં સ્વજનોને ગુમાવીને ચૂકવી છે. એ વખતે પણ સરકાર એવું જ કહ્યા કરતી હતી કે, ઓક્સિજનની જરાય તંગી નથી અને જેમને જેટલો જોઈએ એટલો ઓક્સિજન મળી જશે. ખરેખર લોકોને ઓક્સિજનની જરુર પડી ત્યારે સરકાર કશું ના કરી શકી ને વાતો વાતો જ રહી ગઈ હતી. ઓક્સિજનના અભાવે લોકો ટપોટપ મરી રહ્યાં હતાં ને તેમનાં સ્વજનો લાચાર થઈને દરવાજે દરવાજે ઠોકરો ખાતાં હતાં. લોકોને એ વખતે ભાન થયેલું કે સત્તાધીશોની વાતો પર ભરોસો ના થાય ને એ લોજિક લોકો અત્યારે લગાવી રહ્યાં છે. આ વખતે પણ સરકારે લોકોને ઠાલાં આશ્વાસનો આપ્યાં તેના કારણે સરકાર પરનો ભરોસો ડગ્યો છે. યુદ્ધ શરૂ થયું ત્યારે સરકાર કહેતી હતી કે, ગેસની ચિંતા કરવાની જરૂર નથી પણ અત્યારે ગેસની તકલીફ છે જ. રાંધણગેસની તકલીફ હજુ ઊભી થઈ નથી પણ ઈન્ડસ્ટ્રિયલ અને કમર્શિયલ ગેસની તંગી ઉભી થઈ જ ગઈ છે. ગેસના અભાવે સંખ્યાબંધ ફેક્ટરીઓ બંધ થઈ ગઈ છે. મોરબીનો સિરામિક ઉદ્યોગ તેનું સાવ પાસેનું ઉદાહરણ છે. રેસ્ટોરાં અને હોટલોને પણ ગેસ નથી મળી રહ્યો. પાંચ-પાંચ હજાર રૂપિયા ખર્ચવા છતાં ગેસનો બાટલો નથી મળતો એવી રાડારાડ થઈ જ રહી છે. તેના કારણે પણ પેટ્રોલ અને ડીઝલના મામલે સરકારની ખાતરી પર કોઈ ભરોસો કરતું નથી. સૌને એમ જ છે કે, સરકાર પોતાની નિષ્ફળતા ઢાંકવા માટે ડાહી ડાહી વાતો કરે છે પણ આપણા વાહનમાં પેટ્રોલ કે ડીઝલ ખૂટશે ત્યારે સરકાર ભરી નથી આપવાની તેથી આપણે અત્યારથી સાબદા થઈ જઈએ એમાં જ આપણી ભલાઈ છે. ચેતતા નર સદા સુખી. ખેર, નથી આપણે લોકોની માનસિકતા બદલી શકવાના કે નથી સરકારની વિશ્વસનિયતા સુધારી શકવાના પણ મોદીની કબૂલાતના કારણે સરકારની વિશ્વસનિયતા સુધરે એવી આશા રાખીએ. મોદી સરકારે વાસ્તવવાદી બનવાની સાથે થોડાંક એવાં પગલાં લેવાની જરૂર છે કે જેના કારણે લાઈનો લાગતી બંધ થાય. આ લાઈનો લાગે છે તેનું કારણ એ છે કે, લોકોને ઘરેથી નોકરી-ધંધાના સ્થળે જવું પડે ત્યારે પેટ્રોલ-ડીઝલ નહીં હોય તો આપણે રઝળી પડીશું તેની ચિંતા છે. આ ચિંતા દૂર કરવા સરકારે ઠાલા સધિયારા આપવાના બદલે શક્ય હોય ત્યાં વર્ક ફ્રોમ હોમનો અમલ કરાવવો જોઈએ, સ્કૂલ-કોલેજોમાં મિનિ વેકેશન જાહેર કરી દેવું જોઈએ. કેટલાક લોકો લોકડાઉન કરી દેવાની વાતો કરે છે પણ એટલા આકરા થવાના બદલે આ પ્રકારનાં બે-ત્રણ નાનાં નાનાં પગલાંથી જ ફરક પડી જશે. લોકો ઘરે રહીને કામ કરશે કે છોકરાં સ્કૂલ-કોલેજ નહીં જાય તો પેટ્રોલ-ડીઝલ ઓછાં વપરાશે અને વાહનોની ટાંકી ભરેલી હશે તો લોકો નવું ખરીદવાની ચિંતા નહીં કરે. પેટ્રોલ-ડીઝલની તંગી ઊભી થાય તો પણ આપણે પહોંચી વળીશું એવો લોકોને ભરોસો બેસશે તેથી લાઈનો આપોઆપ બંધ થઈ જશે. અમેરિકા ઢીલું પડ્યું છે એ જોતાં બહુ જલદી યુદ્ધ બંધ થાય એવી પ્રબળ શક્યતા છે તેથી એકાદ અઠવાડિયાં માટે પણ આ પ્રકારનાં પગલાંથી બધી આશંકાઓ દૂર થઈ જશે. આ બહુ સામાન્ય પગલાં છે પણ આ પ્રકારની જાહેરાતોથી સરકાર સ્થિતિને બેકાબૂ બનતાં રોકી ના શકી ને પહેલાં લોકોને બેવકૂફ બનાવેલા એવી છાપ પડે તેથી સરકાર આ પગલાં લેતાં ખચકાતી હશે. સરકારે આ ખચકાટ દૂર કરીને લોકોના હિતમાં વિચારવું જોઈએ. દરેક મુદ્દાને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવવાના બદલે ક્યારેક પ્રેક્ટિકલી વર્તવામાં કશું ખોટું નથી.

# એકતા કપૂર પહલગામ હુમલા પર આધારિત પોલિટિકલ થ્રિલર બનાવશે

બોલિવૂડમાં હાલ એક પછી એક દેશભક્તિની ફિલ્મ બની રહી છે અને રિલીઝ થઈ રહી છે, ધ સર્જિકલ સ્ટ્રાઈક (૨૦૧૯), ગદર ૨ (૨૦૨૩), આર્ટિકલ ૩૭૦ (૨૦૨૪), ધુરંધર (૨૦૨૫) અને બોર્ડર ૨ (૨૦૨૬) પછી ધુરંધર ૨ સહિતની ફિલ્મો સફળ પણ રહી છે.

આ ફિલ્મોની સફળતાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે દર્શકોને વાસ્તવિક ઘટનાઓ અને આધુનિક જીઓપોલિટિક્સ પર આધારિત દેશભક્તિના વિષય આધારીત સિનેમા દર્શકોને ખુબ ગમે છે. હવે આ યાદીમાં વધુ એક પોલિટિકલ થ્રિલર જોડાવા જઈ રહી છે.

ઈન્ડસ્ટ્રીના એક સુત્રે આ અંગે જણાવ્યું, "એકતા કપૂર, તનુજ ગર્ગ અને અતુલ કસબેકર મળીને એક નવી ફિલ્મ બનાવી રહ્યાં છે, જેનું ટાઈટલ હજુ નક્કી કરવામાં આવ્યું નથી. તેઓ મોટા પાયા પર અને ભવ્ય ફિલ્મ રજૂ કરવાની તૈયાપી કરી રહ્યાં છે, જે ભાવનાત્મક અને ધારદાર વિષયોને સ્પર્શે છે."

આ અંગે પ્રાથમિક માહિતી મુજબ પહલગામ હુમલો આ ફિલ્મની કહાનીનો મહત્વપૂર્ણ ભાગ બનશે, જે તેને વધુ ભાવનાત્મક અને જીઓપોલિટિકલ ઊંડાણ આપશે. સુત્રે વધુમાં જણાવ્યું કે આ ફિલ્મનું દિગ્દર્શન એક બ્લોકબસ્ટર સાઉથ ડિરેક્ટર કરશે, જોકે તેનું નામ હાલ જાહેર કરવામાં આવ્યું નથી.

આ ફિલ્મ દ્વારા એકતા કપૂર સાથે તનુજ ગર્ગ અને અતુલ કસબેકરની પહેલી વખત કોલબરેશન કરી રહ્યા છે.








# આજના સૌથી કામિયાબ ધુરંધર 'ઘર' આદિત્ય ધર

ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક આદિત્ય ધરની 'ધુરંધર-ટુ' આજે (શુક્રવારે) રિલીઝ થઈ છે. આ પહેલાં થોડા મહિના અગાઉ ગત ડિસેમ્બરમાં એની 'ધુરંધર' ફિલ્મે બોક્સ ઓફિસ પર કમાણીના અનેક રેકોર્ડ સર્જ્યા છે અને 'ધુરંધર-ટુ' તો એ બધા રેકોર્ડ તોડીને આગળ વધશે એવી શક્યતા છે, ત્યારે આદિત્ય ધર વિશે એક એવી વાત જાણવા મળી છે કે યુવા વયે એ તો ક્રિકેટર બનવા માગતો હતો! ભારતની 'અંડર-૧૯' ટીમમાં તેને તક ન મળી એટલે નિરાશ થઈને ક્રિકેટર બનવાનું સ્વપ્ન છોડી દીધું. સારું થયું, નહીતર આપણા દર્શકોને 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક' અને 'ધુરંધર ' જોવાં ન મળત...

આદિત્ય 'અંડર-૧૯' ટીમમાં સ્થાન મેળવે એવી શક્યતા હતી.ત્યાં એને સગાવાદ અને રાજકારણ નો કડવો અનુભવ થયો અને તેને ટીમમાં સ્થાન ન મળ્યું. ઘરે નિરાશ થઈને બેઠેલા આદિત્યે ત્યારે 'ગર્દિશ' ફિલ્મ જોઈ. જેકી શ્રોફ-અમરીશ પુરી અભિનિત આ ફિલ્મ જોઈને આદિત્યે ત્યારે વિચાર કર્યો કે મારે ફિલ્મ દુનિયામાં આગળ વધવું જોઈએ. આવા વિચાર સાથે એ દિલ્હીથી મુંબઈ આવી ગયો, પણ, બોલિવૂડમાં એમ જલદીથી તક મળવી એટલી જ મુશ્કેલ હોય છે. જોકે હિન્દી ભાષા પર કાબૂ હોવાને કારણે આદિત્યને ફિલ્મોમાં ડાયલોગ (સંવાદ) લખવાની તક મળી, તેનું મહેનતાણું મળ્યું, પણ સંવાદલેખક તરીકે 'ક્રેડિટ' ન મળી.

એ વખતે જાણીતા દિગ્દર્શક પ્રિયદર્શન સાથે મુલાકાત થઈ અને તેમની સાથે સહાયક દિગ્દર્શક તરીકે તે કામ કરવા લાગ્યો.. પ્રિયદર્શન સાથે ત્રણ વર્ષ સુધી તેણે કામ કર્યું. આ દરમિયાન ફિલ્મ સર્જનની બારીકીઓ જાણવા મળી. પ્રિયદર્શનને તેનામાં 'સ્પાર્ક' દેખાયો હતો અને તે આદિત્ય ધરે ૨૦૧૯માં આવેલી તેના દિગ્દર્શન હેઠળની પહેલી ફિલ્મ 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક'માં સાબિત કરી બતાવ્યું.

આ પહેલી ફિલ્મે જ આદિત્ય ધરને બોલિવૂડમાં કાબેલ દિગ્દર્શક સાબિત કરી દીધો.... આ ફિલ્મ માટે તેને શ્રેષ્ઠ દિગ્દર્શકનો નેશનલ ફિલ્મ એવોર્ડ પણ મળ્યો હતો.

૧૨ માર્ચ ૧૯૮૩ના નવી દિલ્હીમાં રહેનારા કાશ્મીરી પંડિતના ત્યાં તેનો જન્મ થયો છે. માતા સુનીતા ધર એ દિલ્હી યુનિવર્સિટીમાં ડીન તરીકે રહ્યાં હતાં. આદિત્ય એ જ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયો છે. આદિત્ય ધરના મોટા ભાઈ લોકેશ યુટીવી મોશન પિક્સર્ચ અને ત્યાર પછી ફોક્સ સ્ટાર સ્ટુડિયોમાં કામ કરતા હતા. આદિત્ય ધરે ભાઈ લોકેશ સાથે મળીને પોતાની નિર્માણ સંસ્થા બી૬૨ સ્ટુડિયો શરૂ કરી છે.

આદિત્ય ધર ફિલ્મ દિગ્દર્શક, નિર્માતા, પટકથા લેખક અને ગીતકાર પણ છે. એની હજી માત્ર બે જ ફિલ્મ રિલીઝ થઈ છે અને ત્રીજી ફિલ્મ 'ધુરધંર-ટુ' આજે રિલીઝ થઈ રહી છે, પણ આ બે જ ફિલ્મથી આદિત્ય ધરે બોલિવૂડના દિગ્દર્શકોમાં ટોચનું સ્થાન મેળવી લીધું છે.

૨૦૨૧ની ચોથી જૂને આદિત્યે બોલિવૂડની લોકપ્રિય અભિનેત્રી યામી ગૌતમ સાથે લગ્ન કર્યા છે. ૨૦૧૯માં આવેલી ફિલ્મ 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક'ના શૂટિંગ દરમિયાન જ આદિત્ય ધર અને યામી ગૌતમનો પ્રેમ પાંગર્યો હતો અને ફિલ્મ રિલીઝ થયાં પછી બે વર્ષે તેમણે લગ્ન કરી લીધા હતા.


'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક' પછી વિકી કૌશલ સાથે જ 'ઈમમોર્ટલ અશ્રવત્થામા નામની ફિલ્મ ત્રણ ભાગમાં બનાવવાની યોજના ઘડાઈ હતી, પણ કોરોના કાળને કારણે એ ફિલ્મની યોજના પડતી મૂકવી પડી. આ દરમિયાન તેણે બી૬૨સ્ટુડિયોના બેનર હેઠળ 'આર્ટિકલ-૩૭૦' અને 'બારામુલા' નામની હોરર-થ્રીલર ફિલ્મનું નિર્માણ કર્યું. આ જ સમયગાળામાં પ્રતીક ગાંધી અને યામી ગૌતમને લઈને 'ધૂમધામ' નામની ફિલ્મ પણ બનાવી જે સીધી જ ઓટીટી પ્લેટફોર્મ 'નેટફ્લિકસ' પર રજૂ થઈ હતી.પ્રિયદર્શન સાથે સહાયક દિગ્દર્શક તરીકે તેણે 'આક્રોશ' અને 'તેજ' જેવી ફિલ્મો કરી હતી. આ બંને ફિલ્મના સંવાદો તેણે લખ્યા હતા.૨૦૦૬માં આવેલી 'કાબુલ એક્સપ્રેસ' ફિલ્મમાંના ગીતકાર તરીકે તેને સફળતા મળી હતી. ત્યાર પછી ૨૦૦૭માં મ્યુઝિક્ આલ્બમ 'પ્લે ઈટ લાઉડ'માં તેણે ગીતો લખ્યા. ૨૦૦૮માં આવેલી 'હાલ-એ-દિલ', ૨૦૦૯માં આવેલી 'ડેડી કૂલ' અને ૨૦૧૧માં આવેલી 'ફીર'ના ગીતો પણ તેણે લખ્યા હતા.'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક' માટે શ્રેષ્ઠ દિગ્દર્શકનો નેશનલ ફિલ્મ એવોર્ડ મેળવ્યા પછી સ્ક્રીન - ફિલ્મફેર - ઝી સિને એવોર્ડ, આઈફા એવોર્ડ સહિતના બધાં જ એવોર્ડ તેણે મેળવ્યા હતા.

'ધુરંધર' ફિલ્મે રૂ. ૧,૩૦૦ કરોડ કરતાં વધુ કમાણી કરી છે અને 'ધુરંધર-ટુ-ધ રિવેન્જ' ફિલ્મે એડવાન્સ બુકિંગમાં જ રેકોર્ડ નોંધાવ્યો છે. એ જોતાં આગામી બે-ત્રણ મહિના આદિત્ય ધર અને રણવીર સિંહ જ છવાયેલા રહેશે એમાં કોઈ જ શંકા નથી.

# શિવ ઠાકરેએ 'ધ ૫૦'શોની ટ્રોફી અને ૫૦ લાખ રૂપિયા જીત્યા

'ધ ૫૦' રિયાલિટી શોનો પ્રથમ વિજેતા શિવ ઠાકરે બન્યો છે. ફૈસલ શેખ, કૃષ્ણા શ્રોફ અને કાકાને હરાવીને તે આ શો જીતી ગયો છે. આ શોમાં સ્પર્ધકોની શારીરિક અને માનસિક શક્તિનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જ્યાં બધા એક જ છત નીચે ભેગા થઈને ગ્રાન્ડ પ્રાઈઝ જીતવા માટે અલગ અલગ પડકારોનો સામનો કરી રહ્યાં હતાં. ૨૬ અઠવાડિયાંની પ્લાનિંગ અને સ્ટ્રેટેજી બાદ ધ લાયને શિવ ઠાકરેને શોના પ્રથમ વિજેતા તરીકે જાહેર કર્યો હતો. રિયાલિટી ટીવી શો ધ ૫૦ હવે સમાપ્ત થયો છે. શિવ ઠાકરેએ ગોલ્ડન ટ્રોફી અને ટાઈટલ પોતાના નામે કર્યું. તેની સાથે તેણે ૫૦ લાખ રૂપિયાનું મોટું ઈનામ પણ જીત્યું, જે તેણે પોતાના એક ફેન માટે જીત્યું, જેણે આખી સફરમાં તેનો સાથ આપ્યો હતો. ૨૨ માર્ચ ૨૦૨૬ના રોજ, શો ચાર ફાઈનલિસ્ટ્સ સાથે પૂર્ણ થયો, જેઓ ટાઈટલ જીતવા માટે હરિફાઈમાં હતાં. શોમાં ભાગ લેનારા ૫૦ સ્પર્ધકોએ ૩૪.૪૪ લાખ રૂપિયા કમાયા હતાં. ૫૦ લાખ રૂપિયાનું ઈનામ શિવના ફેન સીતારામ પ્રહલાદ અઘાવને આપવામાં આવ્યું. ચેક સ્વીકારતાં, ફેને જણાવ્યું કે તે અને તેનો પરિવાર ખેતી કરે છે. તેમણે જણાવ્યું, "હું ખૂબ ખુશ હતો, પણ મને ડર પણ લાગતો હતો કે કદાચ આ ફ્રોડ હશે. મેં તેમને ફોલો કર્યા કારણ કે મેં તેમના પહેલા શોઝ જોયા હતા. હું મારા માતા-પિતાને કાર અને ઘર આપવાનો સપનું જોતો હતો, હવે હું તે પૂરું કરી શકીશ." શિવ એક લોકપ્રિય ટીવી પર્સનાલિટી છે, જે પહેલા બિગ બોસ મરાઠી સીઝન ૨ જીત્યો હતો. તે એમટીવી રોડીઝ રાઈઝિંગ, બિગ બોસ સીઝન ૧૬ અને ખતરોં કે ખિલાડી ૧૩માં પણ ભાગ લઈ ચૂક્યો છે. પરંતુ એન્ટરટેનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કરતા પહેલા, ૩૪ વર્ષીય શિવ પોતાના પિતાની સાથે પાનની દુકાનમાં કામ કરતો હતો અને પરિવારનું ગુજરાન ચલાવવા માટે દૂધના પેકેટ અને અખબાર પણ વેચતો હતો.








# હરિયાણા પોલીસે બાદશાહના 'તાતીરી'ની ૧૫૪ યૂટ્યુબ વિડિયો અને ૭૦૩ ઇન્સ્ટાગ્રામ રીલ્સ હટાવી

રેપર-સિંગર બાદશાહનું નવું ગીત 'તાતીરી'ની રિલીઝ બાદ વિવાદોમાં આવી ગયું હતું. આ ગીતની તેના કથિત અશ્લીલ શબ્દો અને અયોગ્ય વિઝ્યુઅલ્સ માટે ભારે ટીકા થઈ હતી, ખાસ કરીને મહિલાઓ અને સગીરો લગતા સંદર્ભોને લઈને તેની ટીકા થઈ હતી.

વિવાદ વધતા બાદ, બાદશાહએ માફી માંગી હતી અને જણાવ્યું હતું કે ગીતને તમામ પ્લેટફોર્મ પરથી હટાવી દેવામાં આવ્યું છે. હવે તાજી અપડેટ મુજબ, હરિયાણા પોલીસે આ મુદ્દે કડક પગલાં લીધાં છે અને સોશિયલ મીડિયા પરથી મોટા પ્રમાણમાં કન્ટેન્ટ દૂર કરાવ્યું છે.



હરિયાણા પોલિસના અધિકારીઓના જણાવ્યા અનુસાર, અત્યાર સુધી કુલ ૮૫૭ લિંક્સ દૂર કરવામાં આવી છે, જેમાં ૧૫૪ યૂટ્યુબ વિડિયો અને ૭૦૩ ઈન્સ્ટાગ્રામ રીલ્સનો સમાવેશ થાય છે. પોલીસે જણાવ્યું કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મને નોટિસ મોકલીને આ કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં ગીતનાં તમામ વર્ઝન, રી-અપલોડ્સ અને શોર્ટ ક્લિપ્સ દૂર કરવાની સૂચના આપવામાં આવી હતી.

હરિયાણા ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ અજય સિંઘલે જણાવ્યું હતું કે મહિલાઓ અને સગીરોના ગૌરવને ઠેસ પહોંચાડતું કોઈપણ કન્ટેન્ટ રાજ્યમાં ચલાવી લેવામાં નહી આવે. આવા કેસોમાં સંબંધિત સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ બ્લોક અથવા પ્રતિબંધિત કરવામાં આવી શકે છે અને વારંવાર ભંગ કરનારાઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. 'તાતીરી' એક હરિયાણવી હિપ-હોપ ગીત છે, જે ૧ માર્ચ ૨૦૨૬ના રોજ રિલીઝ થયું હતું. આ ગીત બાદશાહ અને સિંગર સિમરન જાગલાન દ્વારા ગાવામાં આવ્યું હતું. ગીતના શબ્દો બાદશાહએ લખ્યા છે, જ્યારે સંગીત હિતેન દ્વારા આપવામાં આવ્યું છે. આ ગીતનો મ્યુઝિક વિડિયો માહી સંધુ અને જોબન સંધુ દ્વારા ડિરેક્ટ કરવામાં આવ્યો છે.ગયા અઠવાડિયે, નેશનલ કમિશન ફોર વીમેને આ ગીતમાં અશ્લીલતા અને અયોગ્ય પ્રસ્તુતિને લઈને બાદશાહ અને તેના નિર્માતાઓને સમન્સ પાઠવ્યા હતા.

# અક્ષયની ભૂત બંગલાને UA ૧૬ સર્ટિ. પરિવાર માટે હોરર-કોમેડી સમર ટ્રીટ

અક્ષય કુમારની આવનારી ફિલ્મ 'ભૂત બંગલા'ને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) તરફથી UA ૧૬ સર્ટિફિકેટ મળી ગયું છે. આ સાથે ફિલ્મના થિયેટ્રિકલ રિલીઝનો માર્ગ ખુલ્લો થયો છે. આ ફિલ્મને વેકેશનમાં પરિવાર સાથે જોવાની યોગ્ય સમર એન્ટરટેનર તરીકે રજૂ કરવામાં આવી રહી છે.

આ સર્ટિફિકેશન સૂચવે છે કે ફિલ્મમાં થોડાં હળવા ડરાવનારા તત્વો અને થીમેટિક અન્ડરટોન્સ છે, પરંતુ તે મોટા ભાગે વ્યાપક પ્રેક્ષકો માટે યોગ્ય છે—ખાસ કરીને નાના બાળકો વાલીઓ સાથે આવીને આ ફિલ્મ માણી શકે છે. 'ભૂત બંગલા' કોમેડી, ફેન્ટસી અને હળવી હોરરનું મિશ્રણ છે, જે ડર અને હાસ્ય વચ્ચે સંતુલન જાળવે છે. ફિલ્મનો ટોન વધારે ક્વર્કી સ્ટોરીટેલિંગ અને સિચ્યુએશનલ કોમેડી તરફનો છે, એટલે તે પરિવાર માટે એક મનોરંજક વિકલ્પ બની શકે છે.

આ ફિલ્મ માટે અક્ષય કુમાર અને દિગ્દર્શક પ્રિયદર્શનની ૧૪ વર્ષ બાદ ફરી એકસાથે કામ કરી રહ્યાં છે. આ જોડી અગાઉ હિન્દી સિનેમાની ઘણી યાદગાર કોમેડી ફિલ્મો આપી ચૂકી છે અને તેમની સાથેની નવી ફિલ્મથી પણ દર્શકોને મોટી અપેક્ષા છે.

ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતો માને છે કે 'ભૂત બંગલા' મોટી સ્ક્રીન પર ક્લાસિક કોમેડી જૉનરને ફરી જીવંત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે—એક એવો ક્ષેત્ર જ્યાં છેલ્લા કેટલાક વર્ષોમાં ઓછી ફિલ્મો જોવા મળી છે.

આ ફિલ્મ વિશે વાત કરતા દિગ્દર્શક પ્રિયદર્શનએ પણ જણાવ્યું કે આ ફિલ્મ એકદમ અલગ છે અને માતા-પિતા કોઈ ચિંતા કે સંકોચ વિને બાળકોને સાથે લઈને ફિલ્મ જોઈ શકે છે. "હું મારી ફિલ્મોમાં ક્યારેય ડબલ મીનિંગ અથવા અશ્લીલતા હોય એવું કશું બતાવતો નથી. હું હંમેશા એ ખાતરી કરું છું કે માતા-પિતા અસમંજસમાં ન આવે." તેમણે કહ્યું.

એક તરફ હાલ ધુરંધર ૨ ધૂમ મચાવી રહી છે, ત્યારે આ ફિલ્મને અસર થશે એવું નિષ્ણાતોને લાગે છે, તો પ્રિયદર્શન આ અંગે પણ સ્પષ્ટતા કરે છે. તેમણે સમજાવ્યું, "મને લાગે છે કે અમારી ફિલ્મ એવી છે, જે દર્શકોના મોટા વર્ગને આવરી લે છે અને લોકોને અલગ-અલગ પ્રકારની ફિલ્મો જોવી ગમે છે. આ જ ભૂત બંગલાનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ છે. વધુમાં, આ સંપૂર્ણ મનોરંજન આપતી, મસ્તીભરી ફિલ્મ છે; આ બોર્ડર કે ધુરંધર જેટલી તીવ્ર કે ઉગ્ર નથી. લોકો દરેક પ્રકારની ફિલ્મોનો આનંદ લે છે. મારું માનવું છે કે જ્યાં સુધી ફિલ્મ દર્શકોનું ધ્યાન અને રસ જાળવી રાખે છે, ત્યાં સુધી દરેક ફિલ્મ ચાલે જ છે."

# ૫ દિવસમાં વર્લ્ડવાઈડ કલેક્શન ૮૦૦ કરોડને પાર

## આદિત્ય ધરની ફિલ્મ "ધુરંધર ૨" દેશ અને વિદેશમાં મોટી કમાણી કરી રહી છે

આદિત્ય ધરની ફિલ્મ "ધુરંધર ૨" એ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિદેશી બોક્સ ઓફિસ પર પણ ઈતિહાસ રચ્યો છે. આ સ્પાય એક્શન થ્રિલર ફિલ્મે માત્ર પાંચ દિવસમાં દેશમાં ૫૦૦ કરોડથી વધુની કમાણી કરી છે, જ્યારે વિશ્વભરમાં તે ૮૪૪ કરોડને વટાવી ગઈ છે. ઐતિહાસિક પહેલા સપ્તાહના અંતે પ્રથમ સોમવારે તેની કમાણીમાં ૪૪%નો ઘટાડો થયો હોવા છતાં, "ધુરંધર ૨"એ તેની મજબૂત ગતિ જાળવી રાખી છે. તે વિદેશમાં સૌથી વધુ કમાણી કરનારી બોલિવૂડ ફિલ્મ બની છે.

"ધુરંધર ૨" ભારતીય સિનેમા માટે સફળતાને ફરીથી વ્યાખ્યાયિત કરી રહી છે. તેણે પ્રીમિયર દિવસે ૪૩ કરોડની સૌથી વધુ કમાણીનો રેકોર્ડ બનાવ્યો હતો. તે તેના શરૂઆતના દિવસે ૧૦૦ કરોડ કે તેથી વધુ કમાણી કરનારી પ્રથમ

બોલિવૂડ ફિલ્મ પણ બની છે. વધુમાં, તેણે શનિવાર અને રવિવારે સતત બે દિવસ દેશમાં ?૧૧૦ કરોડ કે તેથી વધુ કમાણી કરીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. તેના પ્રીમિયર અને ચાર દિવસના લાંબા સપ્તાહના અંતે "ધુરંધર ૨"એ વિશ્વભરમાં ૭૫૧.૯૭ કરોડની કમાણી કરી, જોકે તેનું બજેટ ફક્ત ૨૫૦ કરોડ હતું.



"ધુરંધર ૨"નું વર્લ્ડવાઈડ કલેક્શન

આદિત્ય ધરની ફિલ્મે ઉત્તર અમેરિકામાં સૌથી વધુ કમાણી કરનારી બોલિવૂડ ફિલ્મનો રેકોર્ડ બનાવ્યો છે. ગલ્ફ દેશોમાં યુદ્ધની સ્થિતિને કારણે ફિલ્મ વિલંબિત થઈ હતી, પરંતુ તેમ છતાં, તેનો વિદેશી વ્યવસાય પાંચ દિવસમાં ૨૨૫.૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કલેક્શનને સમાવીને, "ધુરંધર ૨"એ પાંચ દિવસમાં વિશ્વવ્યાપી ૮૪૪.૭૬ કરોડની કમાણી કરી છે.

# વિમેન્સ ટીર૦ ક્રમાંકમાં મંધાનાએ બીજું સ્થાન જાળવી રાખ્યું

## ભારતીય ટીમની કેપ્ટન હરમનપ્રિત કૌર ૧૪મા ક્રમે આવી ગઈ, દિપ્તીની આગેકૂચ




ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ મંગળવારે જાહેર કરેલા તાજા આઈસીસી વિમેન્સ ટીર૦ ક્રિકેટના બેટિંગ રેન્કિંગમાં ભારતની વિસ્ફોટક બેટર સ્મૃતિ મંધાનાએ પોતાનું બીજું સ્થાન જાળવી રાખ્યું હતું જ્યારે કેપ્ટન હરમનપ્રિત કૌર ઉછાળો મારીને ૧૪મા સ્થાને પહોંચી ગઈ હતી.

ભારતીય ખેલાડીઓમાં મંધાના ઉપરાંત આક્રમક બેટર શેફાલી વર્મા ટોપ-૧૦માં સામેલ થયેલી અન્ય ભારતીય વિમેન્સ ક્રિકેટર છે જે હાલમાં છઠ્ઠા સ્થાને છે. જ્યારે જેમિમાહ રોડ્રિગ્સ સંયુક્ત રીતે ૧૧મા ક્રમે છે.

બોલર્સમાં સ્પિન ઓલરાઉન્ડર દિપ્તી શર્મા એક સ્થાન આગળ વધીને ત્રીજા નંબરે પહોંચી છે. ઝડપી બોલર રેણુકા સિંહ ઠાકુર છઠ્ઠા સ્થાને યથાવત છે, પરંતુ અરૂંધતી રેડ્ડી ટોપ-૧૦માંથી બહાર ફેંકાઈને ૧૧મા સ્થાને આવી ગઈ છે.

દિપ્તી શર્મા ઓલરાઉન્ડરની યાદીમાં પણ ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે.આ રેન્કિંગમાં વેસ્ટ ઈન્ડિઝમાં રમાયેલી તાજેતરની સિરીઝ તથા ન્યૂઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચેની મેચોના પ્રદર્શનને પણ ધ્યાનમાં લેવામાં આવ્યું છે.

દરમિયાન આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર ફેરફાર થયા છે. રવાન્ડાની ૧૫ વર્ષીય ફેની ઉતાગુશિમાનીન્ડે એતિહાસિક સિદ્ધિ સાથે ૬૬મા ક્રમે પ્રવેશી છે. તે ટીર૦માં પહેલી જ મેચમાં સદી ફટકારનારી પ્રથમ મહિલા અને કોઈ પણ ફોર્મેટમાં સદી ફટકારનારી સૌથી નાની વયની ખેલાડી બની હતી.

ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની સિરીઝમાં ઓસ્ટ્રેલિયાની ઓપનર જ્યોર્જિયા વોલ પ્રથમ વખત ટોપ-૧૦માં સામેલ થઈ છે. ન્યૂઝીલેન્ડની સોફી ડિવાઈન બે અડધી સદીના જોરે ૧૮મા ક્રમે પહોંચી છે. બોલિંગમાં સાઉથ આફ્રિકાની સ્પિનર નોનકુલુલેકો મ્લાબા ટોપ-૧૦માં (નવમાં સ્થાને) પ્રવેશી છે. ન્યૂઝીલેન્ડની જેસ કેર કારકિર્દીના સર્વશ્રેષ્ઠ ૧૫મા સ્થાને પહોંચી છે.

# ગુજરાત અંડર-૧૫ બોયઝ ટેબલ ટેનિસ ટીમ સેમિફાઇનલમાં

## ઈન્ટર સ્ટેટ અને કેડેટ નેશનલ ટેબલ ટેનિસમાં ગુજરાતનો શાનદાર દેખાવ




યુટીટી ૮૭મી ઈન્ટર સ્ટેટ અને કેડેટ નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપનો મંગળવારે અહીંના હરેશ સંગતાણી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં આવેલા એમ. પી. મિત્રા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ગુજરાતની અંડર-૧૫ બોયઝ ટીમે શાનદાર પ્રદર્શન કરીને સેમિફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો.

ક્વાર્ટર ફાઇનલમાં પોતાનું સંપૂર્ણ વર્ચસ્વ જમાવીને ગુજરાતની ટીમે પીએસપીબી-એ ટીમને ૩-૦થી હરાવી હતી અને અંતિમ ચાર ટીમમાં સ્થાન હાંસલ કરી લીધું હતું. વિવાન દવેએ બાજી સેટ કરતાં વીરેન પાટીલ સામે (૧૧-૪, ૧૧-૯, ૧૧-૫) સીધી ગેમમાં વિજય હાંસલ કર્યો હતો. દેવ ભટ્ટે મજબૂત પ્રદર્શન કરીને કે. સત્યનારાયણને (૧૧-૯, ૧૧-૭, ૨-૧૧, ૧૧-૬) હરાવ્યો હતો. વિવાન અને દેવ ભટ્ટની જોડીએ ત્યાર બાદ મેચ શાનદાર ઢબે પૂરી કરતાં પીએસપીબીની જોડીને ૩-૦ (૧૧-૯, ૧૪-૧૨, ૧૧-૭)થી હરાવીને ગુજરાતને સફળતા અપાવી હતી.અગાઉ ગુજરાતે પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં ગોવાને ૩-૦થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

આ વિજય સાથે, ગુજરાતે પોડિયમ ફિનિશિંગની ખાતરી કરી લીધી છે અને હવે તેનો સામનો તામિલનાડુ અને દ્વર્ઝઈ વચ્ચેની મેચના વિજેતાઓ સાથે થશે, જે હાલમાં ચાલી રહી છે. સેમિફાઇનલ દિવસના અંતમાં રમાશે.ટીમના પ્રદર્શન પર પ્રતિક્રિયા આપતા ગુજરાતની ટીમના કોચ ચિંતન ઓઝાએ કહ્યું હતું કે "ખેલાડીઓ દબાણ હેઠળ શાનદાર શિસ્ત, ટીમવર્ક અને સંયમ દર્શાવે છે. પ્રિ-ક્વાર્ટર ફાઇનલ અને ક્વાર્ટર ફાઇનલ બંને મેચ જીતવી એ તેમના ધ્યાન અને તૈયારીને પ્રતિબિંબિત કરે છે. અમે તેને એક સમયે એક મેચમાં લઈશું અને સેમિફાઇનલમાં આ ગતિ ચાલુ રાખવાનું લક્ષ્ય રાખીશું."

# શુભારંભ ૨૦૨૬ સાથે ગુજરાત ટાઇટન્સે નવી સિઝનનો પ્રારંભ કર્યો

## શહેરમાં યોજાયેલી ટીમની સત્તાવાર ઇવેન્ટ સાથે આઇપીએલની તૈયારીનો પ્રારંભ




ગુજરાત ટાઇટન્સે 'શુભારંભ ૨૦૨૬' ઈવેન્ટ સાથે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૨૬ સિઝનનો પ્રારંભ કર્યો હતો. શહેરમાં યોજાયેલી એક ખાસ ઈવેન્ટમાં કેપ્ટન શુભમન ગિલ સહિત ટાઇટન્સની સંપૂર્ણ ટીમ, ફ્રેન્ચાઇઝી માલિકો, ભાગીદારો અને ચાહકો એક મંચ પર એકત્રિત થયા હતા. આ પ્રસંગે ટીમના છેલ્લા પાંચ વર્ષની સફરને યાદ કરતાં સાથે સાથે આવનારી સિઝન માટે સ્પષ્ટ અને આગલી દિશામાં આગળ વધવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

'ગુજરાત-ફર્સ્ટ' વિચારધારાને રજૂ કરતા આ કાર્યક્રમમાં સ્મરણ, સન્માન અને સાંસ્કૃતિક ઉજવણીનો સમન્વય જોવા મળ્યો હતો. આ પ્રસંગે યાદ અપાવ્યું હતું કે ગુજરાત ટાઇટન્સ મેદાન પર અને મેદાન બહાર બંને રીતે લીગની સૌથી ડાયનામિક, સતત પર્ફોર્મન્સ આપતી અને ચાહકો દ્વારા પ્રેરિત ફ્રેન્ચાઇઝીઓમાંની એક તરીકે વિકસી છે. પ્રથમ સિઝનમાં જ ટાઇટલ જીતવાની મજબૂત પરંપરા સ્થાપિત કરવાથી લઈને સતત અસરકારક પર્ફોર્મન્સ અને આઈપીએલમાં સૌથી સક્રિય ફેન કમ્યુનિટીમાંની એક કમ્યુનિટી વિકસાવવા સુધી, ગુજરાત ટાઇટન્સ સંસ્કૃતિ, નેતૃત્વ અને લાંબા ગાળાના વિઝન પર સ્પષ્ટ ધ્યાન સાથે આગળ વધી રહી છે.

ફ્રેન્ચાઇઝીના માલિક અને ટોરેન્ટ ગ્રૂપના ડિરેક્ટર અને ગુજરાત ટાઇટન્સના ચેરમેન જિનલ મહેતા તેમજ ટોરેન્ટ ગ્રૂપના ડિરેક્ટર અને ગુજરાત ટાઇટન્સના ડિરેક્ટર શાન મહેતાની હાજરી સાથે ફ્રેન્ચાઇઝીના વિઝન અને મૂલ્યો પ્રત્યે લીડરશિપની સતત પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ પ્રસંગે ચીફ ઓપરેટિંગ ઓફિસર કર્નલ અરવિંદર સિંહ, હેડ કોચ આશિષ નેહરા અને ડિરેક્ટર ઓફ ક્રિકેટ વિક્રમ સોલંકી પણ હાજર રહ્યા હતા, જેને કારણે એકતાસભર નેતૃત્વ અને ટીમનો માહોલ વધુ સ્પષ્ટ બન્યો હતો.

મંદિરા બેદી દ્વારા સંચાલિત આ સાંધ્ય કાર્યક્રમમાં સંગીત, સંસ્કૃતિ અને ઉજવણીનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. ઊર્જાસભર ઓપનિંગ એક્ટ અને શુભમન ગિલના નેતૃત્વ હેઠળ ટીમના થિયેટ્રિકલ અનાવરણ દ્વારા સમગ્ર ટીમને મંચ પર રજૂ કરવામાં આવી હતી. ભૂમિ ત્રિવેદી અને કિંજલ દવેના પર્ફોર્મન્સીસે આ અનુભવોને વધુ સમૃદ્ધ બનાવ્યો હતો. ગુજરાત ટાઇટન્સ આઈપીએલ ૨૦૨૬ અભિયાનની શરૂઆત ૩૧મી માર્ચે મુલ્લાનપુર ખાતે પંજાબ કિંગ્સ સામેની મેચથી કરશે. ત્યારબાદ ટીમ ચોથી એપ્રિલે રાજસ્થાન રોયલ્સ સામેની પોતાની પ્રથમ હોમ મેચ રમવા માટે અમદાવાદ પરત ફરશે.

# IPL દરમિયાન પસંદગીકારોની નજર વર્લ્ડ કપની ટીમ પર રહેશે




આઈસીસી વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપના આયોજનને હજી લગભગ એક વર્ષની વાર છે પરંતુ ભારતના ૨૦ જેટલા સંભવિત ખેલાડીઓની યાદી અત્યારથી તૈયાર કરી લેવામાં આવી છે. ૨૮મી માર્ચથી શરૂ થઈ રહેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટીર૦ ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન ભારતીય ક્રિકેટ બોર્ડના પાંચેય રાષ્ટ્રીય પસંદગીકારો આ ખેલાડીઓ પર ચાંપતી નજર રાખશે. આમ અજિત અગરકરના વડપણ હેઠળની પસંદગી સમિતિ આ વખતે વન-ડે વર્લ્ડ કપ માટે આ ટીર૦ લીગનો સહારો લેશે.

અજિત અગરકરની આગેવાની હેઠળની આ સમિતિમાં શિવસુંદર દાસ, આર.પી. સિંહ, અજય રત્રા અને પ્રજ્ઞાન ઓઝાનો સમાવેશ થાય છે. ૨૦૨૭નો વર્લ્ડ કપ ઓક્ટોબર અને નવેમ્બરમાં સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા દ્વારા સંયુક્ત રીતે યોજવામાં આવશે.

પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત અગરકરે વર્લ્ડ કપ સુધી કાર્યકાળ લંબાવવા માટેની માંગ કરી હોવાની અટકળોને બીસીસીઆઈના વરિષ્ઠ અધિકારીએ ફગાવી દીધી છે. અધિકારીએ જણાવ્યું હતું કે, "પસંદગીકારોનો કોન્ટ્રાક્ટ આ વર્ષે સપ્ટેમ્બર સુધીનો છે. અજિતનો કોન્ટ્રાક્ટ પૂરો થયા બાદ બોર્ડના સચિવ અને અજિત પોતે નક્કી કરશે કે તેઓ આગળ જારી રાખવા માંગે છે કે નહીં. બંધારણ મુજબ વરિષ્ઠ પસંદગીકાર ચાર વર્ષ સુધી સેવા આપી શકે છે, તેથી તેમને અલગથી એક્સટેન્શન માંગવાની જરૂર નથી."

આઈપીએલ દરમિયાન પસંદગીકારો સ્ટેડિયમ અને ટીવી દ્વારા ખેલાડીઓના પ્રદર્શન અને ફિટનેસ પર નજર રાખશે. એમ મનાય છે કે ૨૦૨૮ના ટીર૦ વર્લ્ડ કપ અને ઓલિમ્પિક્સ અગાઉ આ ટીર૦ લીગ ખાસ કરીને એ ૨૦ ખેલાડીઓના પ્રદર્શનને ટ્રેક કરવા માટે હશે જેઓ વન-ડે વર્લ્ડ કપની રેસમાં અથવા તો સંભવિતોની યાદીમાં છે.

પસંદગીકારો વન-ડે વર્લ્ડ કપ માટે આઈપીએલના કોઈ નવા અથવા તો અચાનક ચમકેલા ખેલાડી તરફ જોશે નહીં. મુખ્ય વન-ડે નિષ્ણાતો અગાઉથી જ નક્કી છે. એમ જાણવા મળ્યું છે કે ઝડપી બોલર હર્ષિત રાણાને સાજા થવામાં સમય લાગશે, જ્યારે જસપ્રિત બુમરાહ, મોહમ્મદ સિરાઝ, પ્રસિદ્ધ ક્રિષ્ણા, અર્શદીપ સિંઘ અને ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા મુખ્ય બોલિંગ યુનિટનો ભાગ રહેશે.

દરમિયાન છથી દસમી જૂન દરમિયાન મુલ્લાનપુરમાં અફઘાનિસ્તાન સામે રમાનારી એક માત્ર ટેસ્ટ મેચ માટે પણ ભારત પોતાની મજબૂત ટીમ ઉતારશે. જોકે આ મેચ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) હેઠળ નથી છતાં બુમરાહ અને સિરાઝ જેવા મુખ્ય બોલરો આ ટીમનો ભાગ હશે.

બોર્ડના સૂત્રોએ ઉમેર્યું હતું કે, "ભારતની ટેસ્ટ ટીમમાં સ્થાન પ્રયોગો માટે નથી. તેના માટે 'ઈન્ડિયા-એ' ના પ્રવાસો છે. હાલમાં ટેસ્ટમાં બુમરાહ, સિરાઝ અને પ્રસિદ્ધ પસંદગીકારોની પ્રથમ પસંદગી છે."

### હવે RCB સૌથી મોંઘી ફ્રેન્ચાઇઝી; સૌથી ઓછી બ્રાન્ડવેલ્યુ ધરાવતી ઇઇ ને લોટરી

# IPL 2026 : RCB 16706 કરોડ, RR 15282 કરોડ

## એક જ દિવસમાં IPL ની બે ટીમોનો સોદો : હવે નવા માલિક

### રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તથા રાજસ્થાન રોયલ્સ બંને એક - એક વખત ચેમ્પિયન બની છે,હવે ક્રિકેટ બોર્ડ પાસેથી મંજૂરી લેવાની થશે, સપ્ટેમ્બર સુધીમાં પ્રક્રિયા પૂર્ણ થવાની સંભાવના







ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ના ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) અને રાજસ્થાન રોયલ્સ વેચાઈ ગઈ છે. મંગળવારે RR ના વેચાણ માટે યોજાયેલી હરાજી દરમિયાન, ભારતીય-અમેરિકન ઉદ્યોગપતિ કાલ સોમાનીએ ૧.૬૩ અબજ રૂપિયા આટલે કે રૂ.૧૫,૨૮૨ કરોડની સૌથી વધુ બોલી લગાવી.

ત્યારબાદ, મોડી રાત્રે, ચાર કંપનીઓ - આદિત્ય બિરલા ગ્રુપ (ABG), ટાઈમ્સ ઓફ ઈન્ડિયા (TOI), બોલ્ટ વેન્ચર્સ અને બ્લેકસ્ટોન્સ - એ RCB ને ૧.૭૮ બિલિયન આટલે કે રૂ.૧૬,૭૦૬ કરોડમાં હસ્તગત કરી. જોકે, IPL ૨૦૨૬ ૨૮ માર્ચથી શરૂ થશે. તેથી, RCB અને રાજસ્થાન રોયલ્સનું સંચાલન આ સિઝનમાં અગાઉના માલિકો પાસે રહેવાની અપેક્ષા છે. નવા સોદા માટે BCCI ની મંજૂરીની જરૂર પડશે, જે સપ્ટેમ્બર સુધીમાં થાય તેવી સંભાવના છે.

ગ્રુપે ફ્રેન્ચાઈઝીમાં ૧૦૦ ટકા હિસ્સો ખરીદવા માટે USL સાથે કરાર કર્યો છે. આ સોદામાં RCB પુરુષ અને મહિલા બંને ટીમોનો સમાવેશ થાય છે.જોકે, આ સોદાને હજુ સુધી BCCI અને IPL ગર્વનિંગ કાઉન્સિલ, તેમજ મહિલા પ્રીમિયર લીગ અને ભારતીય સ્પર્ધા પંચ તરફથી ઔપચારિક મંજૂરી મળી નથી.

ડિફેન્ડિંગ ચેમ્પિયન RCBને ખરીદવાની દોડમાં ટાઈમ્સ ઈન્ટરનેટ, ABG અને આર્સેલરમિત્તલના CEO આદિત્ય મિત્તલના નેતૃત્વ હેઠળના મિત્તલ પરિવારનો પણ સમાવેશ થાય છે.

કરાર હેઠળ, ABG ડિરેક્ટર આર્યમાન વિક્રમ બિરલાને RCBના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવશે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના સત્યન ગજવાની તેમના ડેપ્યુટી રહેશે. ૨૮ વર્ષીય આર્યમાનને ક્રિકેટ અને બિઝનેસ બંનેનો અનુભવ છે.

તે ભૂતપૂર્વ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટર છે અને મધ્યપ્રદેશ માટે રણજી ટ્રોફી રમ્યો હતો. તેણે ૧૬ ઈનિંગ્સમાં ૪૧૪ રન બનાવ્યા હતા, જેમાં એક સદીનો સમાવેશ થાય છે. ૨૦૧૮ની IPL હરાજીમાં રાજસ્થાન રોયલ્સ દ્વારા તેને ૩૦ લાખ રૂપિયામાં ખરીદવામાં આવ્યો હતો, પરંતુ તેને ઘણી તકો મળી ન હતી. આ પછી, તેણે ૨૦૧૯ માં ક્રિકેટ છોડી દીધું હતું.

RCB ને ૨૦૦૮ માં આશરે રૂ.૪૮૦ કરોડમાં ખરીદવામાં આવ્યું હતું. તાજેતરની વેચાણ કિંમત RCB માટે ૧૬ ગણો ફાયદો દર્શાવે છે, જ્યારે રાજસ્થાન રોયલ્સને આશરે રૂ.૨૬૦ કરોડમાં ખરીદવામાં આવ્યું હતું. અને રોયલ્સે ૨૪ ગણો ફાયદો મેળવ્યો છે.

RCB અને રાજસ્થાન રોયલ્સને ૧૦૦% ઈક્વિટી સાથે ખરીદવામાં આવ્યા છે. અગાઉ, RCB યુનાઈટેડ સ્પિરિટ્સ લિમિટેડ (USL) ની માલિકીની હતી, જ્યારે રાજસ્થાન રોયલ્સની માલિકી બ્રિટિશ ઉદ્યોગપતિ મનોજ બડાલેની હતી.

IPL પહેલા, ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે IPL ના પૂર્વ ચેરમેન લલિત મોદી પણ સોમાણી ના ગ્રુપમાં જોડાયેલા છે. હવે જ્યારે સોમાણીએ રાજસ્થાન રોયલ્સ હસ્તગત કરી લીધી છે, ત્યારે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે કે શું મોદી IPLમાં પાછા ફર્યા છે. જો કે, આ બાબતે હજુ સુધી કોઈ નક્કર માહિતી પ્રાપ્ત થઈ નથી.રાજસ્થાન રોયલ્સ હાલમાં IPLમાં સૌથી ઓછી બ્રાન્ડ વેલ્યુ ધરાવે છે. તેમ છતાં, તેમને નોંધપાત્ર રકમ મળી. જોકે, ૨૮ માર્ચથી IPL ૨૦૨૬ શરૂ થવાની સાથે, નવા માલિકો ૨૦૨૭ માં ટીમનો કબજો સંભાળશે.

# આઈપીએલ ૨૦૨૬ પાવર સ્ટેટ્સ : માસ્ટરમાઈન્ડ

આઈપીએલમાં કેપ્ટનશીપ એ માત્ર ટોસ જીતવા કે ફિલ્ડ ગોઠવવાનું નામ નથી, તે દબાણની ક્ષણોમાં સાચા નિર્ણયો લેવાની અગ્નિપરીક્ષા છે. કેપ્ટનનો એક સાચો નિર્ણય ઈતિહાસ રચી દે છે, તો એક સામાન્ય ભૂલ ટ્રોફીનું સપનું છીનવી લે છે.

મહેન્દ્ર સિંહ ધોની અને રોહિત શર્માએ સાબિત કર્યું છે કે કેપ્ટનશીપ એ જીતને 'આદત' બનાવવાની કળા છે. રેકોર્ડ સાક્ષી છે કે આઈપીએલના અલ્ટીમેટ લીડર અથવા માસ્ટરમાઈન્ડ કોણ છે.

સતત ટ્રોફી જીતનારા કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની અને રોહિત શર્મા છે. ધોનીએ ચેન્નઈ સાથે ૨૦૧૦, ૨૦૧૧માં ખિતાબ જીત્યો હતો, જ્યારે રોહિતે મુંબઈ સાથે ૨૦૧૯, ૨૦૨૦માં આવું કરી બતાવ્યું હતું.






નવસારી જિલ્લાના વાંસદા ખાતેના દંડક વન આશ્રમના ૧૧ માં વાર્ષિક ઉત્સવ નિમિત્તે તારીખ ૧૬ અને ૧૭મી એપ્રિલે ૧૧૦૦ કુંડીય વિશ્વ શાંતિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. બે દિવસીય વિહંગમ યોગ સત્સંગ સમારંભમાં સુરતના અનેક ગણમાન્ય તથા પ્રતિષ્ઠિત લોકોને વિશ્વ શાંતિના હેતુસર ગુજરાત વિહંગમ યોગ સંત સમાજ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.ભૂતપૂર્વ મેયર દક્ષેશભાઈ માવાણી, જીમખાનાના જોઈન્ટ સેક્રેટરી અશોકભાઈ મહેતા, વિશ્વના સૌથી મોટા લેબગ્રોન ડાયમંડ જ્વેલરીના શોરૂમ સોનાની જ્વેલર્સના માલિક મહેશભાઈ સોનાની ને દંડકવન આશ્રમના મહંત શ્રી રામવૃક્ષદાસજી તથા વિહંગમ યોગ સંસ્થાના સ્વયંસેવકો આમંત્રણ પાઠવતા હોવાનું આ તસવીરમાં નજરે પડે છે.

# ગેસ લાઈન માટે રાત્રી સમયે પણ ખોદકામ ચાલુ રાખી શકાશે

## સુરત મહાનગર પાલિકો તાકીતે આપેલી મંજૂરી

સુરત, તા.૨૫

જાહેર માર્ગો પર આપવામાં આવતી પરવાનગીમાં પ્રવર્તમાન વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાને લઇ આગામી ૪(ચાર) અઠવાડિયા માટે શેહરી ગેસ વિતરણની નળિકાના નેટવર્કના વિસ્તૃતીકરણના કામો કરતી ગુજરાત ગેસ કંપની ને ખાસ કિસ્સામાં આગામી ૪(ચાર) અઠવાડિયાના સમયગાળા માટે રાત્રિના સમયગાળામાં પણ ખોદાણ / એચ.ડી.ડી. પધ્ધતિથી લાઈન નાખવાની વિશેષ છૂટ આપવાની રહે છે. પરંતુ સદરહું કામગીરી દરમ્યાન ગુજરાત ગેસ કંપની ધ્વારા તમામ પ્રકારના સેફટી મેઝર્સ લેવાના રહેશે. સરકાર શ્રી માંથી થયેલ સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા નીચે મુજબના તાકીદના પગલાં લેવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાને સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન કંપની ધ્વારા વિવિધ ઝોનમાં તા.૦૧/૦૩/૨૦૨૬ થી આજદિન સુધીમાં કુલ-૨૪ જેટલી અરજીઓ મળેલ છે, જે તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. બધી નવી સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) પરવાનગીઓ માટે ૨૪ કલાકની અંદર મંજૂરી આપવાની ફરજિયાત જોગવાઈ કરવામાં આવી છે. સુરત મહાનગરપાલિકાના હદવિસ્તારમાં લાગુ પડતા રોડ રિસ્ટોરેશન તથા પરમિશન ચાર્જમાં રાહત આપવા અંગેનો આદેશ જારી કરવામાં આવેલ છે. સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) સંસ્થાઓને જરૂરી અંડરટેકિંગ સાથે જાહેર સંપત્તિનું પુનઃસ્થાપન પોતાના ખર્ચે કરવાની મંજૂરી આપવામાં આવે છે. સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) સંસ્થાઓ માટે યોગ્ય સલામતીના પગલાં સાથે ૨૪ કલાક માટે કામકાજના સમયમાં છૂટ આપવામાં આવી છે. સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) સંસ્થાઓ માટે તેમની કામગીરીને ધ્યાનમાં રાખીને કાર્યકારી સીઝનમાં છૂટ આપવામાં આવી છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) નેટવર્કના ઝડપી અમલીકરણ માટે વહીવટી સંકલન વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

# મજૂરોને એલપીજી ગેસ સુવિધા ઉલબ્ધ કરાવવા જિલ્લા કલેકટરને રજૂઆત

## રેશન કાર્ડના અભાવે માઇગ્રન્ટ મજૂરોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા તાત્કાલિક પગલાં લેવા : ચેમ્બરના પ્રમુખ નિખિલ મદ્રાસીની માંગ

સુરત, તા.૨૫

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સુરતના જિલ્લા કલેકટર ડો. સૌરભ પારધી (IAS)ને પત્ર પાઠવીને શહેરમાં કાર્યરત મજૂર વર્ગને ઘરગથ્થુ ઉપયોગ માટે એલપીજી ગેસ સિલિન્ડર ઉપલબ્ધ કરાવવામાં આવતી મુશ્કેલીઓને દૂર કરવા તાત્કાલિક પગલાં લેવા રજૂઆત કરવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, કલેકટરને કરાયેલી રજૂઆત મુજબ સુરત શહેરમાં કાર્યરત કુલ મજૂર વસ્તીમાં અંદાજે ૬૦થી ૮૦ ટકા મજૂરો અન્ય જિલ્લાઓ અને રાજ્યોમાંથી આવેલા માઈગ્રન્ટ મજૂરો છે. એમાંથી મોટા ભાગના પાસે સુરતના સ્થાનિક રેશન કાર્ડ ઉપલબ્ધ નથી, જેના કારણે તેઓને ઘરગથ્થુ એલપીજી ગેસ કનેકશન મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વર્તમાન પરિસ્થિતિમાં ગેસ સિલિન્ડરની અછત અને તેની ઉપલબ્ધતામાં ઉભી થતી અડચણોને કારણે મજૂર વર્ગમાં અસંતોષ ફેલાઈ શકે છે. આવી સ્થિતિમાં રિવર્સ માઈગ્રેશન એટલે કે મજૂરો પોતાના વતન તરફ પાછા જવાની સંભાવના વધી શકે છે, જે સુરતના ટેક્ષ્ટાઇલ, ડાયમંડ તથા અન્ય ઉદ્યોગો માટે ગંભીર પરિસ્થિતિ ઊભી કરી શકે છે. આ સમસ્યાના સમાધાન માટે ચેમ્બરે કલેકટરને વિનંતી કરી છે કે, મજૂરોને રેશન કાર્ડના બદલે આધાર કાર્ડના આધારે એલપીજી ગેસ સિલિન્ડર ફાળવવાની વ્યવસ્થા અમલમાં મુકવામાં આવે. આધાર કાર્ડ આજે સર્વત્ર સ્વીકાર્ય ઓળખ પુરાવો હોવાથી મજૂરોને સરળતાથી ગેસ સુવિધા ઉપલબ્ધ થઈ શકે છે. ચેમ્બરે જિલ્લા કલેકટરને આ મુદ્દે તાત્કાલિક અને યોગ્ય કાર્યવાહી કરીને મજૂર વર્ગને રાહત આપવાની માંગ કરી છે, જેથી કરીને મજૂર વર્ગને મૂળભૂત સુવિધા પ્રાપ્ત થઈ શકે.

# સુરતમાં નવાપુર પરિવારનો તૃતીય સ્નેહ મિલન સમારંભ યોજાયો

## સુરત તેમજ સુરત બહારના નવાપુર પરિવારના લોકો મોટી સંખ્યામાં હાજર રહયા

સુરત, તા. ૨૫

મહારાષ્ટ્ર રાજ્યની હદ નજીક આવેલા નવાપુર ખાતેના મુળ વતની નવાપુર ફેમીલીનો કોઝવે રોડ વિશાલા રેસ્ટોરન્ટ ખાતે સ્નેહ મિલન સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં સુરત ઉપરાંત સુરત બહારના નવાપુર ફેમીલીના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નવાપુર કમિટી મેમ્બર મનીષ શાહ, ગોટી શાહ, રાહુલ દેસાઇ, વિજેષ શાહ, રાજુ શાહ, કલ્પેશ જોશી અને તુષાર જોશીએ અમદાવાદ ઉપરાંત સુરત બહારથી આવેલા પ્રણવ શાહ સહિતના લોકોનો આભાર માન્યો હતો.નવાપુર ફેમીલી દ્વારા આયોજીત સ્નેહ મિલન સમારંભનું વિતેલા ત્રણ વર્ષથી આયોજન કરવામાં આવે છે. નવાપુર ફેમીલીના સભ્યો વચ્ચે પરિચય કેળવાય અને આત્મીયતા વધે તે હેતુથી આયોજીત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નવાપુર ફેમીલીના સભ્યો હાજર રહયા હતા. કોઝવે વિશાલા રેસ્ટોરન્ટ ખાતે આયોજીત કાર્યક્રમ હેઠળ સંગીત સંધ્યા અને સુરૂચિ ભોજનનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. નવાપુર ફેમીલી કમિટી મેમ્બરોએ જણાવ્યું હતું કે, કાર્યક્રમ દરમિયાન વિજયભાઈ, જીતુ મામા અને રામચંદ્ર દેસાઈ સાહેબના પ્રેરણાદાયી ભાષણની અમે પ્રશંસા કરીએ છીએ. કમિટી તેમનો હ્રદય પુર્વક આભાર માને છે. સુરત બહારથી આવેલા તમામ લોકોનો પણ ખાસ આભાર. સુરત અને તેની આસપાસ રહેતા બધા જ નવાપુર પરિવારોને ભવિષ્યના કાર્યક્રમોમાં સક્રીયપણે ભાગ લઈ હાજરી આપે તેવી પણ વિનંતી કરી છે.



# સુરત મનપાની વિવિધ કચેરીઓમાં 'વંદે માતરમ'નું મૂળ સ્વરૂપનું ગાન

## હેલ્થ સેન્ટરો, વોર્ડ ઓફિસો તથા ઝોન કચેરીઓમાં રાષ્ટ્રગીતનું સમૂહગાન કરાયું

સુરત, તા.૨૫

સને ૧૮૭૫ માં રાષ્ટ્રીય સ્વતંત્રતા ચળવળ દરમિયાન રાષ્ટ્ર ગીત "વંદે માતરમ" ના માધ્યમ દ્વારા રાષ્ટ્ર ચેતના અને માતૃભુમી માટેના ગર્વની એકસૂત્રતાના સંદેશ થકી સમગ્ર સ્વતંત્રતા ચળવળ એકતાંતણે બંધાઈ હતી અને એક નવી ઉંચાઈ હાંસલ કરેલ હતી.

ભારતનું રાષ્ટ્ર ગીત આપણા સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય ગૌરવની બાબત છે. રાષ્ટ્ર ગીત "વંદે માતરમ" જ ૧૫૦ વર્ષ (ફેઝ - ૨) ની તા.૨૩ થી ૩૧ માર્ચ, ૨૦૨૬ દરમ્યાન ઉજવણી અંતર્ગત માન.મ્યુનિ.કમિશનરશ્રી એમ.નાગરાજન, આઈ.એ.એસ અને મ્યુનિ.અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓની ઉપસ્થિતિમાં આઈ.સી.સી.સી. કચેરી, ન્યુ સીટીલાઈટ રોડ, સુરત તથા સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, તમામ ઝોન કચેરી, તમામ વિભાગો/ ખાતાઓ, વોર્ડ ઓફિસો, હેલ્થ સેન્ટરો, મસ્કતી હોસ્પિટલ, સ્મીમેર કોલેજ અને હોસ્પિટલના પરિસરમાં તા.૨૪ માર્ચ, ૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે "વંદે માતરમ" નું મૂળ સ્વરૂપે ગાન કરવાનું આયોજન કરવામાં આવેલ. સુરત શહેરનાં શ્રી તાપી ભવન, તાપીપુરા ખાતે તેમજ અન્ય ઝોન કચેરી, તમામ વિભાગો/ખાતાઓ, વોર્ડ ઓફિસો, હેલ્થ સેન્ટરો, મસ્કતી હોસ્પિટલ, સ્મીમેર કોલેજ અને હોસ્પિટલ ખાતે મ્યુનિ.અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓની ઉપસ્થિતિમાં "વંદે માતરમ" રાષ્ટ્રગીતનું મૂળ સ્વરૂપે સમૂહગાન કરવામાં આવેલ.

# સાયકોલોજિસ્ટ પ્રોફેશનલ ફેમિલી થેરાપી ટ્રેનિંગ પ્રોગ્રામનો આરંભ



સુરત, તા.૨૫

સાય લેન્સ સેન્ટર ની ડો. સુદીપ્તા રૉય દ્વારા તા. ૨૩ માર્ચ થી ૨૭ માર્ચ દરમિયાન ફેમિલી થેરાપી ટ્રેનિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્કશોપ ખાસ કરીને સાયકોલોજિસ્ટ, કાઉન્સેલર્સ, શિક્ષકો અને માનસિક આરોગ્ય ક્ષેત્ર સાથે જોડાયેલા વ્યાવસાયિકો માટે તૈયાર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનું નેતૃત્વ આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા ફેમિલી થેરાપી નિષ્ણાત અનેટ્ટે ક્રૂઝ સ્મોલીન્સ્કી (યુરોપ) દ્વારા કરવામાં આવ્યું હતું. તેમને ફેમિલી થેરાપી અને સિસ્ટમિક અભિગમમાં લાંબો અનુભવ છે અને તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ટ્રેનિંગ અને સુપરવિઝન માટે જાણીતા છે. તેમનું કામ ખાસ કરીને પરિવારની ઈન્ટરએકશન પેટર્ન, કોમ્યુનિકેશન અને સંબંધોની સમજણ વિકસાવવા પર કેન્દ્રિત છે.



ગત અડાજણ સ્થિત જીવન વિકાસ ટ્રસ્ટ માં જોગી આયુર્વેદના સીઈઓ શ્રી બ્રહ્મભટ્ટ, શ્રી મોઢ પટણી સમાજના રૂપેશ જરીવાલા ના સહયોગથી અને વિશેષ રૂપે અડાજણ પોલીસ સ્ટેશનના પીઆઇ શ્રી જોગરાણા સાહેબ ઉપસ્થિતિમાં ૭૫ નાના બાળકોને નવરાત્રીના પાવન અવસર પર લીમડાના રસ પીરસવામાં આવ્યો હતો.

# વાંસદાના બ્રેઈનડેડ કૃણાલ જાદવના અંગદાનથી ચારને મળશે નવજીવન

## સ્વ.કૃણાલના હદય, લીવર અને બે કિડનીનું દાન કરાયું

સુરત, તા.૨૫

ઓર્ગન ડોનર સિટી તરીકે ઓળખ ધરાવતા સુરત શહેરમાં વધુ એક સફળ અંગદાન થયું છે. સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં નવસારી જિલ્લાના વાંસદાના દુકાન ફળીયામાં રહેતા ૨૦ વર્ષીય બ્રેઈનડેડ કૃણાલભાઈના પરિવારજનોએ માનવતાવાદી અભિગમ સાથે સ્વજનના અંગદાનનો નિર્ણય લઈને હદય, લીવર અને બે કિડનીનું દાન કરતા ચાર જરૂરિયાતમંદોને નવજીવન મળશે.

પ્રાપ્ત વિગતો અનુસાર તા.૧૮મી માર્ચના રોજ કૃણાલનું બપોરે ૨:૦૦ સ્ના રોજ વાંસદાના ચિકટીયા ગામે વીજળીના થાંભલા સાથે બાઈક અથડાતા માંથાના ભાગે ગંભીર ઈજા થઇ હતી. તત્કાલ ૧૦૮ મારફતે નજીકની વાંસદા હોસ્પિટલ ત્યાંથી વલસાડની સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા. વધુ સારવાર માટે તા:૧૯મીના રોજ સુરત સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. જયાં તા.૨૩મીના રોજ ડૉ.ભરત ચાવડા, ડૉ.નિલેશ કાછડીયા, ડૉ.જય પટેલ (ન્યુરોલોજિસ્ટ), ન્યુરો સર્જન ડો.કેયુર પ્રજાપતિએ બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા.

ત્યારબાદ આર.એમ.ઓ. ડો.કેતન નાયક, ડો.નિલેશ કાછડીયા, ગુજરાત નર્સિંગ કાઉન્સીલ ઉપાધ્યક્ષ ઈકબાલ કડીવાલાએ તેમના માતા-પિતા તથા પરીવારના સભ્યોને અંગદાનનું મહત્વ સમજાવતાં તેઓએ ભારે હૈયે સહમતિ આપી હતી. તેમના પિતા મહેન્દ્રભાઈ તથા માતા વિધાબેનએ કહ્યું કે, અંગદાનથી કોઈનું જીવન બચાવી શકાતુ હોય તો અમારો કૃણાલ તેમના શરીરમાં જીવંત રહેશે. બ્રેઈનડેડ કૃણાલના હદયને યુ.એન.મહેતા હોસ્પિટલ અમદાવાદ તથા લિવર અને બન્ને કિડની આઈ.કે.ડી. હોસ્પિટલ અમદાવાદમાં લઈ જવામાં આવી હતી. નવી સિવિલના તબીબી અધિક્ષક ડો.ધારિત્રી પરમારના માર્ગદર્શન હેઠળ ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ, સુરક્ષા કર્મચારીઓ તથા સ્વયંસેવકોએ આ અંગદાન પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# સમર્પણ વરિષ્ઠ નાગરિક દ્વારા ગીત-સંગીતનો કાર્યક્રમ યોજાયો

## બિન અનુભવી લોકોએ પણ પસંદગીના ગીતો રજૂ કર્યા

સુરત, તા.૨૫

સુરત રાંદેર રોડ સ્થિત સમર્પણ નાગરિક વરિષ્ઠ પરિવારની સભામાં ફક્ત સભ્યો દ્વારા જ ગીત સંગીતનો કાર્યક્રમ ની ઉજવણી કરવામાં આવી જેમાં બિન તાલીમ પામેલ સભ્યોએ પણ કરાઓકે મ્યુઝિક સિસ્ટમ પર પોતાની પસંદગીના ગીત રજૂ કર્યા .

આ કાર્યક્રમ સભ્યોમાં છુપાયેલો ટેલેન્ટ ને બહાર લાવવા અને સ્ટેજ ફિયર દૂર કરવાના હેતુથી યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત મંત્રી વર્ષાબિન ચોખા વાળાએ માતાજીને સ્તુતિ કરી, સભ્ય ભરતભાઈ શાહ એ શંખ ધ્વનિ અને આખા કાર્યક્રમની ફોટોગ્રાફી વિડીયોગ્રાફી ની સેવા આપી ,ભક્તિ ગીત પરેશ ભાટિયા એ રજૂ કર્યું, સ્વાગત પ્રવચન પ્રમુખ નિરંજનભાઈ પારેખે કર્યું પંકજભાઈ માંજરાવાળા એ સભ્યો પાસે હવા પાણી અને ખોરાક નો બગાડ ન કરવાના ની પ્રતિજ્ઞા લેવડાવી. જે સભાસદો ની માર્ચ મહિનામાં વર્ષગાંઠ આવતી હતી તેઓને ભેટ આપી સન્માનવામાં આવ્યા કાર્યક્રમના અંતે નરેશભાઈ મહેતાએ આભાર વિધિ કરી કાર્યક્રમનું સમાપન જાહેર કર્યું

# આદિજાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે બેન્કેબલ વ્યાજ સહાય

## રૂા.૧૫ લાખ સુધીની લોન છ ટકાના વ્યાજે મળશે

સુરત, તા.૨૫

આદિજાતિના વિદ્યાર્થીઓ શિક્ષણક્ષેત્રે આગળ વધે તે માટે સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અમલમાં છે. ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા આદિજાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે ગુજરાત રાજ્યના વતની હોય તેવા અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓએ બેંક મારફતે મંજુર થયેલ લોન ઉપર રૂ.૨૫ લાખ સુધીની મર્યાદામાં લોન મેળવેલ હોય તેવા સંજોગોમાં લાભાર્થી તરફથી બેંકમાંથી લીધેલ લોન તેમજ લોનના હપ્તા નિયમિત ભર્યા અંગેના આધાર-પુરાવા રજુ કર્યેથી લીધેલ લોન પર જે વ્યાજ હોય તેમાં ૬ ટકા વ્યાજના દરે વ્યાજ સબસીડી મળે છે. વધુમાં વધુ રૂ.૧.૫૦ ત્રણ વર્ષ સુધી વ્યાજ સહાય મળવાપાત્ર થશે. વધુમાં કોર્પોરેશન હેઠળ અમલીકુત ઉચ્ચ અભ્યાસ માટે રૂ.૧૫ લાખની લોન યોજના અને ૬ ટકા વ્યાજના દરે વ્યાજ સબસીડી યોજના બંને પૈકી લાભાર્થી ફક્ત એક જ યોજનાનો લાભ મેળવી શકશે. વધુ વિગતો માટે કોર્પોરેશનની વેબસાઈટ http://adijatinigam.gujarat.gov.in અથવા ગાંધીનગર સ્થિત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની કચેરીના ફોન નં.૦૭૯-૨૩૨-૫૩૮૮૭ પરથી સંપર્ક કરી શકાશે.

# માંડવી, ઉમરપાડા પોલીસે જપ્ત કરેલા વાહનો છોડાવી જવા

સુરત, તા.૨૫

માંડવી તથા ઉમરપાડા પોલીસ સ્ટેશનમાં પશુ સંરક્ષણ હેઠળ નોંધાયેલા ગુનાના કામે કબ્જે કરાયેલા વાહન માલિકોને વારંવાર પોતાના વાહન છોડાવી જવા લેખિત, મૌખિક તેમજ ટપાલ દ્વારા નોટીસો આપીને જાણ કરવા છતાં આજદિન સુધી કોઈએ માલિકી પ્રસ્તાવ કર્યો નથી. જેથી જાહેર જનતામાંથી જે કોઇ શખ્સ હક્ક કે દાવો પ્રસિધ્ધ કરવા માંગતા હોય તેઓ માટે આવા વાહનોનું લીસ્ટ સુરત જિલ્લાની સત્તાવાર વેબસાઈટ https://spsurat.gujarat.gov.in ઉપર તેમજ માંડવી તથા ઉમરપાડા પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર પ્રસિદ્ધ કરાયું હોવાનું શ્રી અક્ષેશ એન્જીનીયરીગ, મદદનીશ પોલીસ અધિક્ષક, માંડવી વિભાગ(સુરત ગ્રામ્ય)ની યાદીમાં જણાવાયું છે. જપ્ત થયેલા વાહનો: રૂ.૧૯૫૦૦ની અપસેટ કિંમતની સી-સ્પાર્ક મોડલની ફોરવ્હીલર(GJ-05-CJ-૪૮૮૧) અને રૂ.૫૫,૫૦૦ની મહિન્દ્રા કંપનીની બોલેરો પિક-અપ(MH-39-AD-૦૯૮૪).

### ફેસબુક- ઈન્સ્ટા

પહેલા પાનાનું ચાલુ

સ્વાસ્થ્ય પર થતી વિપરીત અસરોની જાણકારી જાણી જોઈને છુપાવી હતી.આ કેસમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે અદાલતે મેટાને માત્ર એક ભૂલ માટે નહીં, પરંતુ ગ્રાહક સુરક્ષા કાયદાના હજારો વખત ઉલ્લંઘન કરવા બદલ જવાબદાર ગણી છે. નિષ્ણાંતો આ ચુકાદાને સોશિયલ મીડિયા કંપનીઓ માટે એક મોટો સંદેશ માની રહ્યા છે. આ નિર્ણયથી ભવિષ્યમાં ટેક કંપનીઓ પર બાળકોની સુરક્ષાને લઈને વધુ કડક નિયમો લાગુ થઈ શકે છે. જોકે, મેટા તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર વિસ્તૃત પ્રતિક્રિયા આવી નથી, પરંતુ એવી શક્યતા છે કે કંપની આ આકરા ચુકાદાને ઉપલી અદાલતમાં પડકારશે.

### બંગાળમાં ઓવૈસીનું

પહેલા પાનાનું ચાલુ

સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી. હુમાયુ કબીરે કહ્યું, "અમે રાજ્યભરમાં ૨૦ રેલીઓ કરીશું. પહેલી રેલી ૧ એપ્રિલે ઓવૈસી સાથે બહેરામપુરમાં યોજાશે.

### અછતની અફવા

પહેલા પાનાનું ચાલુ

હતો કે પેટ્રોલ પંપો પર પેટ્રોલ-ડીઝલનો જથ્થો ખૂટી ગયો છે અને પંપો 'ડ્રાય' થઈ ગયા છે.

આ ખોટા નિવેદનો ન્યૂઝ ચેનલો અને સોશિયલ મીડિયામાં વાયુવેગે ફેલાઈ જતાં સામાન્ય જનતામાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. તેમજ ગોપાલ ચુડાસમા દ્વારા ફેલાવવામાં આવેલી આ ખોટી માહિતીના કારણે લોકોમાં પેનિક સર્જાયું હતું.

લોકો એવું માની બેઠા હતા કે હવેથી ઈંધણ મળશે નહીં, જેના કારણે શહેરના મોટાભાગના પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. આ સ્થિતિને કારણે શહેરમાં અરાજકતાનું વાતાવરણ ઉભું થયું હતું. તેમજ સામાન્ય નાગરિકોને ખોટી રીતે હેરાનગતિ ભોગવવી પડી હતી.

### ઈચ્છા મૃત્યુ પ્રાપ્ત

પહેલા પાનાનું ચાલુ

કિડની અને કોર્નિયાનું દાન કર્યું છે. આનાથી ૬ લોકોને નવું જીવન મળવાની અપેક્ષા છે.

હરીશને એઈમ્સમાં પેસિવ યુથેનેશિયા (Passive Euthanasia) આપવામાં આવ્યું હતું. આનો અર્થ એ થયો કે ગંભીર રીતે બીમાર દર્દીને જીવતો રાખવા માટે આપવામાં આવતી બાહ્ય લાઈફ સપોર્ટ અથવા જે સારવાર કરવામાં આવી રહી હોય છે તેને હટાવવામાં આવે છે, જેથી દર્દી કુદરતી રીતે મૃત્યુ પામે.

### ઈરાન વિરુદ્ધનું યુદ્ધ

પહેલા પાનાનું ચાલુ

નથી. ટ્રમ્પ એ પણ કહ્યું કે ઈરાને તેઓને હાલમાં એક કિંમતી ભેટ આપી છે તેલ-ગેસ સાથે જોડાયેલી છે.

હોર્મુઝ સાથે જોડાયેલી છે અને આ કામ પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવા માટે મહત્વનું બની જશે. જો કે ટ્રમ્પની આ જાહેરાત છતા ગલ્ફમાં તેની સૈન્ય હાજરી વધારી રહ્યું છે અને ઈરાને પણ હજું આ અંગે કોઈ સતાવાર માહિતી જારી કરી નથી. ટ્રમ્પે જંગ જીતી લેવાનો દાવો કર્યો છે પણ હજું ઈરાને હજુ અનેક સ્થળો પર હુમલા ચાલુ રાખ્યા છે.

### મૈત્રી કરારનો અંત

પેજ-૨ પાનાનું ચાલુ

તેના અગાઉના ઘરના બાળકોને ભૂલી શકી ન હતી, મૈત્રી કરારના કાગળો તેને બાંધી શક્યા પણ તેની મમતાને નહીં. બાળકોની યાદમાં તે વારંવાર છૂપી રીતે તેના પૂર્વ પતિને ફોન કરતી હતી, બાળકોના અવાજ સાંભળતી હતી. આ વાતને લઈને નવા ઘરમાં દરરોજ કંકાસ થતો. પ્રેમ હવે કડવાશમાં બદલાઈ રહ્યો હતો.

જ્યારે આ કંકાસ અસહ્ય બન્યો ત્યારે મામલો અમરોલી PBSC સેન્ટર પહોંચ્યો હતો. સેન્ટર દ્વારા બંને પક્ષોની વ્યક્તિગત અને ગ્રુપ મીટિંગ કરવામાં આવી હતી. કાઉન્સેલિંગ દરમિયાન જણાયું કે, આ કાયદાકીય લડાઈ સાથે એક સ્ત્રીના મનની મૂંઝવણ છે. વ્યક્તિગત મીટિંગમાં તે મહિલા રડી પડી અને કબૂલાત કરી કે, હું મારા બાળકો વગર રહી શકું તેમ નથી, મને મારો પરિવાર પાછો જોઈએ છે. સેન્ટર દ્વારા જ્યારે મહિલાના પૂર્વ પતિનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે પણ બાળકોના ભવિષ્ય માટે પત્નીને સ્વીકારવાની તૈયારી દર્શાવી હતી.

અરજદાર શારદાબેન અને તેમના પુત્રને પણ સમજાવવામાં આવ્યા કે, કોઈને મરજી વિરુદ્ધ રાખવાથી ઘરમાં માત્ર કંકાસ જ વધશે. અંતે, માનવીય અભિગમ અપનાવી મૈત્રી કરાર રદ કરી અંતે મહિલાને રાજીખુશીથી પોતાના મૂળ પરિવાર અને બાળકો સાથે પુનઃ મિલન કરાયું હતું. અમરોલી PBSC દ્વારા કરાયેલ ટેલિફોનિક ફોલોઅપમાં જણાયું હતું કે, મહિલા હાલ તેના બાળકો અને પતિ સાથે સુખરૂપ જીવન વિતાવી રહી છે. આમ, એક તૂટતા પરિવારને બચાવી સેન્ટરે સામાજિક જવાબદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

### ચેમ્બર પ્રતિનિધિ

પેજ-૨ પાનાનું ચાલુ

માહિતી મેળવી હતી. ગૌ આધારિત પ્રોડકટ્સના ક્ષેત્રમાં વધતી માંગ અને તેના વ્યાપારિક અવસરો અંગે પ્રતિનિધિઓએ વિશેષ રસ દાખવ્યો હતો.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, ભારત સરકારના ગૌ સેવા આયોગના ચેરમેન ડો. વલ્લભ કથિરિયા સાથે પૂણે ખાતે એક્ષ્પો દરમ્યાન બેઠક કરી હતી, જેમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરત ખાતે આગામી ફેબ્રુઆરી-૨૦૨૭ દરમિયાન ભારત સરકારના ગૌ સેવા આયોગના સહયોગથી 'ગૌ ટેક અને એનિમલ હઝબન્ડરી એન્ડ ડેરી ટેકનોલોજી' એક્ષ્પોનું આયોજન કરવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ એક્ષ્પોમાં વિશેષ કરીને પશુ મેળો પણ યોજાશે, જેમાં ગાય, ઘોડા અને હાથીઓનું પ્રદર્શન કરવામાં આવશે. સાથે જ ઉત્તમ પશુપાલકોને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવશે.

'ગૌ ટેક અને એનિમલ હઝબન્ડરી એન્ડ ડેરી ટેકનોલોજી' એક્ષ્પો સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સ અને ભારત સરકારના ગૌ સેવા આયોગ વચ્ચે આગામી દિવસોમાં એમઓયુ પણ સાઈન કરવામાં આવશે. આગામી સમયમાં સુરત ખાતે આ પ્રકારના વિશાળ એક્ષ્પોના આયોજનથી ગૌ આધારિત ઉદ્યોગો, ડેરી અને પશુપાલન ક્ષેત્રને પ્રોત્સાહન મળશે તેમજ ઉદ્યોગકારો અને ખેડૂતો માટે નવા વ્યવસાયિક અવસરો ઊભા થશે તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી.

### વીટી ચોક્સી

પેજ-૨ પાનાનું ચાલુ

સહયોગથી તા. ૧૬ થી ૨૪ માર્ચ, ૨૦૨૬ દરમિયાન યોજાયો હતો. કોર્સ દરમિયાન વિદ્યાર્થીઓને કમ્પ્યુટરનાં મૂળભૂત તત્વો, પાયાનું જ્ઞાન, ઈન્ટરનેટનો ઉપયોગ તથા ડિજિટલ કાર્યક્ષમતાના વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કોર્સમાં કુલ ૫૩ જેટલા ભાગલેનારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો, જેમાં વિદ્યાર્થીઓ સાથે સામાન્ય નાગરિકો તથા એકેડેમિશિયનનો સમાવેશ થતો હતો. ભાગલેનારોએ કમ્પ્યુટરનું પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમ દ્વારા ભાગલેનારોએ આધુનિક યુગમાં જરૂરી ડિજિટલ કૌશલ્યો વિકસાવ્યા, જે તેમના શૈક્ષણિક તથા વ્યાવસાયિક વિકાસ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
બુધવાર, તા.૨૫ માર્ચ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

## જહાંગીરપુરા કેનાલ રોડ પર મોડી રાત્રે બિલ્ડિંગના ૧૪મા માળે આગ

### હાઈરાઈઝ બિલ્ડિંગના રહીશોએ જીવ બચાવવા કરેલી નાસભાગ

**સુરત, તા.૨૫**

સુરત શહેરના જહાંગીરપુરા કેનાલ રોડ પર આવેલી એક બહુમાળી ઈમારતમાં મોડી રાત્રે આગ લાગવાની ઘટના બનતા રહેવાસીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. સ્વર્ણ લગોમ એપાર્ટમેન્ટના 'B' બિલ્ડિંગના ૧૪મા માળે એક રૂમમાં અચાનક આગ ભભૂકી ઉઠતા નાસભાગ મચી ગઈ હતી. જોકે, ફાયર વિભાગની સતર્કતાને કારણે મોટી હોનારત ટળી હતી.

મળતી માહિતી પ્રમાણે, જહાંગીરપુરા કેનાલ રોડ પર સ્થિત સ્વર્ણ લગોમ એપાર્ટમેન્ટના ૧૪મા માળે આવેલા એક ફ્લેટના રૂમમાં અચાનક આગ લાગી હતી. ઊંચાઈ પર આગ લાગી હોવાથી ધુમાડાના ગોટા દૂર-દૂર સુધી દેખાયા હતા, જેના કારણે બિલ્ડિંગના અન્ય રહીશો જીવ બચાવવા નીચે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ સુરત ફાયર વિભાગ એક્શનમાં આવ્યું હતું.

ફાયર બ્રિગેડે જણાવ્યું હતું કે, ફાયર કંટ્રોલ રૂમ અને વ્યક્તિગત મોબાઈલ પર કોલ મળતા જ ટીમો રવાના કરવામાં આવી હતી. આગ ૧૪મા માળે હોવાથી પરિસ્થિતિની ગંભીરતા જોઈને અડાજણ અને જહાંગીરપુરા ફાયર સ્ટેશનથી તાત્કાલિક હાઈડ્રોલિક પ્લેટફોર્મ મંગાવવામાં આવ્યા હતા. આ સાથે જ મોરાભાગળ ફાયર સ્ટેશનથી પણ ફાયર એન્જિનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

ફાયર ઓફિસરના જણાવ્યા અનુસાર, જ્યારે ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે સ્થાનિક રહીશો પણ આગ બુઝાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ફાયર ફાઈટરોએ ગણતરીની મિનિટોમાં જ રૂમમાં લાગેલી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. પ્રાથમિક તપાસમાં વાયરો બળી ગયેલી હાલતમાં મળી આવતા, આગનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાઈ રહ્યું છે. આ દુર્ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ નોંધાઈ નથી.

## ગુજરાતનું જાહેર દેવું ૩.૮૦ લાખ કરોડ હોવાનો કેગ રિપોર્ટ જાહેર

### વિધાનસભા સત્રના અંતિમ દિવસે નાણામંત્રી કનુભાઈ દેસાઈ વર્ષ ૨૦૨૪-૨૫નો કેગનો રિપોર્ટ રજુ કર્યો

**ગાંધીનગર, તા.૨૫**

ગુજરાત વિધાનસભામાં સત્રના છેલ્લા દિવસે આજે કેગનો રિપોર્ટ રજૂ કરાયો છે. નાણા મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫નો રિપોર્ટ રજૂ કરાયો છે. આ રિપોર્ટમાં ગુજરાતનું જાહેર દેવું અને બજાર લોન અંગેના આંકડા જાહેર કરવામાં આવ્યા છે.

ગુજરાત વિધાનસભામાં સત્રના છેલ્લા દિવસે આજે કેગનો રિપોર્ટ રજૂ કરાયો છે. નાણા મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫નો રિપોર્ટ રજૂ કરાયો છે. આ રિપોર્ટમાં ગુજરાતનું જાહેર દેવું અને બજાર લોન અંગેના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. આ રિપોર્ટમાં ગુજરાતનું જાહેર દેવુ ૩.૮૦ લાખ કરોડ હોવાનું જાહેર થયું છે.

ગુજરાત વિધાનસભામાં આજે કેગનો રિપોર્ટ રજૂ કરાયો છે. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫નો કેગનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં ગુજરાતનું જાહેર દેવુ ૩.૮૦ લાખ કરોડ હોવાનું જાહેર થયું છે. ગત વર્ષ કરતાં રાજ્યના જાહેર દેવામાં ૨૨ હજાર કરોડનો વધારો થયો છે. આ ઉપરાંત રાજ્ય સરકારની બજાર લોન ૩.૧૧ લાખ કરોડ હોવાનું પણ આ રિપોર્ટમાં જાહેર થયું છે. જે ગત વર્ષ કરતાં ૧૬ હજાર કરોડ વધુ હોવાનું પણ રિપોર્ટમાં જાહેર કરવામાં આવ્યું છે.

## ખજોદમાં કચરા ડિસ્પોઝલ સાઈટ પરની આગ પર કાબુ મેળવી લેવાયો

ફાયર બ્રિગેડ દ્વારા કુલીંગની કામગીરી ચાલુ



**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર ગઈકાલે બપોરના સમયે લાગેલી આગ પર કાબુ મેળવવા માટે ફાયર બ્રિગેડની ટીમ કામે લાગી છે. આજે બીજા દિવસે સળગતા કચરાની આગ ઠારી તેના પર કુલીંગની કામગીરી ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે ત્યારે સતત બીજી વખત કચરા સાઈટ પર લાગેલી આગ અનેક શંકા કુશંકા ઉપજાવી રહી છે. ઉલ્લેખનીય છે કે, મહુવાના કાંકરીયા ગામે કચરાને ઠાલવવાનો કૌભાંડનો પર્દાફાશ ગુજરાત કોંગ્રેસ અગ્રણી દર્શનકુમાર નાયક દ્વારા કરાયો હતો. આ બાબતે ઉચ્ચ સ્તરીય તપાસની માંગ અને વિવિધ સ્તરે દર્શનકુમારની રજુઆતને પગલે તપાસ સમિતિ પણ બનાવાઈ હતી.

ખજોદ કચરા ડમ્પીંગ સાઈડ પર ગઈકાલે બપોર બાદ લાગેલી આગ અંશતઃ કાબુમાં આવી ગઈ છે ત્યારે આજે બીજા દિવસે વહેલી સવારથી આગ પર કાબુ મેળવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. કચરા કૌભાંડને ઉજાગર કરનાર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અગ્રણી દર્શન નાયક દ્વારા વિવિધ સ્તરે આ બાબતે રજુઆત કરવામાં આવી હતી. દરમિયાન તપાસ સમિતિની પણ રચના કરવામાં આવી હતી. જવાબદારો સામે શું કાર્યવાહી થઈ તે અંગે પણ પ્રશ્નો ઉઠી રહયા છે. દરમિયાન ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર બીજી વખત આગ લાગતા અનેક શંકા કુશંકા ઉદભવી રહી છે. લાખો લીટર પાણીનો વેડફાટ કચરા સાઈટ પર થઈ રહ્યો છે. કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલ માટે કોઈ વ્યવસ્થા છે કે નહીં તે પણ તંત્ર જ જાણતું હશે. ફાયર કંટ્રોલના જણાવ્યા અનુસાર ગઈકાલે બપોરે ૧ વાગ્યા બાદ લાગેલી આગને પગલે સચીન, ખજોદ, પાંડેસરા સહિત આસપાસના વિસ્તારમાં ધુમાડાને કારણે હવા પ્રદુષિત થઈ છે. લોકોના સ્વાસ્થય પર આકરા તાપમાં ગંભીર અસર પહોંચે તો તેની જવાબદારી કોની? ફાયરના જવાનો દ્વારા ગઈકાલથી સતત આગ પર કાબુ મેળવી ઠારવાના પ્રયાસો ચાલુ છે ત્યારે આજે બીજા દિવસે સવારથી આગ પર કુલીંગની કામગીરી કરવામાં આવી રહી હોવાનું ફાયર કંટ્રોલ પાસેથી જાણવા મળ્યું છે.

## સુરત શહેરમાં ત્રીજા દિવસે પેટ્રોલ પંપો પર સામાન્ય બનેલી સ્થિતિ

### ગભરાટના કારણે લોકોએ પંપો પર લાઈન લગાવી દેતા પેટ્રોલ-ડિઝલની અછત સર્જાઈ હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

સુરતમાં પેટ્રોલને લઈને ફેલાયેલી ખોટી અફવાઓ વચ્ચે પેટ્રોલ પંપ એસોસિએશન દ્વારા મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરવામાં આવી છે. સુરત પેટ્રોલ પંપ એસોસિએશનના પ્રમુખ બચુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે શહેરમાં કોઈપણ પ્રકારની ઈંધણ અછત નથી અને નાગરિકોએ ગભરાવાની બિલકુલ જરૂર નથી. દરમિયાન આજે ત્રીજા દિવસે શહેરના મોટાભાગના વિસ્તારોના પેટ્રોલ પંપો પર સ્થિતિ સામાન્ય બની ગઈ હોવાનું જાણવા મળે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે અમુક વિસ્તારોમાં પેટ્રોલના ટેન્કર મોડા પહોંચતા તાત્કાલિક રૂપે થોડો વિલંબ સર્જાયો હતો, જેના કારણે કેટલાક પંપ પર "નો પેટ્રોલ"ના બોર્ડ લગાવવાની ફરજ પડી હતી. પરંતુ આ માત્ર લોજિસ્ટિક્સ સંબંધિત સમસ્યા છે અને પુરવઠામાં કોઈ ખોટ નથી.

બચુભાઈ દેસાઈએ નાગરિકોને અપીલ કરી કે ખોટી અફવાઓથી દૂર રહે અને જરૂર જેટલું જ પેટ્રોલ ભરાવે. તેમણે જણાવ્યું કે અફવાઓના કારણે અચાનક ડિમાન્ડ વધતા અનાવશ્યક ગભરાટ ફેલાયો છે, જેનાથી સ્થિતિ વધુ બગડી રહી છે.

શહેરના અનેક પેટ્રોલ પંપ પર હવે સ્થિતિ સામાન્ય બની રહી છે અને ટેન્કરો દ્વારા નિયમિત સપ્લાય શરૂ થઈ ગયો છે. પ્રશાસન પણ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

## શહેરના કેટલા વિસ્તારોના પેટ્રોલ પંપ આજે પણ બંધ

### પંપો પર પેટ્રોલ-ડિઝલ નથી એવા બોર્ડ લાગ્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

શહેરના ભરીમાતા રોડ પર બે દિવસ પહેલા લાંબી કતારો પેટ્રોલ ભરાવવા માટે લાગી હતી તે ઈન્ડીયન ઓઈલના પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ ખુટી પડ્યું હોય આજે પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલનો આવશ્યક જથ્થો ન હોય પેટ્રોલ સપ્લાય આવવાથી પંપ શરૂ થશે તેવા બોર્ડ લાગ્યા હતા. વાસ્તવિક્તા એવી છે કે, ટ્રાન્સપોર્ટેશનમાં થોડો વિલંબ થવાની સાથે સાથે લોકો બિનજરૂરી પેટ્રોલની સંગ્રહખોરી કરવા લાગ્યા હોય કેટલાક પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલનો જથ્થો ઘટ્યો હતો. જેને કારણે પેટ્રોલ પંપ પેટ્રોલ ન હોવાને કારણે બંધ હોવા સાથે પેટ્રોલનો જથ્થો આવ્યેથી પંપ શરૂ થશે તેવા બોર્ડ લગાડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. સરકાર સતત નાગરીકોને અપીલ કરી રહી છે કે બિનજરૂરી ભયનું વાતાવરણ ઉભું ન કરવું. લોકો પેટ્રોલ મળતુ બંધ થઈ જશે અને ભાવ વધી જશે તેવા ભયને પગલે પેટ્રોલ પંપો ઉપર લાંબી કતારો લગાવી રહયા હોય ખોટી અફવાઓથી દૂર રહેવા તંત્ર દ્વારા સતત અપીલ કરવામાં આવી રહી છે.




**સુરતમાં પેટ્રોલની અછતની અફવાને પગલે સતત બે દિવસ પેટ્રોલ પંપો પર લોકોએ લાઈનો લગાવી દીધી હતી જો કે આજે ત્રીજા દિવસે મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય સ્થિતિ બની ગઈ છે. જો કે કેટલાક વિસ્તારના પેટ્રોલ પંપ આજે પણ બંધ રહ્યાં છે. સિંગણપોર કોઝવે વિસ્તારમાં આવેલા આર.કે પેટ્રોલ પંપની આ તસ્વીર છે.**

## માતા-પુત્રના આપઘાતના પ્રયાસ અંગે વેપારી આશિષ શાહની તપાસ

### સ્યુસાઈડ નોટ લખી આપઘાતનો પ્રયાસ કરનાર માતા-પુત્ર સારવાર હેઠળ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

ગઈ કાલે રિંગરોડની એનટીટી માર્કેટમાં વરાછાના યુવકે ઝેર પી આત્મહત્યાની કોશિશ કરવાના પ્રકરણમાં સલાબતપુરા પોલીસે તપાસ શરૂ કરી છે. યુવકે પગલું ભરવા પહેલા સ્યુસાઈડ નોટ પણ લખી હતી. જેમાં વરાછાના યુવકે એનટીટી માર્કેટના વેપારી આશિષ શાહ સામે આક્ષેપ કર્યા હતા કે તેની પાસેથી ૩ કરોડથી વધુની રકમ લેવાની હતી. જે રકમ વેપારી તરફથી આપવામાં આવી રહી ન હતી તેમજ વેપારીએ કેસ કરવાની ધમકી આપી હતી. જેથી તેણે આ પગલું ભર્યું છે, હાલ પોલીસ દ્વારા વેપારી અને આત્મહત્યાની કોશિશ કરનાર યુવક વચ્ચે થયેલા ધંધાકીય સંબંધોના ડોક્યુમેન્ટની તપાસ કરવામાં આવી રહી છે. અત્રે નોંધનીય છે કે સ્મીમેર હોસ્પિટલમાં દાખલ યુવકને જોવા આવેલી માતાએ પણ ઝેર પી લેતા તેઓને પણ દાખલ કરવામાં આવી હતી. હાલ માતા પુત્રની તબિયત સારી હોવાનું તબીબ જણાવી રહ્યા છે.

મૂળ પોરબંદરના વતની અને હાલ અશ્વિનીકુમાર રોડ પર આવેલી રાજ રેસીડેન્સીમાં રહેતા ૩૨ વર્ષીય અક્ષિત અનુપ રૂપારેલીયા સ્થાનિક વિસ્તારમાં આવેલા મોદી મહોલ્લામાં સાડીના જોબવર્કનુ ગોડાઉન ધરાવે છે. અક્ષિત રૂપારેલીયા માતા-પિતા સાથે રહી તેમનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે બપોરે અક્ષિત રૂપારેલીયાએ રીંગરોડની એન.ટી.ટી.માર્કેટમાં આવેલ સ્વરા ડીઝાઈનર નામની દુકાનની બહાર ઝેરી દેવા ગટગટાવી લીધી હતી. જેથી અક્ષિતને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન અક્ષિતની માતા રીટાબેન(ઉ.વ.૫૨) સ્મીમેર હોસ્પિ. દોડી આવ્યા હતા. જયા દીકરા અક્ષિતને સારવાર હેઠળ જોઈ પોતે પણ ઝેર પી લીધું હતું. બંને માતા-પુત્ર હાલ સારવાર હેઠળ છે.

પોલીસને સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતુ કે, સ્વરા ડીઝાઈનરના માલિક આશિષ શાહને ત્યાં અક્ષિતે મોટું કામ કર્યું હતું, જેના કામ પેટે કુલ ૩ કરોડથી વધુની રકમ અક્ષિતની લેવાની નીકળતી હતી. જોકે, અક્ષિતને ૭૧ લાખ જ ચૂકવાયા હતા અને બાકીના અઢી કરોડથી વધુની રકમની અક્ષિત દ્વારા ઉઘરાણી કરવામાં આવી રહી હતી. દરમિયાન ગઈકાલે કાપડ વેપારીએ અક્ષિતને પોલીસ મથકે બોલાવ્યો હતો. યુવાનને આશા હતી કે અહીં તેના નાણાંનો નિકાલ આવશે. જોકે વેપારી દ્વારા કેસ કરવાની ધમકી આપવામાં આવી હતી. જેને પગલે તેણે આ પગલું ભર્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. હાલ આ અંગે વધુ તપાસ પી.એસ.આઈ. પી.કે.ચૌધરી તપાસ કરી રહ્યા છે.

## વતન જવા નીકળેલો પરપ્રાંતિય કારીગર ગુમ

**કડોદરા, તા.૨૫**

કડોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ગામ અજ વાઈન થનાર બડેરા જિલ્લો મહીયર એમપી અને હાલ વરેલી ગીત ગોવિંદ સોસાયટી માં માલા કાકાની બિલ્ડીગના બીજા માળે રહેતા રાજેશ સ્વામી દિન ગુપ્તા ઉંમર વર્ષ ૪૮ ગત રોજ બપોરના સુમારે વતન માં જવાનું કઈ નીકળેલ હતા અને જેઓ આજ દિન સુધી ઘરે આવેલ ન હતા અને જેઓએ શરીરે સફેદ કલરનો આખી બાઈનો શર્ટ અને આસમાની કલરનો પેન્ટ પહેરેલ છે જેઓની પાસે કાલા કલરની બેગ છે જેઓની આશરે ઊંચાઈ પાંચ ફૂટની છે રંગે શ્યામ વર્ણ ના મજબૂત બાંધાના છે જે હિન્દી ભાષા જાણે છે જો કોઈને ભાલ મળે તો નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરવી

## ચેક રિટર્ન કેસમાં અરવિંદ ભાયાણીને એક-એક વર્ષની કેદ

### કોવિડ વખતે માસ્કના એડવાન્સ રૂપિયા લઈ આરોપીએ માલ પણ આપ્યો ન હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

કોવીડ માસ્કના સોદામાં થયેલ ચેક રિટર્નના બે અલગ અલગ કેસમાં સિદ્ધનાથ મહાદેવ ટેક્સટાઈલના અરવિંદ ભાયાણીને કોર્ટે ૧-૧ વર્ષની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

તાતીથૈયાગામ સ્વામીનારાયણ ઈન્ડસ્ટીએસ્ટેટમાં જય સિધ્ધનાથ મહાવેદ ટેક્સટાઈલ્સના નામે ધંધો કરતા અરવિંદ જીવરાજ ભાયાણીએ વર્ષ ૨૦૨૦માં કોરોના દરમિયાન મૂળ ચેન્નાઈની અને સુરતના ઉમરવાડા લંબે હનુમાન રોડ ઉપર શાખા ધરાવતી એ.એન્ડ.એ ટ્રેડીંગ વેન્ચુરર્સ પ્રા.લી.કંપની તથા વેલ્કનીટ ફેબ એલએલપી કંપનીના અંકુર ગોયલ પાસેથી કોરોના માસ્કની ખરીદી પેટે એડવાન્સમાં પૈસા લઈ લીધા હતા. જોકે, અંકુર ગોયલની કંપનીને કોવીડના માસ્કના જથ્થાની ડીલીવરી કરી ન હતી. જેથી અરવિંદ ભાયાણી પાસેથી એડવાન્સ પેટે આપેલી રકમની માગણી કરતા આરોપી અરવિંદે રૂ.૨૭.૯૨ લાખના બે ચેકો આપ્યા હતા. જે ચેકો રિટર્ન થતા અંકુર ગોયલે સિનિયર વકીલ નરેશ ગોહિલ મારફતે સુરત કોર્ટમાં આરોપી અરવિંદ વિરૂદ્ધ બે ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. કોર્ટે આરોપીને આ બન્ને કેસમાં કસુરવાર ઠેરવી ૧-૧ વર્ષની સજાનો હુકમ કર્યો હતો.

## પાંચ વર્ષથી પોલીસને ગેર માર્ગે દોરી રહેલી પરિણીતાના પતિની અંતે ધરપકડ

### કોર્ટ કેસમાં સમન્સ નહીં સ્વીકારવા આરોપીએ સરનામુ અને મોબાઈલ નંબર પણ બદલી નાખ્યો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

આ ચેક રીટર્નના કેસની સુનાવણી દરમિયાન આરોપી છેલ્લા પાંચ વર્ષથી પોતાના સરનામા તથા મોબાઈલ નંબર બદલી દેતા વોરંટની બજવણી થતી ન હતી. અમરોલી મુકામે રહેતી પત્ની અને બાળકો પણ આરોપી પતિનો મોબાઈલ નંબર કે સરનામુ આપવામાં સતત પોલીસને ગેરમાર્ગે દોરતા હતા. દરમિયાન ફરિયાદી ગોયલને મ?ાહિતી મળી હતી કે આરોપીએ એક્સીસ બેંક(અંકલેશ્વર શાખા)માંથી રૂ.૩.૫ કરોડની લોન તાજેતરમાં મેળવી છે અને તેમા ગેરંટર તરીકે ખુદ આરોપીની પત્ની છે. જેથી ફરિયાદીએ તેમના વકીલ નરેશ ગોહિલ મારફતે આરોપીની આ માહિતી દસ્તાવેજો સાથે કોર્ટમાં રજૂ કરી હતી. અને કોર્ટનું ધ્યાન દોર્યું હતુ કે આરોપી અને તેની પત્ની પોલીસને તથા કોર્ટને છેલ્લા પાંચ વર્ષથી ગુમરાહ કરી રહ્યા છે. ત્યારબાદ ઉતરાણ પોલીસે આરોપી અરવિંદ ભાયાણીની ધરપકડ કરી હતી. બાદમાં આરોપી અરવિંદ જામીન ઉપર મુક્ત થયો હતો અને ગઈકાલે આજ કેસમાં અરવિંદ ને કોર્ટે કસુરવાર ઠેરવી સજા કરી હતી તેવું વકીલ નરેશ ગોહિલે જણાવ્યું હતું.

## કામ-ધંધો નહીં કરતા યુવાનનો આપઘાત

**પ્રતાપ પ્રતિનિધિ, કડોદરા, તા.૨૫**

કડોદરા નજીક આવેલ હરીપુરા નવી કોલોની માં રહેતા અજય રમેશભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૪૨ તારીખ ૨૨મી માર્ચે પોતાની સાસરી સંદલપુર ખાતે પાંચ વાગ્યાના અરસામાં પોતાની પત્નીના ઘરે કામ ધંધો ન કરવા બાબતે બોલાચાલી થતા માઠુ લાગી આવતા હરીપુરા પોતાના ઘરે આવેલ રાત્રી ના ૧૦:૦૦ વાગે ઘર ની અંદરના ભાગે ઉપરના ભાગે લાકડાના ખુટા ઉપર ઓઢણીથી ગળે ફાસો ખાય આપઘાત કરી લીધો હતો ઘટના અંગે તેમની પત્નીને જાણ કરાતા હાલતો પોલીસે અ. મોત નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

## સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં પારો ઉપર ચઢતા આકરો તાપ

### સુરતમાં વહેલી સવારે ૨૫ ડિગ્રી ઉંચુ તાપમાન નોંધાયું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૫**

સુરત શહેરમાં ઉનાળાની શરૂઆત સાથે જ તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. તા. ૨૫ માર્ચ ૨૦૨૬ના રોજ શહેરમાં મહત્તમ તાપમાન ૩૬.૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫.૦ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૬૩ ટકા હોવાથી ગરમી સાથે ઉકળાટનો અનુભવ નાગરિકો કરી રહ્યા છે.

હવામાન વિભાગના આંકડા મુજબ વાયુમંડળનું દબાણ ૧૦૧૧.૯ હેક્ટોપાસ્કલ રહ્યું હતું. પવન ઉત્તર-પશ્ચિમ દિશામાંથી માત્ર ૨ કિમી પ્રતિ કલાકની ધીમી ગતિએ ફૂંકાતો હોવાથી ગરમીમાંથી ખાસ રાહત મળી નહોતી.

તાજેતરમાં સૂર્યકિરણોની તીવ્રતા પણ વધી ગઈ છે, જેના કારણે બપોરના સમયે રસ્તાઓ પર લોકોની અવરજવર ઘટતી જોવા મળી રહી છે. તાપમાનમાં આ વધારાને કારણે ખાસ કરીને વૃદ્ધો અને બાળકો માટે આરોગ્ય જોખમ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આવનારા દિવસોમાં તાપમાનમાં વધુ વધારો થવાની શક્યતા છે અને એપ્રિલ મહિનાની શરૂઆતથી કાળઝાળ ગરમીનો પ્રભાવ વધુ તેજ બનશે. નાગરિકોને બપોરના સમયે બહાર જવાનું ટાળવા, પૂરતું પાણી પીવાનું અને ગરમીથી બચવા જરૂરી તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે.

**પશ્ચિમ રેલ્વે**

**સ્પેર બ્રિજ માસ્ટની જોગવાઈ**

સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (સબ), પશ્ચિમ રેલ્વે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ ૪૦૦૦૦૮, ઈ-ટેન્ડર નંબરઃ WR-MMCTOESUB(ESOT)/23/2025 (RT), તારીખઃ ૧૮.૦૩.૨૦૨૬ માટે આમંત્રણ આપે છે. કામનું નામઃ ચર્ચગેટ - વિરાર વિભાગ - સ્પેર બ્રિજ માસ્ટની જોગવાઈ. કામની અંદાજિત કિંમતઃ ૬૦,૯૪,૦૮૬/-. બિડ સુરક્ષાઃ ૧,૨૧,૯૦૦/-. બંધ થવાની તારીખ અને સમયઃ ૧૬.૦૪.૨૦૨૬ સુધી, ૧૫ઃ૦૦ કલાક. ખુલવાની તારીખ અને સમયઃ ૧૬.૦૪.૨૦૨૬ ના રોજ ૧૫ઃ૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1249

અમને લાઈક કરો facebook.com/WesternRly